gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 16 એપ્રિલ 2023

ચૈત્ર વદ-11, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 06 | અંક : 49 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



પૂજા હેગડેએ ખુલ્લા વાળ સાથે ગ્રે બોડીકોન આઉટફિટમાં આપ્યા સુંદર પોઝ

પેજ 11

**સુવિચાર**

જીવનની દરેક સવાર કેટલીક શરતો લઈને આવે છે અને જીવનની દરેક સાંજ કેટલાક અનુભવ આપીને જાય છે.

**સિસોદિયા બાદ હવે CM કેજરીવાલનો વારો**

## દિલ્હી વિધાનસભામાં અદાણીના મામલે કર્યા હતા ગંભીર આક્ષેપો

# કેજરીવાલની ગમે ત્યારે ધરપકડની શક્યતા

■ નવી શરાબ નીતિ અંગે પૂછપરછ માટે સીબીઆઈ સમક્ષ આજે રજૂ થશે, દેશ આખાની નજર...

ગુજરાત | વંદન

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પોતાની સરકારના નાયબ મુખ્મમંત્રી મનીષ સિસોદિયાની સાથે જેલમાં જોવા મળે તો નવાઈ નહી. દિલ્હી સરકારની શરાબ નીતિના મામલે કેન્દ્રની પ્રાઈમ તપાસ એજેંસી સીબીઆઈ દ્વારા કેજરીવાલને પણ સમંસ મોકલીને પુછપરછ માટે 16મી એપ્રિલે હાજર થવા કહ્યું છે. દિલ્હીના રાજકીય ક્ષેત્રે એવી અટકળો ચાલી રહી છે કે 16મી અથવા તે પછી ગમે ત્યારે કેજરીવાલની ધરપકડ કરવામાં આવી શકે. આ અગાઉ મનીષ સીસોદિયા અને કેજરીવાલ સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈન જેલમાં બંધ છે. નોધનીંય છે કે કેજરીવાલ દ્વારા દિલ્હી વિધાનસભામાં ઓન રેકોર્ડ એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ઉધોગપતિ ગૌતમ અદાણીની પાસે જે પૈસા છે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના છે. તેમણે એક વાર નહીં પર વારવાંર આનો ઉલ્લેખ કર્યો હતો. જેના પગલે રાજકીય ક્ષેત્રે હલચલ મચી હતી. પોતાના વિશ્વાસુ સીસોદિયાની ધરપકડ અને જેલ વાસને લઈને કેજરીવાલ ભાજપ અને કેન્દ્ર સરકાર પર ભારે નારાજ ચાલી રહ્યા છે. આ ઉપરાંત વડાપ્રધાનની ડિગ્રીના મુદ્દે પણ કેજરીવાલે દેશ આખામાં ભારે ઉહાપોહ મચાવ્યો હતો. કેજરીવાલ 2013માં સોથી પહેલા ...અનુસંધાન પેજ નં. 6 પર



### કેજરીવાલ જેલમાં જાય તો સરકારનું શું?

દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલની સીબીઆઈ દ્વારા ધરપકડ થાય તો આમ આદમી પાર્ટીની સરકારની કમાન કોના હાથમાં આવશે તેની પણ ચર્ચા થઈ રહી છે. કેમકે ડે. સીએમ પણ જેલમાં છે.

### કેજરીવાલે 2400 રૂપિયાના પગારથી કરિયરની કરી હતી શરૂઆત






લગભગ સાડા પાંચ ફૂટની સામાન્ય ઊંચાઈના અરવિંદ કેજરીવાલ, જે સામાન્ય રીતે શર્ટ પહેરે છે જે તેના પેન્ટ અને પગમાં ચપ્પલ હોય છે, તે હવે દિલ્હીની સત્તા સંભાળી રહ્યા છે. વર્ષ 2006માં ભારતીય મહેસૂલ સેવાના જોઈન્ટ કમિશનરનું પદ છોડનાર અરવિંદ કેજરીવાલનું જીવન આજે પણ સામાન્ય માણસ જેવું જ છે, પરંતુ આ ટૂંકા અંતરાલમાં પરિવર્તન નામની સંસ્થા દ્વારા તેઓ મજબૂતાઈથી સફળ થયા છે. કેજરીવાલે સરકારી કામકાજમાં પારદર્શિતા લાવવાની ઝુંબેશ અને જનલોકપાલ દ્વારા સરકારી અધિકારીઓને કડક બનાવવાના તેમના અભિયાન દ્વારા સામાન્ય લોકોને પોતાના પ્રત્યે આકર્ષિત કર્યા હતા. માહિતીનો અધિકાર.અરવિંદ કેજરીવાલનો સામાન્ય જનતા તરફનો ઝુકાવ લાઈમ લાઈટમાં આવતા પહેલા જ શરૂ થઈ ગયો હતો. 1989માં IIT ખડગપુરમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવ્યા પછી, કેજરીવાલે થોડા સમય માટે ખાનગી ક્ષેત્રની કંપની ટાટા ગ્રૂપમાં કામ કર્યું, પરંતુ તેમને કંપનીની નોકરી પસંદ ન પડી અને 1992માં નોકરી છોડીને કોલકાતાના રામકૃષ્ણ મિશનમાં જોડાયા. અને નહેરુ યુવા કેન્દ્રમાં ગયા. . કેજરીવાલે પોતાના કરિયરની શરૂઆત જમશેદપુરની પ્રખ્યાત કંપની ટાટા સ્ટીલમાંથી 2400 રૂપિયાના બેઝિક પગારથી કરી હતી. ટાટા સ્ટીલમાં કામ કરતી વખતે અરવિંદની ઓળખ તેમના આઈડી નંબર 119958 દ્વારા થઈ હતી. આ તેમની કંપનીની ઓળખ બની.

### ઉપર નીચે ગરમીની વચ્ચે ખીલેલા પુષ્પોથી લદાયેલ વૃક્ષને સલામ....!



બદલાતી ઋતુમાં ગ્રીષ્મ ઋતુ એટલે વાસંતી વાયરા પછીનું વાતાવરણ. ગ્રીષ્મ ઋતુ એટલે વિવિધ પ્રકારના ફળફળાદિ આદિ સેવન કરવાની ઋતુ એક તરફ આકાશમાંથી અગન વર્ષા થઈ રહી હોય જાહેર રસ્તા પર ચાલતી વખતે ફરજીયાત માથુ ઢાંકવું પડે એવી ભીષણ ગરમી અને તેમા ડામરના રસ્તા પર ડામરમાંથી નિકળતી ગરમી આમ ઉપર નીચે ગરમીની વચ્ચે ખીલેલા પુષ્પોથી લદાયેલ વૃક્ષને સલામ....! ફુલોનો રંગ વાતાવરણને વધુ મોહક બનાવી રહ્યું છે. તેની મહેકનો અહેસાસ વૃક્ષ નીચેથી પસાર થનારને કદાચ થતો હોય કે ન થતો હોય તો પણ આવી ભીષણ ગરમીમાં આવા ખીલેલા પુષ્પોથી લબાલબ વૃક્ષની નીચે ઘડી બે-ઘડી ઉભા રહીએ તો પણ ઠંડક તો મળવાની છે. આ પ્રકારના વૃક્ષો જો ઠેર-ઠેર ઉગાડવામાં આવે તો શહેરને એક નવો લુક મળી શકે. તસ્વીર : મૌર્ય ભાગ્યવાન

## ન્યૂઝ બ્રિફ

### ટ્વીટની કેરેક્ટર લીમિટમાં વધારો, યુઝર્સ કરી શકશે 10,000 કેરેક્ટર્સમાં ટ્વીટ

એલોન મસ્ક સતત ટ્વિટરમાં અપડેટનો પ્રયાસ કરી રહ્યા છે. એલોન મસ્કે માર્ચમાં જ જાહેરાત કરી હતી



કે, તેઓ ટૂંક સમયમાં ટ્વિટર પર ટ્વિટની કેરેક્ટર લિમિટ વધારીને 10,000 કરશે. જેને લઈને ટ્વિટરની કન્ટેન્ટ પોલિસીમાં મોટો ફેરફાર કર્યો છે. નવા ફેરફાર બાદ હવે ટ્વિટર યુઝર્સ 280 નહીં પણ 10,000 અક્ષરોમાં ટ્વિટ કરી શકશે. આ સિવાય ટ્વિટર પર ટેક્સ્ટ ફોર્મેટિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જો કે, આ સેવા ફક્ત તે યુઝર્સ માટે જ ઉપલબ્ધ હશે જેમણે ટ્વિટર બ્લુને સબસ્ક્રાઈબ કરી ચૂક્યાં છે

### દેશમાં ફરી કોરોનાની ઝડપ વધી, 6 મહિનામાં પ્રથમવાર 20 લોકોના મોત

દેશમાં કોરોનાના પોઝિટિવ કેસની સંખ્યા ઝડપથી વધી રહી છે. કોરોનાના કેસોની સાથે મૃત્યુઆંક



પણ વધી રહ્યો છે. છેલ્લા છ મહિનામાં પ્રથમવાર એક દિવસમાં મૃત્યુઆંક 20 પર પહોંચી ગયો છે. દેશના ઘણા ભાગોમાં સંક્રમણ વધવાને કારણે છેલ્લા 24 કલાકમાં 10 હજારથી વધુ નવા કેસ પણ નોંધાયા છે. પ્રારંભિક તબક્કામાં મૃત્યુઆંક ઓછો હતો. જો કે અઠવાડિયામાં તેમાં વધારો થયો છે. દેશમાં સક્રિય કેસ પણ સતત વધી રહ્યા છે. એક રિપોર્ટ અનુસાર કેરળમાં આ મહામારીને કારણે સૌથી વધુ 9 લોકો મૃત્યુ પામ્યા છે. આ સાથે આ સિઝનમાં કુલ મૃત્યુઆંક 29 પર પહોંચી ગયો છે. દેશમાં છેલ્લે 15 ઓક્ટોબરે કોરોનાને કારણે મૃત્યુઆંક 20 કે તેથી વધુ નોંધાયો હતો. આ ઉપરાંત દિલ્હી અને રાજસ્થાનમાં ત્રણ-ત્રણ મોત થયા છે.

### 'આધાર'ને કારણે ભારતમાં KYC ખર્ચ રૂ.700માંથી ફક્ત રૂ.3 થયો: સીતારામન

દેશમાં આધાર આધારીત વિવિધ સેવાઓના કારણે એક તરફ ડીજીટલ ઈન્ડીયાના સ્વપ્નને





સાકાર કરવામાં સફળતા મેળવી છે તો બીજી તરફ ડીજીટલ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચરને કારણે લોકોની મુશ્કેલીઓનો પણ અંત આવ્યો છે. નાણામંત્રી નિર્મલા સીતારામને ઈન્ડીયા ડીજીટલ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર પર વોશિંગ્ટનમાં ઈન્ટરનેશનલ મોનેટરીંગ ફંડ દ્વારા યોજાયેલ એક પરિસંવાદને સંબોધન કરતા જણાવ્યું કે આધાર આધારીત કેવાયસીથી આ સમગ્ર કામગીરીનો ખર્ચ એક સમયે જે રૂ.700 આવતો હતો તે હવે રૂ.3 થઈ ગયો છે.

## મહારાષ્ટ્રના રાયગઢમાં ખીણમાં બસ ખાબકી, 13 લોકોના મોત

■ 29થી વધારે મુસાફરો થયા ઘાયલ, CMએ વળતરની જાહેરાત કરી

ગુજરાત | વંદન





મહારાષ્ટ્રના રાજગઢ જિલ્લામાં શનિવારે સવારે ખીણમાં બસ ખાબકી હતી. જેમાં 13 લોકોના મોત થયા હતા. જ્યારે 29થી વધારે લોકો ઘાયલ થયા હતા. દુર્ઘટનામાં પુણે-રાયગઢ સીમા ઉપર સવારે 4.30 વાગ્યે ઘટી હતી. જ્યારે બસ પુણેથી પિંપલ ગુરાવથી ગોંરેગાંવ જઈ રહી હતી. દુર્ઘટના સમયે બસમાં 42 યાત્રીઓ સવાર હતા.

રાયગઢના એસપી સોમનાથ ઘાર્ગેએ જણાવ્યું હતું કે રાયગઢથી ખોપોલી વિસ્તારમાં બસ ખીણમાં ખાબકવાથી સાત લોકોના મોત નીપજ્યા હતા. 29થી વધારે ઘાયલ થયા હતા. ઘટનાની જાણકારી મળતા જ પોલીસ અને બચાવ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. જે સ્થાન પર દુર્ઘટના ઘટી હતી. ઘટનાની માહિતી મળતા જ એમ્બ્યુલન્સ અને પોલીસ વાહન ઘટના સ્થળે પહોચી ગઈ હતી અને બતાવ અને રાહત કાર્યની શરૂઆત કરી હતી. ખીણમાં પડ્યા બાદ બસના ભુકકા બોલાયા હતા. મૃતકોમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. એમ્બ્યુલન્સ અને અન્ય યાત્રીઓની ગાડીથી તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

આ ઘટના પર શોક વ્યક્ત કરતા મુખ્યમંત્રી શિંદેએ મૃતકોના નજીકના સંબંધીઓને પાંચ-પાંચ લાખ રૂપિયા વળતર આપવાની જાહેરાત કરી છે.

## બિહારમાં લઠાકાંડનો વધુ એક સિલિસલો, 22ના મોત

■ મોતીહારીમાં ઝેરી દારૂ પીતા 25થી વધુ હોસ્પીટલમાં દાખલ

ગુજરાત | વંદન



બિહારના મોતિહારી જિલ્લાના લક્ષ્મીપુર ગામમાં કથિત રીતે નકલી દારૂ પીવાથી ઓછામાં ઓછા 22 લોકોના મોત થયા છે, અને અન્ય 25 લોકોએ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓની ફરિયાદ કરી હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.એપ્રિલ 2016 માં, મુખ્યમંત્રી નીતીશ કુમારની આગેવાની હેઠળની સરકારે રાજ્યમાં દારૂના વેચાણ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો હતો. તેમના આ પગલાએ નોંધપાત્ર સંખ્યામાં મહિલા મતદારોને જીતી લીધા હતા, કારણ કે દારૂના દુષણથી અનેક ઘર બરબાદ થાય છે. જોકે, હજી પણ રાજ્યમાં મહિલાઓ નશાના બંધાણી પતિઓને હાથે ઘરેલુ હિંસાનો ભોગ બનતી જોવા મળે છે. નોંધનીય છે કે રાજ્યમાં પ્રતિબંધ હોવા છતાં કાળાબજારમાં દારૂનું વેચાણ ચાલુ છે અને સ્થાનિક રીતે બનાવેલા નકલી દારૂના સેવનને કારણે લોકોના મૃત્યુનો સિલસિલો પણ જારી છે.

## જાપાનમાં વડાપ્રધાન પર હુમલાની વધુ એક ઘટના: ભાષણ દરમિયાન બોમ્બ ધડાકો

■ પીએમ કિશિદા સલામત, પાઈપ બોમ્બ ફેંકનાર શકમંદની ધરપકડ

ગુજરાત | વંદન

જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદા પર જીવલેણ હુમલાના અહેવાલો છે.



વાકાયામા શહેરમાં ભાષણ દરમિયાન એક વ્યક્તિએ તેમના પર પાઈપ બોમ્બ ફેંક્યો હતો. જો કે, બોમ્બ વિસ્ફોટ થાય ત્યાં સુધીમાં પીએમ કિશિદાને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. એવું કહેવાય છે કે જ્યાં ભાષણ થવાનું હતું ત્યાંથી કિશિદાને લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે જ જોરદાર ધડાકો સંભળાયો.

આ ઘટનાનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે, જેમાં પીએમ કિશિદાનું ભાષણ સાંભળવા આવેલા લોકો ઘટના બાદ અહીં-ત્યાં દોડતા જોઈ શકાય છે. આ દરમિયાન પોલીસકર્મીઓ પણ એક વ્યક્તિને જમીન પર પડીને કાબૂમાં લેતા... અનુસંધાન પેજ નં. 6 પર



### નવ મહિના પહેલા પૂર્વ પીએમની થઈ હતી હત્યા

ભૂતપૂર્વ વડા પ્રધાન શિન્ઝો આબેની હત્યાના નવ મહિના પછી ફ્યુમિયો કિશિદા પર હુમલો થયો છે. શિન્ઝો પર જુલાઈ 2022માં એક વ્યક્તિએ હોમમેઈડ બંદૂક વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં પૂર્વ પીએમનું મોત થયું હતું.

## મેહુલ ચોક્સીને ભારત પરત લાવવાની શક્યતા લગભગ ખતમ

■ એન્ટીગુઆ કોર્ટે મેહુલને દેશ બહાર લઈ જવા મુક્યો પ્રતિબંધ



ગુજરાત | વંદન

ભાગેડુ બિઝનેસમેન અને 13000 કરોડની છેતરપિંડીના આરોપી મેહુલ ચોકસીને લઈને મોટા સમાચાર આવી રહ્યા છે. એન્ટીગુઆની કોર્ટમાં તેની જીત થઈ છે. તેને એન્ટિગુઆની કોર્ટમાંથી મોટી રાહત મળી છે. કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે રૂપિયા 13,000 કરોડના છેતરપિંડીના મામલે ભારતમાં મોસ્ટ વોન્ટેડ હીરાના વેપારી મેહુલને પરવાનગી વગર એન્ટિગુઆ અને બરમુડામાંથી હટાવી શકાય નહીં. આવી સ્થિતિમાં જો કેન્દ્રીય એજન્સીઓ ચોકસીને ભારત લાવવા માંગે છે તો તેમણે કોર્ટની પરવાનગી લેવી પડશે. મેહુલ ચોક્સીએ કોર્ટમાં દાવો કર્યો હતો કે 23 મે 2021ના ...અનુસંધાન પેજ નં. 6 પર

## ખાલી કોન્ફરન્સ રૂમમાં બેસીને ક્લાઈમેટ ચેન્જ અંગે ચર્ચા કરવાથી કશુ થવાનું નથી : PM મોદી

ગુજરાત | વંદન

PM મોદીએ 'હાઉ બિહેવિયરલ ચેન્જ કેન ટેકલ ક્લાઈમેટ ચેન્જ વિષય પર પોતાનો



અભિપ્રાય રાખતા કહ્યું કે ખાલી કોન્ફરન્સ રૂમમાં બેસીને ક્લાઈમેટ ચેન્જ અંગે ચર્ચા કરવાથી કશુ થવાનું નથી. આ માટે દરેક ઘરના ડિનર ટેબલથી શરૂઆત કરવી પડશે.

PM મોદીએ વર્લ્ડ બેંકમાં લાઈફ દ્વારા આયોજિત 'હાઉ બિહેવિયરલ ચેન્જ કેન ટેકલ ક્લાઈમેટ ચેન્જ' વિષય પર વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા ચર્ચાને સંબોધતા કહ્યું કે જાગૃત લોકોની રોજિંદી ક્રિયાઓ પર્યાવરણ પર સકારાત્મક અસર કરશે. PM મોદીએ કહ્યું કે ક્લાઈમેટ ચેન્જ સામે લડવાની સૌથી શક્તિશાળી રીતોમાંની એક વર્તન પરિવર્તન છે જે દરેક ઘરથી શરૂ થવી જોઈએ. PM મોદીએ વધુમાં કહ્યું કે ક્લાઈમેટ ચેન્જ સામે માત્ર કોન્ફરન્સ રૂમના ટેબલ પરથી જ લડી શકાય નહીં પરંતુ દરેક ઘરમાં ડિનર ટેબલ પર જ લડવું પડશે. જ્યારે કોઈ વિચાર ચર્ચાના ટેબલ પરથી ડિનર ટેબલ પર થાય છે ત્યારે તે એક જન ચળવળ બની જાય છે.

## સત્યપાલ મલિકનો ધડાકો: મને પુલવામા અંગે બોલવાની ના પાડી હતી...!

■ CRPFના જવાનોના રૂટની કોઈ પૂર્વ ચકાસણી થઈ ન હતી: મલિકનો દાવો...

ગુજરાત | વંદન



જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકે એક ઈન્ટરવ્યું દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને કેન્દ્ર સરકાર પર અત્યંત ગંભીર આક્ષેપો કર્યા છે. એક ન્યુઝ પર્ટલને આપેલા ઈન્ટરવ્યુમાં સત્યપાલ મલિકે દાવો કર્યો છે કે ફેબ્રુઆરી 2019માં કશ્મીરના પુલવામા સૈનિકો પર થયેલો આતંકી હુમલો કેન્દ્રીય ગૃહ મંત્રાલયની એક મોટી ભૂલ હતી. તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદીને ભ્રષ્ટાચાર પ્રત્યે કોઈ ખાસ નફરત નથી.

સત્યપાલ મલિકે કહ્યું કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ભૂલોને કારણે ફેબ્રુઆરી 2019 માં પુલવામામાં સૈનિકો પર ઘાતક હુમલો થયો હતો જેમાં 40 જવાનો શહીદ થયા હતા. વડાપ્રધાન મોદીએ તેમને આ વિષે ન બોલવા સલાહ આપી હતી. આ હુમલા વખતે સત્યપાલ મલિક જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ હતા.જમ્મુ અને કાશ્મીરના પૂર્વ રાજ્યપાલે આરોપ લગાવ્યો કે પુલવામા હુમલો ગૃહ મંત્રાલયની બેદરકારીનું પરિણામ હતું. સીઆરપીએફએ જવાનો માટે તેમણે એરક્રાફ્ટની માંગણી કરી હતી, પરંતુ ગૃહ મંત્રાલયે ઈનકાર કર્યો હતો. તે પછી સીઆરપીએફએ જવાનોને જે રૂટ પરથી મોકલવામાં આવ્યા હતા તેની યોગ્ય તપાસ થઈ ન હતી.આટલું જ નહીં સત્યપાલ મલિકનો દાવો છે કે પીએમ મોદીને કાશ્મીર વિશે કંઈ ખબર નથી. તેમણે કહ્યું કે વડાપ્રધાન કાશ્મીરને લઈને ગફલતમાં છે અને તેમને કાશ્મીર વિશે કોઈ જાણકારી જ નથી.

તેમણે કહ્યું કે હું સ્પષ્ટપણે કહી શકું છું કે વડાપ્રધાન મોદીને ભ્રષ્ટાચાર પ્રત્યે કઈ ખાસ નફરત નથી. તેનો મોટો પુરાવો એ છે કે હું જયારે ગોવાનો રાજ્યપાલ હતો ત્યારે મેં ફરિયાદ કરી હતી કે ગોવામાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ત્રણ દિવસ પછી તેમણે પોતે જ મને ફોન કરીને કહ્યું કે સત્યપાલભાઈ, તમારી માહિતી ખોટી છે. મેં પૂછ્યું, તમને કોની પાસેથી ખબર પડી, તો તેણે કહ્યું કે ફલાણા માણસ પાસેથી ખબર પડી. મેં કહ્યું કે આ માણસ પોતે મુખ્યપ્રધાનના ઘરે બેસીને પૈસા લે છે. તેના એક અઠવાડિયા પછી મારી બદલી થઈ, તો હું કેવી રીતે માની શકું કે તેમને ભ્રષ્ટાચારથી નફરત છે.

## કેજરીવાલે બોલાવ્યું એક દિવસનું વિશેષ સત્ર

ગુજરાત | વંદન

દિલ્હી વિધાનસભાનું એક દિવસનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું છે. દિલ્હીની આમ આદમી પાર્ટી સરકારે આ વિશેષ સત્ર એવા સમયે બોલાવ્યું છે જ્યારે દિલ્હીના મુખ્યમંત્રી અને કેજરીવાલને એક દિવસ પહેલા જ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. વાસ્તવમાં, અધિકારીઓએ કહ્યું કે સીબીઆઈએ કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને 16 એપ્રિલે સમન્સ મોકલ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે એવા આક્ષેપો છે કે કેટલાક દારૂના ધંધાર્થીઓ અને દક્ષિણ લોબીની તરફેણમાં નીતિમાં ફેરફાર કરીને ...અનુસંધાન પેજ નં. 6 પર

**વાંકી નજરે...** સૌજન્યથી...



## ગટરનું દુર્ગંધ મારતું પાણી ઘરની અંદર....





પાટનગર ગાંધીનગરમાં કાયદો વ્યવસ્થા ટ્રાફિક સંચાલન બધુ સુચારૂ રૂપ ચાલે છે પરંતુ ગટર વ્યવસ્થાની ફરિયાદો થઈ રહી છે. સેક્ટર 5-સી પ્લોટ નં. 811, 840, 816 ખાતે પંદર દિવસથી વધારે સમયથી રહેણાંકની બાજુમાં મેઈન ગટર ચોકઅપ થવાથી આજુબાજુના મકાનોની અંદર તથા બહારની ચોકડી ઉભરાય છે અને દુર્ગંધ મારી રહી છે, હાલમાં કોરોનાના કેસો દિનપ્રતિદિન વધતા જાય છે અને ઉનાળાની ગરમીની પણ શરુઆત થઈ ગઈ છે તેવા સમયે નાગરિકોમાં વારંવાર ગટરો ઉભરાવાના લીધે ટાઈફોઈડ, મેલેરિયા, સ્વાનફ્લુ, ચીકનગુનિયા જેવા રોગનો ભોગ બને તે પહેલા સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી સેકટર-પની આ ચોકઅપ થઈ ગયેલી ગટર લાઈનોની સાફસફાઈ કરે તેવી માંગણી થઈ રહી છે.

## વિદ્યાર્થીઓ આનંદો! ઉનાળા વેકેશનની તારીખો થઇ જાહેર, 35 દિવસ મળશે રજા




ગુજરાત | વંદન

ગુજરાત રાજ્ય સરકારે શાળાના વિદ્યાર્થીઓના વેકેશન માટે તારીખો જાહેર કરી છે. રાજ્ય સરકારે સરકારી શાળામાં અગામી મે મહિનાની શરૂઆતથી 35 દિવસ સુધી ઉનાળું વેકેશનની જાહેરાત કરી છે. 1 મેથી 4 જૂન સુધી સરકારી શાળાઓમાં ઉનાળું વેકેશન રહેશે. 5 જૂનથી રાબેતા મુજબ નવુ સત્ર શરુ કરવામાં આવશે. ગુજરાત સરકારે કહ્યું કે, રાજ્યમાં શાળાઓમાં 35 દિવસના ઉનાળા વેકેશનનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉનાળા વેકેશનની શરૂઆત 1 મેથી થશે અને 4 જુન સુધી શાળાઓમાં રજા રહેશે. 5મી જુનથી ફરી શાળાઓ રાબેતા મુજબ શરૂ થશે અને નવા સત્રનો પ્રારંભ થશે.

## મોહનથાળનો વિવાદ યથાવત હવે ગુણવત્તાને લઈને ચર્ચામાં

ગુજરાત | વંદન



અંબાજી મંદિરમાં ચીકી અને મોહનથાળ વચ્ચેનું દ્વંદ્વ માંડ શમ્યું ત્યાં ફરીથી મોહનથાળને લઈને વિવાદ ખડો થયો છે. બનાસકાંઠાના તોલમાપ વિભાગે અંબાજી મંદિરના વહીવટદારને પત્ર લખીને કહ્યું છે કે અહીં મંદિરની ગાદી પરથી વેચાતા મોહનથાળને લઈને ફરિયાદ મળી છે, તે અન્વયે તમારે કાર્યવાહી કરવી જોઈએ. તોલમાપ વિભાગે મંદિરના વહીવટદારને કહ્યું છે કે આ પ્રસાદના પેકેટ પર ઉત્પાદકનું નામ, પિનકોડ સાથેનું સરનામું, વજન, કિંમત, મોહનથાળ બનાવ્યાની તારીખ અને એક્સપાઈરી ડેટ વગેરેનો ઉલ્લેખ હોવો જોઈએ.

આ બાબતે તોલમાપ વિભાગના ઈન્સ્પેક્ટર વી.વી. ચૌધરીએ જણાવ્યું કે અમારા ધ્યાનમાં આવ્યું હતું કે અંબાજી મંદિરમાં વેચાતો મોહનથાળનો પ્રસાદ પેકેટ પર જરૂરી ઉલ્લેખ ધરાવતો નથી. આ અગાઉ પણ એકાદ અઠવાડિયા પહેલા જ્યારે મંદિરમાં વેચાતા પ્રસાદ સંદર્ભે જ્યારે અમારી વહીવટદાર સાથે બેઠક થઈ હતી ત્યારે આદર્શ પ્રમાણ હોવું જરૂરી છે તેમ કહેવાયું હતું. તેમ છતાં આ મંદિરની ગાદી પરથી વેચાતા પ્રસાદમાં ક્યાંક આ બાબત ધ્યાનમાં આવતાં અમે વહીવટદારને પત્ર લખ્યો છે.

### બિનજરૂરી વ્યય ન થાય તે માટે પૂર્વ મંજૂરી લેવાનો સરકારનો નિર્ણય

## તલાટીની પરીક્ષા આપવા માંગતા ઉમેદવારને વહેલીતકે સંમતિ પત્ર ભરવા માટે અપીલ કરાઇ

■ કોઈ કારણસર પરીક્ષા ન આપી શકે તો ઉમેદવાર વિરુદ્ધ કોઈ કાર્યવાહી નહીં થાય

ગુજરાત | વંદન



પંચાયત પસંદગી મંડળ દ્વારા 7 મેના રોજ તલાટીની ભરતી પરીક્ષા લેવાશે. ત્યારે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જણાવાયું કે, બિન જરૂરી વ્યય ન થાય તે માટે પૂર્વ મંજૂરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સંમતિ પત્ર આપનાર ઉમેદવાર જ પરીક્ષા આપી શકશે. બે અરજી થઈ હોય તેમને એક અરજી માટે સંમતિ પત્ર આવરવાની રહેશે. તૈયારી કરનાર ઉમેદવાર જ સંમતિ આપે તેવી વિનંતી છે.

તલાટીની પરીક્ષા પાછી ઠેલાઈને 7 મેના રોજ લેવાની જાહેરાત કરાઈ છે. બિન જરૂરી વ્યય ન થાય તે માટે પૂર્વ મંજૂરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સંમતિ પત્ર બાબતે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના ઈન્ચાર્જ અધ્યક્ષ હસમુખ પટેલે સંમતિ પત્ર બાબતે ખાસ સ્પષ્ટતા કરી છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના ઈન્ચાર્જ અધ્યક્ષ હસમુખ પટેલે સ્પષ્ટતા કરી કે, સંમતિ પત્ર ભર્યા બાદ પરીક્ષા ન આપી શકનાર ઉમેદવાર સામે કોઈ કાર્યવાહી નહી થાય. પરીક્ષા આપવા માંગતા ઉમેદવારને વહેલીતકે સંમતિ પત્ર ભરવા તેઓએ અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, આગામી 7 મે ના રોજ તલાટીની પરીક્ષા યોજાવાની છે. ગુજરાત સેવા પસંદગી મંડળના ચેરમેન હસમુખ પટેલે કન્ફર્મેશન ફોર્મને લઇ જણાવ્યું હતું કે આ ફોર્મ ભરવાનો મુખ્ય હેતુ એટલો છે કે સંશાધનોનો ખોટો ઉપયોગ ન થાય અને ખોટા ખર્ચ અટકાવી શકાય. આ નિર્ણય ભવિષ્યની પરીક્ષા માટે પણ ઉપયોગી સાબિત થશે. તેમજ પેપર છપાવવા અને અન્ય વધારાનો ખર્ચ થાય છે તેના પર કાબુ મેળવી શકાશે.

સંમતિ પત્ર ભર્યા બાદ કોઈ ઉમેદવાર કોઈ કારણસર પરીક્ષા ન આપી શકે તો ઉમેદવાર વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવાની થતી નથી. ઉમેદવાર પરીક્ષા આપવા ઈચ્છા ધરાવતા હોય તેઓ વહેલી તકે સંમતિપત્ર ભરી લે.

### ઓજસની વેબસાઈટ પર કન્ફર્મેશનની પ્રક્રિયા શરૂ કરાઈ

તલાટી કમ મંત્રીની ભરતી પરીક્ષા માટે કન્ફર્મેશન પ્રક્રિયા શરૂ થઈ છે. ઓજસની વેબસાઈટ પર કન્ફર્મેશનની પ્રક્રિયા શરૂ કરવામા આવી છે. ઉમેદવારોએ કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાંખવાની રહેશે. અલગ અલગ કંફર્મેશન નંબરથી અલગ અલગ ફોર્મ ભરેલા હશે તો પરીક્ષામાથી ગેરલાયક ઠેરવાશે. ઓનલાઈન કંફર્મેશન આપનાર જ તલાટીની ભરતી પરિક્ષા આપી શકશે.

### જુનિયર ક્લાર્કની 59% ઉમેદવાર ગેરહાજર રહ્યા હતા

જુનિયર ક્લાર્કની પરીક્ષામાં 41 ટકા ઉમેદવાર હાજર રહ્યા હતા, 59 ટકા ઉમેદવાર ગેરહાજર રહેતા પેપર ઓએમઆર શીટનો વ્યય થયો હતો. તેથી તલાટીની પરીક્ષામાં 20 તારીખ સુધી સવારે 11.00 વાગ્યા સુધી સંમતિ પત્ર ભરી શકાશે. સરકારને પરીક્ષા કેન્દ્રો મળ્યા છે, જેટલા લોકોને પરીક્ષા આપવી છે તેટલા લોકો જ સંમતિ પત્ર ભરે.



### વધુ રાહત આપવાના ઈન્કાર વચ્ચે ગુજરાતમાં નવા જંત્રીના દર લાગુ

## નવા જંત્રી દર લાગુ થવાના છેલ્લા દિવસે સ્ટેમ્પ ડયુટીની ₹6.75 કરોડની આવક

ગુજરાત | વંદન



જુની જંત્રીનો આવતીકાલે છેલ્લો દિવસ છે તે પૂવે મિલકતધારકો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાનું મુનાસીબ સમજી રહ્યા છે. જેને પગલે ગઈકાલે ગુરુવારે મોડી રાત સુધી કામગીરી જિલ્લાની ચારેય સબ રજીસ્ટ્રાર કચેરીએ ચાલી હતી. જેના પરિણામે ગુરુવારે ગાંધીનગરમાં રેકોર્ડબ્રેક દસ્તાવેજોની નોંધણી થઈ છે. એક જ દિવસમાં કુલ ૫૫૭ વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યા છે જેમાંથી સરકારને સ્ટેમ્પ ડયુટીની ફક્ત એક જ દિવસની આવક ૬.૭૫ કરોડ રૂપિયા થઈ છે. આ ઉપરાંત એક કરોડ જેટલી નોંધણી ફી પણ વસુલવામાં આવી છે.


બિલ્ડરો અને સંગઠનોની લડત બાદ સરકારે જંત્રી વધારો લાગુ કરવા માટે ૧૫ એપ્રિલ સુધીની મુદ્દત આપી હતી આ સ્થિતિને કારણે ગાંધીનગર જિલ્લામાં પણ જમીન મકાન સહિતના દસ્તાવેજો કરવા માટે રીતસરની લાઈનો લાગી હતી. સબ રજીસ્ટ્રાર કચેરીમાં તો મેળા જેવું વાતાવરણ જોવા મળતું હતું અને દસ્તાવેજની સંખ્યા પણ ડબલ થઈ ગઈ હતી. ત્યારે શુક્રવારે રજા અને શનિવારે જુની જંત્રીનો છેલ્લો દિવસ હોવાથી ગુરુવારે મિલકતધારકો દસ્તાવેજ કરાવવા પડાપડી કરતા જોવા મળ્યા હતા અને ગુરુવારે મોડી રાત સુધી જિલ્લાની ચારેય સબ રજીસ્ટ્રાર કચેરીઓ ધમધમતી રહી હતી. આ ચારેય સબ રજીસ્ટ્રાર કચેરીમાં ગુરુવારે કુલ ૫૫૭ દસ્તાવેજો નોંધાયા હતા. જે અત્યાર સુધીના ઈતિહાસમાં ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ગુરુવારે સૌથી વધુ રેકોર્ડબ્રેક ૫૫૭ દસ્તાવેજો કરવામાં આવ્યા છે ત્યારે આ દિવસની આવક પણ વિક્રમી અને અ..ધ..ધ.. સરકારને થઈ છે. મળતી માહિતી પ્રમાણે, ૫૫૭ દસ્તાવેજ થકી સરકારને સ્ટેમ્પ ડયુટીની આવક ૬.૭૫ કરોડ થઈ છે. તો બીજીબાજુ નોંધણી ફી પણ એક કરોડથી વધુ વસુલવામાં આવી છે. ફક્ત કલેક્ટર કચેરી સ્થિત ગાંધીનગર સબ રજીસ્ટ્રાર કચેરીમાં જ કુલ ૩૨૯ દસ્તાવેજો થયા હતા જેમાંથી ૪.૮૭ જેટલી સ્ટેમ્પ ડયુટીની આવક જ્યારે ૮૯.૦૭ લાખ રૂપિયાની નોંધણી ફી લેવામાં આવી છે.

## પાવાગઢ ખાતે દર્શને આવતાં લાખો ભક્તો માટે સુવિધામાં વધારો થશે

■ પાર્કિંગ અને મોબાઈલ નેટવર્કની સમસ્યામાંથી મળશે મુક્તિ

ગુજરાત | વંદન



પાવાગઢ ખાતે દર્શને આવતાં લાખ્ખો ભક્તો માટે આનંદના સમાચાર સામે આવ્યા છે.પાવાગઢ ખાતે આગામી સમયમાં પાર્કિંગ અને મોબાઈલ નેટવર્કની સમસ્યામાંથી શ્રદ્ધાળુઓને મુક્તિ મળશે. કારણ કે, પાવાગઢમાં જલ્દી જ મોબાઈલ નેટવર્ક માટે બે ટાવર ઉભા કરવામાં આવશે. આ અંગેની પણ ગતિવિધિઓ તેજ કરાઈ છે. સાથે પાર્કિંગની પણ નવી વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે. જેથી હવેથી પાવાગઢ આવનારા શ્રદ્ધાળુઓને આ સમસ્યાથી જલ્દી જ મુક્તિ મળશે.

ગુજરાત વિકાસ બોર્ડના સચિવની ઉપસ્થિતિમાં ગોધરા કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં યાત્રાધામ પાવાગઢના વિકાસ કામો માટે બેઠકમાં થઈ ચર્ચા થઈ હતી.

જેમાં ખાસ છે પાર્કિંગ અને મોબાઈલ નેટવર્કની સુવિધા. બેઠકમાં આ મહત્વની સુવિધા અંગે ચર્ચા કરાઈ હતી. જેના બાદ યાત્રિકોની સગવડતાના ભાગરૂપે મોબાઈલ નેટવર્ક માટે બે ટાવર ઉભા કરવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. મંદિર વિસ્તારમાં મોબાઈલ નેટવર્કની મોટી સમસ્યા છે. ભક્તો એકબીજાથી વિખુટા પડી જાય ત્યારે તેમજ ઓનલાઈન પેમેન્ટ માટે ખૂબ જ તકલીફ પડી રહી છે.

આ સાથે જ ચાંપાનેર કિલ્લા વિસ્તારના આંતરિક રસ્તાઓ પણ નવીન બનાવવા માટે નિર્ણય લેવાયો છે. તો માંચી ખાતે પાર્કિંગ સુવિધાઓ સાથે શૌચાલય સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉભી કરાશે. હાલ પાર્કિંગ અને નેટવર્કના અભાવે મુલાકાતીઓને ભારે તકલીફનો સામનો કરવો પડે. માચી ખાતે પાર્કિંગ અને નવીન ગેટ માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી છે. ચાંપાનેર કિલ્લા વિસ્તારના આંતરિક રસ્તાઓ નવા બનાવાશે .

## આંબેડકર જંયતિએ 10 હજાર લોકોએ અપનાવ્યો બૌદ્ધ ધર્મ

■ ગાંધીનગરમાં સ્વયં સેવક દળ નામના સંગઠનના નેજા હેઠળ બૌદ્ધ ધર્મની દિક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં સ્વયં સેવક દળ નામના સંગઠનના નેજા હેઠળ બૌદ્ધ ધર્મની દિક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આયોજકોએ દાવો કર્યો હતો કે ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પચાસ હજાર કરતાં વધુ લોકો અહીં આવ્યા હતા અને દસ હજાર લોકોએ અહીં ધમ્મદિક્ષા ગ્રહણ કરીને બૌદ્ધ ધર્મ અંગિકાર કરી લીધો છે. અહીંથી આયોજકોએ એવી વાત કરી હતી કે ગુજરાત અને ભારતમાં આજે પણ ઊંચનીચ, અસ્પૃશ્યતા અને અન્ય ભેદભાવો કરવામાં આવે છે, તેનાથી કંટાળીને દલિત જ નહીં પરંતુ આદિવાસી, ઓબીસી અને લઘુમતી સમાજના લોકોએ પણ લોકોએ બૌદ્ધ ધર્મ અપનાવી લીધો છે. જ્યારે ભાજપે આ વાતને વખોડી કાઢી હતી.

ભાજપના સિનિયર દલિત નેતા, ગઢડા ધારાસભ્ય અને સવગુણ ધામના મહંત શંભુપ્રસાદ ટુંડિયાએ આ અંગે પ્રતિક્રિયા આપતાં કહ્યું કે કેટલાંક તથાકથિત અને બની બેઠેલાં લોકો પોતાના એજન્ડા પ્રમાણે ખોટી વાતો ફેલાવે છે તેને અમે વખોડી કાઢીએ છીએ. સમગ્ર દલિત સમાજના લોકોને હું કહેવા માગું છું કે ભારત દેશ વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે અને કોઈપણ ભાંગફોડિયા વૃત્તિ ધરાવતા લોકો તેના તાણાવાણાં તોડી શકશે નહીં.

**આજે પણ સમાજમાંથી ભેદભાવ દૂર થયો નથી** | આ તરફ આંબેડકર જયંતિએ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં યોજાયેલી સમાજ સમરસતા અંગેના કાર્યક્રમમાં જણાવ્યું કે બાબાસાહેબ આંબેડકરે જે સ્વપ્ન જોયું હતું તે સ્વતંત્ર ભારતમાં આજે પણ સાકાર થયું નથી.


### છોડના નમૂના લઈ તપાસ અર્થે FSL માટે મોકલવામાં આવ્યા

## મારવાડી યુનિવર્સિટીમાં ગાંજાના છોડનો કેસ, હર્ષ સંઘવીએ કહ્યું તપાસ માટે સ્પેશિયલ ટીમ બનાવાઈ

■ પોલીસ તેમજ મીડિયા કર્મી કેમ્પસ પર પહોંચે તે પહેલા જ ગાંજાના છોડને આગ ચાંપી દીધી

ગુજરાત | વંદન





મારવાડી યુનિવર્સિટીમાં મળેલા ગાંજાના છોડના કેસ મામલે હવે રાજ્ય સરકાર આકરા પાણીએ થઈ છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ મામલે કહ્યું હતું કે તપાસ માટે સ્પેશિયલ ટીમ બનાવાઈ છે અને સાંજ સુધીમાં મોટા ખુલાસાઓ થશે. આ ઉપરાંત હર્ષ સંઘવીએ કહ્યું હતું કે ડ્રગ્સ મુદ્દે કોઈ છૂટછાટ નહીં અપાય.

રાજકોટની ભાગોળે મોરબી રોડ પર આવેલી મારવાડી યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં સંપડાય છે. મારવાડી યુનિવર્સિટીના કેમ્પસના નાઈઝીરિયન કમ્પાઉન્ડ તરીકે જાણીતા વિભાગની પાછળના ભાગે ગાંજાનું વાવેતર થયાનું જાણવા મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં ગઈકાલે કેમ્પસની અંદર પણ ગાંજાના છોડનું વાવેતર થયા હોવાનું જાણવા મળ્યુ હતું. આ સમાચાર વાયુ વેગે ફેલાય ગયા બાદ મીડિયા કર્મી કેમ્પસ પર તપાસ કરવા પહોંચે તે પહેલા જ આ ગાંજાના છોડને આગ લગાડી દેવામાં આવી હતી. આગના ધુમાડામાંથી ગાંજાની તીવ્ર દુર્ગંધ આવી રહી હતી. આ મામલની જાણ પોલીસને તથા પોલીસની ટીમ પણ યુનિવર્સિટિએ પહોંચી હતી. પીલીસની ટીમે છોડના નમૂના લઈ તપાસ અર્થે FSL માટે મોકલવામાં આવ્યા છે.

યુનિવર્સિટિના ટ્રસ્ટીએ જણાવ્યું હતું કે આ મામલે અમે વધુ તપાસ કરાવીશું અને પોલીસને પુરો સહયોગ આપીશું. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે તપાસમાં જે કોઈ આવશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. હાલ આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

## ગુજરાતના મહત્વના બોર્ડ નિગમમાં થશે ભરતીઓ

■ છેલ્લા કેટલાય સમયથી 60 થી વધુ બોર્ડ નિગમ ખાલી, આગામી સપ્તાહે જાહેરાત સંભવ

ગુજરાત | વંદન



ગુજરાતના મહત્વના બોર્ડ નિગમમાં છેલ્લા કેટલાય સમયથી 60 થી વધુ બોર્ડ નિગમ ખાલી છે. ચૂંટણી પહેલા મોટા ભાગમાં બોર્ડ નિગમમાં ચેરમેન પદેથી રાજીનામા લેવાયા હતા. હવે મહત્વના બોર્ડ નિગમમાં ભરતીનો દોર શરૂ થવાનો છે. આગામી સપ્તાહમાં બોર્ડ નિગમના ચેરમેન, વાઈસ ચેરમેન તથા ડિરેક્ટર્સના નામની જાહેરાત થશે.ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા બોર્ડ નિગમના ચેરમેન અને વાઈસ ચેરમેનની ટર્મ પુરી થતી હોય તેમના રાજીનામાં માગી લીધા હતા. ત્યારે ચૂંટણી બાદ જે નેતાઓને પડતા મુકાયા હતા એમનો હવે બોર્ડ નિગમમાં સમાવેશ થઈ શકે છે. ચૂંટણી સમયે અન્ય પક્ષમાંથી ભાજપમાં આવેલા નેતાઓને પણ બોર્ડ નિગમમાં સ્થાન મળી શકે છે.

વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ જ બોર્ડ નિગમની ભરતીની કવાયત હાથ ધરવામાં આવી હતી. જો કે કેટલાક નામો પર સર્વ સંમતિ ન સધાતા નામોની જાહેરાત અટવાઈ હતી. જો કે આગામી સપ્તાહ સુધીમાં હવે બોર્ડ નિગમના ચેરમેન, વાઈસ ચેરમેન તથા ડિરેક્ટર્સના નામોની જાહેરાત કરવામાં આવશે.

બોર્ડ નિગમમાં ભરતી માટે કેન્દ્ર સરકારના નિયમોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જો કે ત્યાર બાદ મહદ અંશે નામો નક્કી થઈ ગયા હોવાનું સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે. જેમની નિમણુક કરવામાં આવશે. આ તમામ 10થી 12માં યુવા ચહેરાઓને સ્થાન અપાયુ હોવાનું માનવુ છે. સોમવારથી બોર્ડ નિગમના આ નામોની જાહેરાત કરવામાં આવશે.

## ગુજરાતની દરિયાઈ સુરક્ષા વધુ મજબૂત બનાવાશે : વિકાસ સહાય

■ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતાને વિવિધ સુરક્ષા એજન્સીઓની બેઠક યોજી હતી

ગુજરાત | વંદન



રાજયમાં પોરબંદર સહિત દરિયાકાંઠામાં બે દિવસ ચાલેલા સાગર સુરક્ષા કવચ બાદ રાજયના ડીજીપી વિકાસ સહાયે પોરબંદર કોસ્ટગાર્ડ હેડકવાટર્સ ખાતે ઉચ્ચ સુરક્ષા અધિકારીઓની બેઠક યોજી હતી આ બેઠકમાં ડીજીપી વિકાસ સહાયે જણાવેલ કે દરિયાઇ સુરક્ષા સૌથી મહત્વની છે. ગુજરાતની દરીયાઈ સુરક્ષાને હજુ વધુ મજબૂત બનાવવામાં આવશે. રાજ્યભરમાં દરિયા કાંઠે બે દિવસ સુધી ચાલેલા ઓપરેશન સાગર રક્ષા કવચ બાદ ગુજરાતનાં ડીજીપી વિકાસ સહાયએ પોરબંદર કોસ્ટગાર્ડ ખાતે વિવિધ સુરક્ષા એજન્સીઓનાં અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજી હતી અને દરીયાઈ સુરક્ષા બાબતે ચર્ચાઓ કરી હતી.

ડીજીપી વિકાસ સહાયે જણાવ્યું હતુ કે તાજેતરમાં જ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યનાં ગળહમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતાને વિવિધ સુરક્ષા એજન્સીઓની બેઠક યોજી હતી. જેમાં રાજ્યની વિવિધ સુરક્ષા એજન્સીઓનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં દરીયાઈ સુરક્ષા બાબતે કોસ્ટલ એરીયા માટે તાલમેલ જળવાઈ રહે તે બાબતની ચર્ચા કરવામાં આવી હતી. દરીયાઈ સુરક્ષાની જમીની હકીકત મેળવવા માટે અને નવી પોલીસી તેયાર કરવા માટે પોલીસ, જીએમબી, ફીશરીઝ સાથે જિલ્લા કક્ષાએ જ બેઠક યોજાઈ તેમજ દરીયાઈ પડકારોને જાણવા માટે કોસ્ટગાર્ડ સાથે સંકલન કરવામાં આવ્યું હતુ અને ૧૫ કલાક સુધી કોસ્ટગાર્ડનાં શીપમાં રહી અને દિવસ અને રાતનાં બન્ને પડકારોને જાણવાનો પ્રયાસ કર્યો હતો. તેનાથી અનેક નવી બાબતો જાણવા મળી છે.







શહેરમાં બ્રિજ પુરાણ ચાલી રહ્યો તેમ એક તરફ હાટકેશ્વર બ્રિજ ચર્ચામાં છે તેવા સમયે ચાંદલોડિયા વિસ્તારમાં રેલવે ઓવર બ્રિજની તસ્વીરો પ્રસિદ્ધ થઈ હતી જેમાં બ્રિજની નીચે લોખંડના ટેકા મુકવામાં આવ્યા હતા. પુલ સુરક્ષિત નથી એમ તસ્વીર જોઈને કોઈને પણ લાગે આ તસ્વીર મીડિયામાં પ્રસિદ્ધ થયા બાદ રેલવે દ્વારા ધીમે-ધીમે લોખંડના ટેકા એક પક્ષી એક દૂર કરવામાં આવ્યા અને રેલવેએ એવો દાવો કર્યો કે પુલ સુરક્ષિત છે. પુલમાં કોઈ ખામી નથી.
રેલવેનો ખુલાસો જોઈને ઘણાંના મનમાં સવાલો થયા કે જો પુલ સુરક્ષિત હતો અને છે તો લોખંડના મોટા-મોટા ટેકાઓ શા માટે મુકવામાં આવ્યાં? અને તે સ્વભાવિક પણ છે.
અત્રે બે તસ્વીરો પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમા પ્રથમ તસ્વીરમાં લોખંડના ટેકા દેખાય છે. ત્યારે બીજી તસ્વીરમાં લોખંડના ટેકાઓ હટાવી લીધેલા દેખાય છે.

તસ્વીર : મૌર્ય ભાગ્યવાન

## ત્રણ એજન્ટે 3 વર્ષમાં 5551 ખોટા સિમ કાર્ડ બનાવ્યા

ગુજરાત | વંદન

સુરત પોલીસે શહેરમાં મોબાઈલ સિમ કાર્ડ લેવા આવતા ગ્રાહકોના ફોટા અને ડોક્યુમેન્ટ મેળવી તેમના નામે ખોટા સિમ કાર્ડ મેળવીને અસમાજિક તત્વોને આપવામાં આવતા હોવાનું એક રેકેટ ઝડપી પાડ્યું છે. આ સંબંધમાં પોલીસે સરથાણા-વરાછા અને લિંબાયતમાં દરોડા પાડીને ત્રણ એજન્ટની ધરપકડ કરી છે. આ ત્રણ એજન્ટ દ્વારા ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન 5551 સિમ કાર્ડ ગ્રાહકના ફોટો અને ડોક્યુમેન્ટમાં ચેડા કરીને ઈસ્યૂ કરવામાં આવ્યા હતા. સુરતમાં છેલ્લા કેટલાક સમયથી ખોટી રીતે સિમ કાર્ડ ઈસ્યૂ કરીને અસામાજિક તત્વોને આપવાનું એક રેકેટ ચાલતું હતું. આ બાબતે સુરત પોલીસે અલગ અલગ 3 જેટલી જગ્યા પર દરોડા પાડી 3 લોકોની ધરપકડ કરી હતી.

### શહેરમાં ચોમાસા પહેલા કામ પૂરા કરવા તાકીદ

## ૩૧ મે પહેલાં અમદાવાદમાં ૧૨૭ રોડના કામ પૂરા કરાશે



ગુજરાત | વંદન

૩૧ મે પહેલા અમદાવાદના સાત ઝોનમાં ૧૨૭ રોડના કામ પુરા કરવામા આવશે.જુન મહિના પહેલા રોડના શકય તમામ કામ પુરા કરવા ઈજનેર અને રોડ પ્રોજેકટના ઈજનેરોને સુચના અપાઈ હતી.સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રખડતા પશુઓને લઈ નવી પોલીસીની મંજુરી માટે મુકાયેલી દરખાસ્ત અનિર્ણિત રખાઈ છે.
સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ચોમાસા અગાઉ શહેરમાં રોડને લગતી કરવામા આવેલી કામગીરી અંગે ચર્ચા કરાઈ હતી. ચેરમેન હિતેશ બારોટે કહયુ,એક લાખ ઈઠયોતેર હજાર મેટ્રીકટન મટિરીયલનો ઉપયોગ કરી ૮૦.૫ કિલોમીટર લંબાઈના વિવિધ વિસ્તારના રસ્તાઓ ઉપર પેચવર્ક,પેવર સહિતની કામગીરી પુરી કરવામા આવી છે.

**ઓકિસજન પ્લાન્ટ હોવા છતાં બાટલા બહારથી મંગાવાય છે**

અમદાવાદ મ્યુનિ.સંચાલિત હોસ્પિટલોમાં ઓકિસજન પ્લાન્ટ હોવા છતાં બહારથી ઓકિસજન બાટલા મંગાવવી પડે છે.આ બાબતની ગંભીર ચર્ચા સ્ટેન્ડિંગ કમિટીમાં સભ્યોએ કરી હતી.મ્યુનિ.હોસ્પિટલોના તમામ ઓકિસજન પ્લાન્ટ ચાલુ કરી મ્યુનિ. હોસ્પિટલોમાં ઉપયોગ કરવાની સાથે શહેરની અન્ય હોસ્પિટલોમાં પણ ઓકિસજન સપ્લાય કરી શકાય એ પ્રકારનુ ઝડપથી આયોજન કરવા સંબંધિત અધિકારીઓને તાકીદ કરવામા આવી હતી.

શહેરમાં રખડતા પશુઓના ત્રાસને અંકુશમાં લેવા નવી પોલીસીને મંજુરી આપવા દરખાસ્ત રજૂ કરાઈ હતી. પરંતુ લાયસન્સ ફી માટેના દર ઉપર કોઈ કીસ્સામા પશુપાલક દ્વારા કોમર્શિયલ ધોરણે પશુ રાખવામા આવતા હોય તો આવા કીસ્સામાં લાયસન્સફીના દર કેટલા રાખવા,કેટલા પશુઓ રાખી શકાશે વગેરે બાબતોની સ્પષ્ટતા કરવાની બાકી હોવાથી આ દરખાસ્ત નેકસ્ટ કરવામા આવી છે.શહેરના તમામ સિવિક સેન્ટર સાંજે છ કલાક સુધી ચાલુ રાખવા ઈ-ગવર્નન્સ વિભાગના અધિકારીઓને સુચના અપાઈ હતી.
પાંચ જુને વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શહેરમા આવેલા મ્યુનિ.પ્લોટોમાં પ્લાન્ટેશન કરવામા આવશે.૧૦૦ પ્લોટમાં મિયાવાંકી પધ્ધતિથી રોપા રોપવામા આવશે.
આ વર્ષમાં અમદાવાદમાં ૨૫ લાખ રોપા રોપવાનુ લક્ષ્યાંક રાખવામા આવ્યુ છે.આ પૈકી ૧૫ લાખ રોપા મ્યુનિસિપલ કોર્પોરેશન પોતે રોપશે.

### શહેરના પૂર્વ વિસ્તારમાં વિશેષ ઝુંબેશ, ચાની કિટલી સીલ

## દુકાનમાંથી પ્રતિબંધિત પેપર કપ મળશે તો દુકાન સીલ કરાશે: એએમસીનો નિર્ણય

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં જાહેર રોડ પર ગંદકી કરનારા અને પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરનારા દુકાનદારો વિરુદ્ધ મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજે દક્ષિણ ઝોનની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમ દ્વારા લાંભા વોર્ડમાં ચેકિંગ કરતાં ઈસનપુરાની જય શ્રી લિંબચ ટી સ્ટોલમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકના ચાના કપ આશરે 1000 નંગ જેટલા મળી આવ્યા હતાં, જેથી દુકાનને સીલ કરી દેવામાં આવી છે. ઉપરાંત અન્ય વોર્ડમાં પણ ગંદકી કરતા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા લોકો વિરુદ્ધ સીલ કરવાની કાર્યવાહી પણ ચાલુ છે.
પૂર્વ ઝોનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા અલગ અલગ વોર્ડમાં જાહેરમાં ગંદકી કરી ન્યુસન્સ કરતા અને પ્રતિબંધિત પ્લાસ્ટીકનો વપરાશ કરતા એકમો સામે સખત કાર્યવાહી કરવામાં આવી હતી.




**842 એકમો ચેક કરી રૂ. 84,200 વહીવટી ચાર્જ**

કુલ 1,762 એકમો ચેક કરી કુલ રૂપિયા 2.11 લાખ વહીવટી ચાર્જ વસુલ કર્યો છે. ગંદકી કરી ન્યુસન્સ કરતા કુલ 920 એકમો ચેક કરી રૂપિયા 1.48 લાખ વહીવટી ચાર્જ વસુલ કર્યો છે. તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા કુલ 842 એકમો ચેક કરી રૂપિયા 84200 વહીવટી ચાર્જ વસુલ કરી કુલ 24.6 કિલોગ્રામ પ્લાસ્ટીક જપ્ત કર્યો છે.

### અમદાવાદ માટે યલો એલર્ટ

## આગામી 5 દિવસ રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવના

ગુજરાત | વંદન

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્ર દ્વારા આગામી 5 દિવસ દરમિયાન રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જોકે, આ સાથે રાજ્યમાં ગરમીનો પારો ચઢવાની શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે.
હવામાન વિભાગ અનુસાર આગામી 5 દિવસ દરમિયાન રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવના છે. આગામી 4-5 દિવસમાં તાપમાનમાં મોટા ફેરફાર થવાની શક્યતાઓ નથી. પરંતુ તેમણે કહ્યું કે ચોથા અને પાંચમા દિવસે તમામ જગ્યાઓ પર 1-2 ડિગ્રી તાપમાનમાં વધારો થવાની સંભાવના છે. અમદાવાદમાં હાલ 40 ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાઈ રહ્યું છે, પરંતુ પછી તે 41-42 સુધી જઈ શકે છે. ત્રીજા અને ચોથા દિવસ માટે અમદાવાદ શહેર માટે ગરમીનું એલર્ટ પણ આપી રહ્યા છીએ. આ સિવાય કોઈ મોટી વોર્નિંગ ના હોવાનું જણાવવામાં આવ્યું છે. શુક્રવારે 4 જેટલી જગ્યાઓ પર તાપમાન 40 ડિગ્રી પર ગયું હતું.IMDની વેબસાઈટ મુજબ આજે અમદાવાદ અને અમરેલીમાં 41 ડિગ્રી તાપમાન રેકોર્ડ થયું છે. આ સિવાય ગાંધીનગર, સુરેન્દ્રનગર, સુરત, કંડલા (એરપોર્ટ) પર 40 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. જ્યારે કેશોદ, રાજકોટ, ભૂજ, વલ્લભ વિદ્યાનગર, વડોદરા, ડીસામાં તપામાન 39 ડિગ્રી નોંધાયું છે. આ સિવાય ભાવનગર, દીવ, મહુવામાં 38 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

### ગરમીના કારણે લેવાયો નિર્ણય

## અમદાવાદના ટ્રાફિક 252 સિગ્નલ બંધ કરાશે, બપોરે 1થી 4 વાગ્યા સુધી વિરામ

ગુજરાત | વંદન

અમદાવાદમાં ગરમીનો પારો 41 ડિગ્રીને પાર થતા અસહ્ય ગરમીની શરૂઆત થઇ ગઈ છે. જો કે આગામી દિવસોમાં ગરમીનો પારો 45 ડિગ્રી સુધી પહોંચવાનો અંદાજ છે. જેથી આટલી બધી ગરમીમાં વાહનચાલકોને ભર બપોરે ટ્રાફિક સિગ્નલ ઉપર ઉભા રહેવું ન પડે તે માટે બપોરે 1 થી 4 વાગ્યા સુધી તમામ 252 ટ્રાફિક સિગ્નલ બંધ (બ્લીન્કર) કરી દેવાશે. જ્યારે વધારે ટ્રાફિકવાળા 25થી 30 સિગ્નલની ચેઈનનો સમય 50 ટકા સુધી ઓછો કરી દેવાશે.ટ્રાફિક શાખાના અધિક પોલીસ કમિશનર એન.એન.ચૌધરી એ જણાવ્યું હતુ કે, ટ્રાફિક સિગ્નલનું સંચાલન તેમજ મેન્ટનેન્સ મ્યુનિ.કોર્પો. દ્વારા કરવામાં આવે છે.



જ્યારે બીજી બાજુ અસહ્ય ગરમીના કારણે ટ્રાફિક સિગ્નલ બપોરના સમયે બંધ રાખવા માટે 19 એપ્રિલે મ્યુનિ. અધિકારીઓન ટ્રાફિક પોલીસ સાથે મીટિંગ યોજાશે. જેમાં બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ બંધ રાખવા માટેનો નિર્ણય લેવામાં આવશે. હાલમાં શહેરમાં 252 ચાર રસ્તા, પાંચ રસ્તા અને સર્કલ છે, કે જ્યાં ટ્રાફિક સિગ્નલ લાગેલા છે. પિક અવર્સ પછીના 3 કલાક એટલે કે બપોરે 1 થી 4 વાગ્યા સુધી તમામ ટ્રાફિક સિગ્નલ બંધ રાખવાનો નિર્ણય લેવાશે. જો કે 25 થી 30 ટ્રાફિક સિગ્નલ એવા છે કે જ્યાં આખો દિવસ હેવી ટ્રાફિક રહે છે. આવા સિગ્નલ ઉપરની લાઈટની ચેઈનનો સમય 50 ટકા સુધી ઘટાડી દેવાશે. જેથી જે સિગ્નલ 1 મીનીટ છે તેનો સમય 30 સેકન્ડ, જ્યારે 120 સેકન્ડ વાળા સિગ્નલનો સમય 60 સેકન્ડ કરવા નિર્ણય લેવાશે.

## અમદાવાદમાં ગ્રીષ્માકાંડ થતાં-થતાં રહી ગયું, પ્રેમીએ સગીરાના ગળા પર છરી ફેરવી

ગુજરાત | વંદન

અમદાવાદમાં પ્રેમ સંબંધમાં આંધળા થયેલા લોકો કોઈપણ હદ સુધી જઈ શકે છે. શહેરમાં ગ્રીષ્મા હત્યાકાંડ જેવી જ એક ઘટના બનતા રહી ગઈ છે. એક તરફી પ્રેમમાં પાગલ વ્યક્તિએ સગીરાને પકડીને કહ્યું હતું કે, તુ મારી સાથે લગ્ન કેમ નથી કરતી એમ કહીને તેણે સગીરાના ગળા પર છરી મારી દીધી હતી. સગીરાએ બુમા બુમ કરતાં આસપાસના લોકો ભેગા થઈ ગયા હતાં અને તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી હતી. સગીરાએ એક તરફી પ્રેમમાં પાગલ વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે.
પ્રાપ્ત વિગતો પ્રમાણે આરોપી યુવક છેલ્લા એક મહિનાથી સગીરાની પાછળ પાછળ ફરતો હતો. જુના વાડજ વિસ્તારમાં રહેતી સગીરાએ ભરત બોડાણા નામના વ્યક્તિ સામે છેડતી તેમજ હત્યાની કોશિષની ફરિયાદ નોંધાવી છે. સગીરા તેના પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે. ગઈકાલે રાત્રે તે મરચુ અને શાકભાજી લેવા માટે ગઈ હતી આ દરમિયાન ભરત બોડાણા તેની પાછળ પાછળ આવ્યો અને અને તેના ગળા પર છરી મારીને હત્યાની કોશિષ કરી હતી. ભરત તેનો એક મહિનાથી પીછો કરતો હતો. તેની સાથે વારંવાર પ્રેમ સંબંધ રાખવા દબાણ કરતો હતો.




ગઈકાલે સગીરા ઘરેથી શાકભાજી લેવા નીકળી ત્યારે આરોપી ભરતે તેને ઉભી રાખી અને મારી સાથે લગ્ન કરવાની કેમ ના પાડે છે તેમ કહીને તરત સગીરાના ગળા પર છરી ફેરવી દીધી હતી. સગીરાને ગંભીર ઈજા થતાં તે ઢળી પડી હતી. આ દરમિયાન આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આસપાસના લોકોએ તાત્કાલિક સગીરાને 108 એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી હતી. હાલમાં તેની હાલત નાજુક છે. વાડજ પોલીસે ભરત વિરૂદ્ધ હત્યાની કોશિષનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

## બાળકીનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારનાર આરોપીને ફાંસીની સજા

**ગાંધીનગર જિલ્લાના ઇતિહાસમાં સૌપ્રથમ વખત દોષિતને કલોલ કોર્ટનો સજાએ મોતનો હુકમ**

ગુજરાત | વંદન

સાંતેજમાં ૫૨૫ દિવસ પહેલાં બાળકીનું અપહરણ કરી બળાત્કાર ગુજારવાના કેસમાં સિરિયલ રેપિસ્ટને કલોલ કોર્ટે ફાંસીની સજા સંભળાવી છે. ગાંધીનગર જિલ્લામાં ઐતિહાસિક ચુકાદામાં આરોપીને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. સાંતેજ ગામની સીમમાંથી બાળકીનું અપહરણ કરી બળાત્કાર ગુજારવાના કેસમાં કલોલ કોર્ટના એડીશનલ જજ એ.એ.નાણાવટીએ પોક્સો કાયદાની કલમ ૫ અને ૬ મુજબ આરોપીને મૃત્યુદંડ અને પચાસ હજાર રૂપિયાનો દંડ કર્યો છે. આરોપી વિજય પોપટજી ઠાકોરને અગાઉ દુષ્કર્મના અન્ય બે કેસમાં જીવે ત્યાં સુધીની સજા કોર્ટ ફટકારી ચુકી છે. કલોલ તાલુકાના સાંતેજ ગામની સીમમાં તા.૪ નવેમ્બર ૨૦૨૧ના રોજ આરોપી વિજય પોપટજી ઠાકોરે લાકડાં વીણી રહેલ એક બાળકીનું અપહરણ કર્યું હતું. આરોપી બાળકીને પોતાના મોટરસાયકલ પર બેસાડી રાંચરડા-ખાત્રજ રોડ પર આવેલ નાસ્મેદ કેનાલની પાસેના ખેતરની અવાવરુ ઓરડીમાં લઈ જઈને દુષ્કર્મ ગુજારી ગુપ્ત ભાગે ઈજા પહોંચાડી નાસી છૂટયો હતો.આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.
પોલીસ દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરાયા બાદ કલોલ કોર્ટમાં



એડીશનલ જજ એ.એ.નાણાવટી સમક્ષ કેસ ચાલી ગયો હતો. ફરિયાદી પક્ષના સરકારી વકીલ સુનીલ પંડયાએ દલીલ કરતા હતું કે આરોપી નાની બાળકીઓ સાથે આ પ્રકારના ગુનાઓ કરવા ટેવાયેલો છે. તેણે દસ દિવસના ટૂંકા ગાળામાં ત્રણ બાળકીઓ સાથે દુષ્કર્મ કર્યું હોવાનું સામે આવ્યું છે જેથી તેને ફાંસીની સજા ફટકારવામાં આવે. જેને પગલે કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી પોક્સો કાયદાની કલમ હેઠળ આરોપીને મૃત્યુદંડની સજા ફટકારવાનો તેમજ પચાસ હજાર રૂપિયા ભરવાનો હુકમ કર્યો હતો.
આરોપીએ દસ દિવસના ટૂંકાગાળામાં ત્રણ જેટલા બળાત્કાર કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. જેને પગલે પોલીસે સિરિયલ રેપિસ્ટને ઝડપી લેવા કવાયત હાથ ધરી હતી.આરોપીને કોર્ટ અગાઉના બે ચુકાદામાં ૨૦ વર્ષની કેદની સજા ફટકારી ચુકી છે. આરોપીએ ત્રણ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારી તેની લાશ નાળામાં ફેંકી દીધી હતી.

## 150 કર્મચારીઓને પગાર આપ્યા વગર છુટા કરી દેવાયા

ગુજરાત | વંદન

શહેરના એરપોર્ટ વિસ્તારમાં આવેલી બ્લિન્કિટ ઝોમોટો ફૂડ હોમ ડિલીવરીનો સ્ટોર અચાનક બંધ કરી દેતા 150 કર્મચારીઓ નોકરી થી બેકાર બની ગયા છે.આ મામલે કર્મચારીઓએ પોલીસને ફોન કરતા પોલીસ કર્મચારીઓની ફરિયાદ લેવાના બદલે સ્ટોરના માલિકના ઈશારે કામ કરતા તેમની કામગીરીમાં અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

**બ્લિન્કિટ ઝોમેટોની હોમમાં ફૂડ ડિલીવરીમાં કામ કરતા 150 કર્મચારીઓને રાતો રાત છુટા કરી દેતા હોબાળો**

બ્લિન્કિટ હોમ ફૂડ ડિલિવરી કરવા સરદાર નગર માં એક સ્ટોર આવેલું છે.આ સ્ટોરની હોમ ડિલિવરી કરવા 150 જેટલા કર્મચારીઓ કામ કરતા હતા.પરંતુ બ્લિન્કિટ હોમ ડિલિવરી માં કામ કરતા નવ યુવાનો છે.જે મોટા ભાગે કોલેજમાં અભ્યાસ કરે છે તો કેટલા કે આ જોબ કરવા બેંક લૉન કરાવી બાઈક પણ ખરીદી છે.પરંતુ કંપનીએ કોઈપણ નોટિસ આપ્યા વિના સ્ટોર બંધ કરી દેવાની જાહેરાત કરી છે.કર્મચારીઓના પગાર પણ ન ચૂકવતા યુવાનોએ સ્ટોર પર હલ્લોબોલ કરી પોલીસ બોલાવવાની ફરજ પડી છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**ગરમીમાં ગરમ મસાલાઃ** સામાન્ય રીતે મરચા, ધાણા, જીરૂ હડદળ જેવા ગરમ મસાલા દુકાનેથી તૈયાર લાવવામાં આવે છે. જોકે શહેરના અખબારનગર રોડ પર એક એવી દુકાન છે, કે જે સ્થળ પર જ ઘંટીમાં વિવિધ પ્રકારના મસાલા દળી આપે છે.



**સહયોગઃ** શહેરના સારંગપુર થી પાંચ કુવા વચ્ચે રોડ બનવવામાં આવી રહ્યો છે. કોર્પોરેશનને સહયોગ આપવા સિંધી માર્કેટના વેપારીઓએ દુકાનની બહાર બનાવેલ ઓટલા જાતે જ તોડીને રસ્તા માટે રસ્તો કરી રહ્યાં છે.



**અગ્નિશમનઃ** ફાયર બ્રિગેડ કુમક દ્વારા દર વર્ષે 14 એપ્રિલે અગ્રિશમન દિવસની ઉજવણી થાય છે. આ વર્ષે પણ શહેરના ફાયર બ્રિગેડ દ્વારા આગ-લાગે ત્યારે શું કરવું તેના નિદર્શન સાથે ઉજવણી થઈ તે વખતની અધિકારી અને કર્મચારીઓની સમૂહ તસ્વીર.



**સ્વરક્ષણઃ** વર્તમાન સમયમાં મહિલાઓ ઉપર વધતા જતા હુમલાઓ અને આત્મરક્ષણ સંદર્ભે તેમને બોક્સિંગ અને તલવાર ચલાવવા સહિતની તાલીમ શિબિર અમદાવાદના રાયફલ ક્લબમાં યોજાઈ હતી.

## રાજ્યમાં જૂનું સોનું વેચી તેમાંથી નવા ઘરેણાં બનાવવાના ચલણ વધ્યું...

**સોના-ચાંદીના ભાવમાં વધારો થતા નવો ટ્રેન્ડ સામે આવ્યો**

ગુજરાત | વંદન


છેલ્લા બે મહિનાથી સોના-ચાંદીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જે અટકવાનું નામ નથી લઈ રહ્યો. સોનાની ખરીદમાં હાલ મંદીનો માહોલ ચાલી રહ્યો છે, ત્યારે ગુજરાતમાં એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે. હવે લોકો નવું સોનું લેવાના બદલે જુનું સોનું વેચી ધરેણા બનાવી રહ્યાં છે.
સોનામાં સતત ભાવ વધારો થતા બજારમાં મંદીનો માહોલ છે. આવામાં ગ્રાહકો નવા સોનાની ખરીદી કરવાનું ટાળી રહ્યા છે. પરંતુ તેની સામે રિસાઈકલિંગ સોનાનું પ્રમાણ વધી રહ્યું છે. રિસાયકલિંગ સોનાનું પ્રમાણ 50% જેટલું વધ્યું છે. નવા સોનાની ખરીદી પર બ્રેક લાગી છે. તો બીજી તરફ ગ્રાહકો જુનુ સોનુ વેચી તેમાંથી નવા ઘરેણાં બનાવી રહ્યાં છે. ગ્રાહકો પોતાનું જૂનું સોનું આપી નવા સોનાની ખરીદી કરી રહ્યાં છે.
સોનાના ભાવ જે ટોચની સપાટીએ છે તે ભાવે લોકોને ખરીદી કરવું પોસાતું નથી. તેથી છેલ્લા બે વર્ષમાં જૂનું સોનું આપી નવા સોનાની જે ખરીદી કરવામાં આવતી હતી. તેના આંકમાં છેલ્લા બે મહિનામાં ડબલ ગણો વધારો થયો છે. આવનારા દિવસોમાં સોનાના ભાવમાં હજુ પણ વધારો થાય તેવી પૂરેપૂરી શક્યતા છે. અખાત્રીજ ઉપર સોની બજારમાં જે ગ્રાહકોની ભીડ હોય છે તે આ ભાવ વધારાને લીધે ખૂબ જ ઓછી રહેશે. છેલ્લા બે મહિનાથી સોનાના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ભાવ વધારાને લીધે સોની બજારમાં ગ્રાહકોની પાંખી હાજરી જોવા મળે છે.



સાપ્તાહિક ગુજરાત વંદન

## સંપાદકીય....

## બઠીંડા હુમલો કોઈ જવાનની અસ્થિર માનસિકતાને કારણે હોય તો તે આતંકી હુમલા કરતાં પણ ખતરનાક...!



સરહદી રાજ્ય પંજાબમાં બઠીંડા આર્મી કેમ્પમાં બનેલી ઘટનાને લઈને વિવિધ અટકળો વહેતી થઈ છે. સત્તાવાળાઓએ તેને અંદરોઅંદરની ગટના બતાવી તો અન્ય કારણ આતંકી હુમલો દર્શાવે છે. જો કે તેને સત્તાવાર સમર્થન મળવુ જરૂરી છે.

પંજાબમાં આ અગાઉ પઠાનકોટ, ઉરી વગેરેમાં આર્મી કેમ્પમાં ઘૂસીને આતંકીઓ દ્વારા કરાયેલા આડેધડ ગોળીબારમાં સંખ્યાબંધ જવાનો શહીદ થયા છે. અને તેનો બદલો પણ લેવાયો હતો. પઠાનકોટ, ઉરી સહિતની અન્ય ઘટનાઓના પગલે સંવેદનશીલ સહિત તમામ આર્મી કેમ્પમાં આવા હુમલાઓને રોકવાના જડબેસલાક વ્યવસ્થા કરવામાં આવી છે. તેમ છતાં બઠીંડામાં જે ઘટના બની છે તે ભલે કોઈ સનકી જવાને ગોળીબાર કર્યો હોય કે રજા ન મળવાથી ગુસ્સામાં ગોળીબૈર કર્યો હોય. પણ જો એ કારણ હોય કે ગોળીબાર કરનાર માનસિક રીતે અસ્થિર હોય તો પણ એવા બનાવોને રોકવા કોઈ કાયમી ઉકેલ લાવવા માટે સૈન્યતંત્રમાં સીસ્ટમમાં ફેરફાર કરવા જોઈએ.

સૈન્યમાં જવાનોમાં હતાશા-નિરાશાનું મુખ્ય કારણ રજા છે. વાજબી કારણો હોવા છતાં રજા મળતી નથી એવી ફરિયાદો વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે અને આવી હતાશામાં હતાશ જવાન પોતાના ઉપરી અધિકારી કે સાથી જવાનો પર ગોળીબાર કર્યાના કિસ્સા અવારનવાર અખબારોમાં જોવા મળે છે, બની શકે કે બઠીંડાની ગટનામાં પણ આવા કોઈ હતાશ જવાને ગોળીબાર કર્યો હોય. પરંતુ જો આતંકી હુમલો હોય તો તે ગંભીર કહી સકાય.

એક બાબત કે આંગળી ખાલિસ્તાની તરફ પણ ચિંધાઈ રહી હોય તો પંજાબ સરકારે અને કેન્દ્ર સરકાર દ્વારા કોઈ ચોક્કસ રણનીતિ ઘડી કાઢીને માથુ ઉંચકનાર અમૃતપાલસિંહને જેલના સળિયાની પાછળ ધકેલી દેવા જોઈએ અને ખાસ આસામની જેલમાં ધકેલવા જોઈએ. કેમ કે અગાઉ પણ ખાલિસ્તાની સમર્થકોને આસામની જેલમાં પૂરવામાં આવ્યાં છે.

બઠીંડા હુમલામાં કારણ આતંકી કનેક્શન ન હોય તો પણ પંજાબ સરકારે ખાલિસ્તાનીઓની સામે કડક હાથે કામ ન લેતા અમૃતપાલસિંહ પોલીસ બંદોબસ્તમાંથી ભાગી જવાની ગટના સામે અનેક શંકાઓ વ્યકત કરવામાં આવી છે. બની શકે કે ભાગેડુની સાથે કોઈ સોદાબાજી થઈ રહી જેથી પંજાબમાં શાંતિ રહી શકે. અલબત તે કોઈ કાયમી ઉકેલ ન હોઈ શકે. કાયમી ઉકેલ એ છે કે ખાલિસ્તાની સમર્થકોની સામે ભેદભાવ રાખ્યા વગર કડક કાર્યવાહી અનિવાર્ય છે.

રાજકીય રીતે એક બાબતની નોંધ લેવી જોઈએ કે પંજાબમાં સરકાર બદલાતા ખાલિસ્તાની સમર્થકોએ માથુ ઉંચકવાની જે હિંમત કરી છે તે શંકા પ્રેરે છે. અગાઉની સરકારમાં ખાલિસ્તાનીઓએ માથુ ઉંચકવાની હિંમત કરી નહોતી. કારણ જે પણ હોય પરંતુ અગાઉ કોઈ અમૃતપાલસિંહ પેદા થયો નહોતો.

પંજાબમાં અરાજકતા ફેલાવવાના દુશ્મન દેશ પાકિસ્તાન દ્વારા સતત પ્રયાસો થાય છે અને થઈ રહ્યાં છે.ડ્રોન દ્વારા પંજાબમાં સરહદ પારથી હથિયારો મોકલવામાં આવે છે. આપણાં સુરક્ષાદળોએ આવા કેટલાય ડ્રોનને ઉડાવી દીધા છે. પંજાબને ભારતથી અલગ કરવાની સાજિશ પાકિસ્તાન દ્વારા 1971થી ચાલી રહ્યાં છે. અમૃતપાલસિંહ ખાલિસ્તાન ઝીંદાબાદ બોલનાર છેલ્લો દેશદ્રોહી બની રહેવો જોઈએ. ખાલિસ્તાનની માંગણી કરનારાઓ એ સ્વીકારવા તૈયાર નથી કે હિન્દુ રાષ્ટ્ર અને ખાલિસ્તાનમાં શું ફેર છે. હિન્દુ રાષ્ટ્ર માટે ભારતના કોઈ ટુકડા કરવાની જરૂર નથી પણ ખાલિસ્તાન માટે ભારતના ટુકડા કરવા એક પણ રાજા હિન્દુસ્તાની તૈયાર નહીં થાય. ખાલિસ્તાનની માંગમાં ધર્મનો પગપેસારો અથવા ધર્મની સામેલગીરી ખતરનાક છે. પંજાબને બચાવવાની જવાબદારી પંજાબના લોકોની જ છે. અને જો તેઓ રાષ્ટ્રધર્મ ભૂલીને ધર્મને અનુસરશે તો...બીજા અમૃતપાલો તૈયાર જ છે. બઠીંડાનનું સત્ય ઉજાગર થાય તો દેશ જાણી શકે.

## ભારતની મહત્વાકાંક્ષી બુલેટ ટ્રેનનું એક સ્ટેશન દરિયાની નીચે હશે...!

# નોંધી લો... 2026માં મોદી જ અમદાવાદથી બુલેટ ટ્રેનને પ્રસ્થાન કરાવશે...!

### ગુજરાતમાં 2027ની ચૂંટણીમાં બુલેટ ટ્રેન ભાજપને ફરી એકવાર સત્તાની નજીક લઇ જવામાં મદદ કરશે

સાપ્તાહિક ગુજરાત વંદન

પાનના તત્કાલિન વડા પ્રધાન શિન્ઝો આબે અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સપ્ટેમ્બર 2017માં ભારતની પ્રથમ બુલેટ ટ્રેન માટે ગ્રાઉન્ડબ્રેકિંગ સમારોહમાં હાજરી આપી હતી. ત્યારથી માર્ગમાં અનેક અવરોધોનો સામનો કરવો પડ્યો હોવા છતાં, તાજેતરના અહેવાલો દર્શાવે છે કે હાઈ-સ્પીડ ટ્રેન પ્રોગ્રામ આખરે. "ટ્રેક પર." શરૂ થયો છે.



રાજકીય વિરોધ અને કોવિડ-19-સંબંધિત વિલંબ સહિતના અવરોધો ઊભા કરનારા અનેક પરિબળોને કારણે જટિલ પ્રોજેક્ટ આ વર્ષના અંત માટે નિર્ધારિત પ્રારંભિક સમયમર્યાદા ચૂકી જશે જો કે, નવેસરથી જોમ એ ભારત અને જાપાન વચ્ચેના જોડાણની નિશાની છે જે પણ મજબૂત થઈ રહ્યું છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં, લાંબા સમયની રાહ જોયા પછી આખરે પ્રોજેક્ટ પર કામ શરૂ થયું. ભારતની સૌથી ઝડપી ટ્રેન હોવા ઉપરાંત, આ હાઈ-સ્પીડ રેલ ભારતની પ્રથમ એવી હશે જેનું દરિયાની નીચે પણ સ્ટેશન હશે...!!

ગુજરાતમાં કેટલાંક લોકો નોન-સ્ટોપ કામ કરી રહ્યા છે. તેમનો ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે શિંકનસેન (બુલેટ ટ્રેન) પર આધારિત અને જાપાન દ્વારા સહાયિત પ્રોજેક્ટનું પ્રથમ ટ્રાયલ રન 2026માં થવાની ધારણા છે. 2024માં લોકસભાની ચૂંટણીઓમાં ફરીથી ભાજપને બહુમતિ સાથે ત્રીજીવાર વડાપ્રધાનપદે નરેન્દ્ર મોદી બિરાજશે અને 2026માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં તેનું ઉદઘાટન કરે એવી ગણતરી સાથે પૂરજોશમાં કામ ધમધોકાર ચાલી રહ્યું છે.

સુરત પ્રોજેક્ટના ઈન્ચાર્જ વરિષ્ઠ નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન લિ.ના એક્ઝિક્યુટિવએ નિક્કી કહે છે- કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. એકલા સુરત સ્ટેશન પ્રોજેક્ટ પર 650 લોકો આઠ કલાકની ત્રણ શિફ્ટમાં ચોવીસ કલાક કામ કરે છે. પ્રોજેક્ટનો આ વિભાગ જૂન 2024 સુધીમાં પૂરો થવાની અપેક્ષા છે. અમદાવાદ કે જ્યાંથી ટ્રેનનો પ્રારંભ થશે ત્યાં પણ ચોવીસે કલાક કામ ચાલી રહ્યું છે. વાસ્તવમાં ગુજરાતમાં 2027ની વિધાનસભા ચૂંટણીમાં બુલેટ ટ્રેન ભાજપને ફરીએકવાર સત્તાની નજીક લઈ જવામાં મદદ કરશે.

દેશની પ્રથમ "બુલેટ" ટ્રેન પશ્ચિમ ભારતના લેન્ડસ્કેપમાંથી પસાર થશે, જે ભારતના બે મેગા શહેરો - મુંબઈ અને અમદાવાદ - વચ્ચેના 508.17 કિલોમીટરને બે કલાકમાં આવરી લેશે. ટ્રેનનું હુલામણું નામ તેના આકાર અને ઝડપ પરથી આવ્યું છે, જે બુલેટ જેવું લાગે છે.

યોજના અનુસાર, કુલ 508.17 કિલોમીટરના રેલ ટ્રેકમાંથી 21 કિલોમીટરને ભૂગર્ભ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યારે બાકીનાને એલિવેટેડ એટલે કે મોટા બિલ્લરો પર રેલવેના પાટા બિછાવવામાં આવશે. સમગ્ર અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન લાઈનમાં 12 સ્ટોપ હશે, જેમાં આઠ ગુજરાતમાં અને ચાર મહારાષ્ટ્રમાં હશે.

ગયા મહિને, જ્યારે જાપાનના વડા પ્રધાન ફ્યુમિયો કિશિદા ભારતની મુલાકાતે આવ્યા હતા, ત્યારે મોદીએ જણાવ્યું હતું કે મુંબઈ-અમદાવાદ રેલ જોડાણ બંને દેશો વચ્ચે "ઝડપી પ્રગતિ" કરી રહ્યું છે. બંને દેશોએ જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી (JICA) તરફથી સત્તાવાર વિકાસ સહાયમાં INR180 બિલિયન (US$2.1 બિલિયન)ના ચોથા હપ્તા માટે લોન કરાર પર પણ હસ્તાક્ષર કર્યા.

ભારતીય વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ મીડિયા બ્રીફિંગ દરમિયાન કહ્યું હતું કે, "બંને નેતાઓએ પ્રોજેક્ટના અમલીકરણની વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કર્યું, જે મને લાગે છે કે સારી રીતે પ્રગતિ થઈ રહી છે." આ પ્રોજેક્ટ બંને દેશો વચ્ચેના સહકારનું પ્રતીક બની ગયું છે. 2026ની સમયમર્યાદા માટે સમયસર તૈયાર થવા માટે પ્રોજેક્ટ ઝડપભેર પ્રશંસનીય છે, તેમ છતાં ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા આવા મોટા-પાયેના પ્રોજેક્ટ સંબંધિત જટિલતાઓને સમજવા માટે ઘણી અડચણો પરીક્ષા આપે છે. આમ તો 2022માં બુલેટ ટ્રેન શરૂ થવાની ગણતરી હતી. રંતુ મહારાષ્ટ્રમાં ઉધ્ધવ ઠાકરેની સરકારે મુંબઈમાં આ ટ્રેનના વિરામ માટે આરે કોલોની વિસ્તારમાં જંગલની નક્કી કરેલી જમીન ફાળવવામાં વિલંબ કરતાં સમગ્ર પ્રોજેક્ટમાં 3 વર્ષનો વિલંબ થયો.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટના પડદા પાછળ

પ્રોજેક્ટની શરૂઆત સમયે, INR1.08-ટ્રિલિયન પ્રોજેક્ટને બંને નેતાઓ દ્વારા આગળ ધપાવવામાં આવ્યો હતો. JICA 0.1% વ્યાજ દરે બિલના 81% હિસ્સો ધરાવે છે. કરાર મુજબ, લોન મેળવ્યાના 15 વર્ષ પછી 50-વર્ષની ચુકવણીનો સમયગાળો શરૂ થશે.

જાપાનની E5 Shinkansen ટેક્નોલોજીનો ઉપયોગ ભારતની બહુ અપેક્ષિત બુલેટ ટ્રેન વિકસાવવા માટે કરવામાં આવશે. જાપાની કંપની શૂન્ય-ઘાતક રેકોર્ડ ધરાવતી જાણીતી છે, જે નવી ટ્રેનને સુરક્ષિત બનાવે છે અને તેને સુપરફાસ્ટ સ્પીડ અપ આપશે અને ભારતને ચીન સહિત અત્યંત હાઈ-સ્પીડ રેલ્વે ધરાવતા દેશોની ક્લબમાં સામેલ થવામાં મદદ કરશે.

નવેમ્બર 2019 થી જૂન 2022 સુધી રાજ્યના મુખ્ય પ્રધાન રહેલા મહારાષ્ટ્ર સ્થિત રાજકીય પક્ષના નેતા ઉદ્ધવ ઠાકરે દ્વારા આ પ્રોજેક્ટની આકરી ટીકા થઈ હતી. આ પ્રોજેક્ટનો ખેડૂતો દ્વારા પણ વિરોધ કરવામાં આવ્યો હતો, જેમની જમીન તેના અમલીકરણ માટે સરકાર દ્વારા સંપાદિત કરવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં જમીન સંપાદનમાં પ્રગતિ ધીમી રહી છે, જેના કારણે પ્રોજેક્ટમાં વિલંબ થયો છે.

શરૂઆતથી, ઉદ્ધવ ઠાકરેની પાર્ટીએ ખેડૂતોનો પક્ષ લીધો જેણે તેનો વિરોધ કર્યો, 2017 માં સ્થાનિક મીડિયાને કહ્યું કે બુલેટ ટ્રેન ભારતના સામાન્ય લોકોની





ઈચ્છા નથી અને તે "ફક્ત શ્રીમંત અને શ્રીમંત વર્ગને જ પૂરી કરશે." દલીલ મુજબ, નાણાનો ઉપયોગ પરંપરાગત ટ્રેન પ્રોજેક્ટ પર વધુ સારી રીતે થશે, જેમ કે મુંબઈના વૃદ્ધ નેટવર્કને અપડેટ કરવા માટે..

એટલું જ નહીં, ભારતના વિરોધ પક્ષોએ આ પ્રોજેક્ટને "રિડન્ડન્ટ" ગણાવ્યો છે, જે બે શહેરો વચ્ચેની હવાઈ મુસાફરી જેટલી જ કિંમતનો છે. "જો તમે અમદાવાદ-મુંબઈ વચ્ચે માત્ર 3,500 રૂપિયાના ખર્ચે માત્ર એક કલાકમાં [હવાઈ માર્ગે] મુસાફરી કરી શકો છો, તો તમે તે કેમ નહીં કરો?" શિવસેનાના કાર્યકર્તા દીપક કેસરકરે એક સ્થાનિક સમાચાર આઉટલેટને જણાવ્યું હતું.

કેટલાક લોકોએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની વધુ પડતી કિંમત, જમીન સંપાદનને કારણે રહેવાસીઓને બહાર કાઢવા અને પ્રોજેક્ટની સંભવિત પ્રતિકૂળ પર્યાવરણીય અસરો અંગે ચિંતા વ્યક્ત કરી છે.

આ વિરોધને કારણે કોરોના કાળમાં જમીન સંપાદન કરવાનું વધુ મુશ્કેલ બનાવ્યું. પરંતુ મહારાષ્ટ્રમાં નવી ગઠબંધન સરકારની સ્થાપના માટે


(અનુસંધાન પેજ નં.6પર)

## ધર્મ

## પરશુરામ જયંતી: ભગવાન વિષ્ણુજીના અવતારની આ છે કથા

વૈશાખ માસના સુદ પક્ષની ત્રીજનો દિવસ અક્ષય તૃતિયા કે અખાત્રીજ તરીકે ઉજવાય છે. આ દિવસ પરશુરામ જયંતી તરીકે પણ ઉજવાય છે. આજે પરશુરામ જયંતી પણ છે. પરશુરામ ભગવાન વિષ્ણુનો છઠ્ઠો અવતાર મનાય છે. તેમનો જન્મ બ્રાહ્મણ કુળમાં થયો હતો. પિતા ઋષિ જમદગ્નિ અને માતા રેણુકાના ચોથા પુત્ર એટલે ભગવાન પરશુરામ. તેઓ ભગવાન શિવના ભક્ત હતા.

ભગવાન પરશુરામના નામ પાછળ પણ એક વાર્તા પ્રચલિત છે. પૌરાણિક માન્યતા મુજબ તેમના જન્મ સમયે તેમનું નામ રામ રખાયું હતું. તેઓ ભગવાન શિવના પરમ ભક્ત હતા અને અત્યંત કપરી તપસ્યા કરતા હતા. ત્યારબાદ ભગવાન શિવ તેમના પર ખુબ પ્રસન્ન થયા અને તેમને અનેક શસ્ત્ર-સાધનો આપ્યા. જેમાં એક હથિયાર ફર્સી (પરશુ) હતું. જે તેમનું મુખ્ય હથિયાર પણ હતું. આ હથિયાર ધારણ કર્યા બાદ તેમનું નામ પરશુરામ પડી ગયું. નોંધનીય છે કે, ભગવાન પરશુરામને તેમના પિતા તરફથી ક્યારેય પરાજીત ન થવાનું વરદાન પ્રાપ્ત હતું. તેઓ ભીષ્મ




પિતામહ, દ્રોણાચાર્ય અને કર્ણ જેવા મહારથીઓના ગુરુ પણ હતા.

એવું મનાય છે કે ભગવાન પરશુરામનો જન્મ ધરતી પર રાજાઓ દ્વારા ફેલાયેલા અધર્મ, પાપને ખતમ કરવા માટે થયો હતો. તેઓ ભગવાન શિવના એકમાત્ર શિષ્ય પણ મનાય છે. પરશુરામ સંલગ્ન અનેક પૌરાણિક કથાઓ જાણીતી છે. તેઓ તેમના જ્ઞાન, ભક્તિ ઉપરાંત ગુસ્સા માટે પણ એટલા જ જાણીતા છે.

પરશુરામ જયંતીના દિવસે પ્રતની સાથે વિધિવત રીતે પૂજા કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્યારે નિઃસંતાન લોકો આ વ્રત રાખે તો જલદી પુત્રની પ્રાપ્તિ થાય છે. ભગવાન પરશુરામની પૂજા કરવાથી વિષ્ણુ ભગવાનની પણ કૃપા જાતકો પર રહે છે.

## પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

# પરમાર્થનો પમરાટ : હેમરાજ શાહ

સાપ્તાહિક ગુજરાત વંદન


'હેમરાજ શાહ વિશે ગ્રંથ ભરીને લખાયું છે. એમણે પણ લખ્યું છે, બીજાઓએ લખ્યું છે. એમની સિદ્ધિઓની ગૌરવગાથા તો જાહેર છે. એમના હોદ્દાઓની યાદી જ પાનું ભરાઈને થાય એમ છે. પણ હેમરાજભાઈના વ્યક્તિત્વની જે છાપ છે, એના પર લખું તો એ મૈત્રી, મીઠાશ અને માનવતાના માણસ છે. વર્ષોથી એમની પાસે કોઈ શીખવા જેવી કળા લાગી હોય તો એ સંબંધ બનાવવાની કળા. એમણે બધે જ મીઠી કેરીઓના આંબા વાવ્યા છે. એ સદાય સર્વસમાજના હિતમાં પ્રવૃત્ત રહે છે. 'કોમ્યુનિટી સર્વિસ' એમનો જાણે મુખ્ય વ્યવસાય છે, પેશન છે. એમને માત્ર પોતાની જ નહીં, બીજાની મદદ કરવામાં મજા આવે છે. રાજકારણમાં સક્રિય ખરા, પણ જીવ સમાજકારણના. મુંબઈમાં ટટ્ટાર ઉભેલું ગુજરાતી ભવન એમના સપનાનો સાક્ષાત્કાર છે. હેમરાજભાઈ પાછા જમાના સાથે ચાલતા અધ્યતન આદમી છે. નવી પેઢીના પરિવર્તનો પણ સ્વીકાર કરે છે.'

- શ્રી જય વસાવડા.

શ્રી જય વસાવડા ઉપરાંત અનેક મહાનુભાવો જેમનાં વખાણ કરતાં થાકતાં નથી એવાં સેવા અને સદ્ભાવનાના પ્રતિક, ગુજરાતીઓનું ગૌરવ, સાહિત્ય - કલા અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ, અનેક પ્રવૃત્તિઓના જનક, બ્યાસી વર્ષે પણ સદા યુવાન કર્મશીલ સમાજ સેવક એવાં આદરણીય શ્રી હેમરાજ શાહ.

ગઈ ૨૨ માર્ચ, ૨૦૨૩નાં રોજ પોતાનાં જીવનનાં સુવર્ણકાળ સમા ૮૨ વર્ષનું સામાજિક અને સેવાકીય આયુષ્ય પૂર્ણ કરી, ૮૩મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે શ્રી હેમરાજ શાહનાં જીવનચરિત્ર પર આધારિત પુસ્તક 'પરમાર્થનો પમરાટ'નો વિમોચનનો કાર્યક્રમ મુંબઈ ખાતે યોજાઈ ગયો. આ પુસ્તકમાં વિવિધ ક્ષેત્રોમાં ખ્યાતિપ્રાપ્ત ૮૯ જેટલાં મહાનુભાવોની કલમે લખાયેલ લેખો છે. ભારતીય વિદ્યાભવન, મુંબઈમાં વિશેષ મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ પુસ્તકનું ભવ્યાતિભવ્ય વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તકનું નામ પણ ખૂબ જ વિશેષ રાખવામાં આવ્યું છે, 'પરમાર્થનો પમરાટ'. પુસ્તક વિમોચન પ્રસંગે મુખ્ય વક્તા શ્રી જય વસાવડા અને BAPS સ્વામીનારાયણ સંસ્થાનાં પ્રમુખ શ્રી પૂ. જ્ઞાનવત્સલ સ્વામી ઉપરાંત કવિ શ્રી મુકેશ જોશી, પ્રા. દીપક મહેતા, કવિ શ્રી હિતેન આનંદપરા, જન્મભૂમિનાં સી.ઈ.ઓ. શ્રી કુંદન વ્યાસ, મુંબઈ સમાચારનાં તંત્રીશ્રી નિલેશ દવે, મિડ-ડે ગુજરાતીનાં તંત્રીશ્રી બાદલ પંડ્યા, દિવ્ય ભાસ્કરનાં નિવાસી તંત્રીશ્રી રાજેશ પટેલ તથા અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

સામાજિક, સાહિત્યિક, સાંસ્કૃતિક અને રાજકીય કાર્યકર શ્રી હેમરાજ શાહ તેમનાં આ પુસ્તક વિશે જણાવે છે, '૮૨ વર્ષ પૂરાં કર્યાં અને ૮૨ ઉપરાંતના લેખકો-મિત્રોએ મારા વિશે લેખો લખ્યાં અને એ મુરબ્બી દીપક મહેતા અને હિતેન આનંદપરાએ સંપાદન કર્યા એ એક અજાયબી જ ગણાય. મને આ પહેલાં ૫૦, ૬૦, ૬૫ અને ૬૯ વર્ષની ઉજવણી પ્રસંગે શુભેચ્છારૂપે ૧૦૦ ઉપરાંત લેખોનું પુસ્તક 'સાધનાનું સાતત્ય' મળ્યું હતું. જેનું વિમોચન માનનીય શ્રી શરદ પવાર સાહેબે કર્યું હતું, તેને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં સ્થાન મળ્યું તે કેમ ભુલાય?'





પરોપકારની સતત સુગંધ રેલાવતાં શ્રી હેમરાજ શાહનું જીવન અને તેમનું વ્યક્તિત્વ એટલું પ્રેરણાદાયી છે કે આપણને તેમનાં દ્વારા સતત પ્રેરણા મળતી જ રહે છે. તેમનાં પ્રેરણાદાયી શબ્દો જુઓ, 'મારું જીવન ખુલ્લી કિતાબ જેવું છે. મને કોઈ વિચાર આવે પછી તે વિચારનો અમલ કેમ કરવો અને એ દિશામાં કઈ રીતે આગળ વધવું એની રૂપરેખા ઘડું. મુશ્કેલીઓનો સામનો કરીને પણ એ વિચારનો અમલ ન થાય ત્યાં સુધી શાંતિથી બેસવું એ મારા સ્વભાવમાં નથી. દ્રઢ નિશ્ચય સાથે આગળ વધીએ તો એમાં સફળતા મળે જ છે એ મારો અનુભવ છે.'

આ અદ્ભુત ગ્રંથનાં સંપાદક કવિ શ્રી હિતેન આનંદપરા પોતાનો રાજીપો વ્યક્ત કરતાં લખે છે, 'એક માણસ વિશે તમે કેટલું લખી શકો? આવો પ્રશ્ન તમને થાય તો એમાં પ્રશ્નનો કે પ્રશ્ન પૂછનારનો કોઈ વાંક નથી. વાંક એ માણસનો છે. તો જેમનો વાંક છે એ માણસ ભલા કોણ છે? તો જવાબ છે : હેમરાજ શાહ. વેલ, એમનો વાંક ભલા શું છે? તો એમનો વાંક એ છે કે એમના ખિસ્સાની પાછળ જે દિલ છે એમાં ફાટફાટ પ્રેમ ભર્યો છે. વળી મુશ્કેલી એ છે કે આ સરવાણી ખાલી થતી જ નથી, વહ્યા જ કરે છે. આ હેમ-પ્રેમને કારણે આટલા બધાં નામી મિત્રો આ પુસ્તકમાં જોડાયા છે. ખરેખર સૌ લેખકોને વ્યક્તિગત વંદન એટલા માટે કે તેમણે સમય ફાળવીને અને મિત્ર પ્રત્યેનો પ્રણય જાળવીને શબ્દોને ક્રમાંકિત કર્યા છે.'

આદરણીય શ્રી પ્રા. દીપક મહેતા પુસ્તકમાં પોતાની લાગણી વ્યક્ત કરતાં લખે છે, 'વેણીભાઈ પુરોહિતનું એક જાણીતું ગીત છે : 'હું પોતે મારામાં છલકું, પંચામૃતનું પારાવાર.' હેમરાજ શાહનું વ્યક્તિત્વ પણ પંચામૃત જેવું છે. એ પોતાનાં વ્યવસાયને દક્ષતાથી સંભાળે છે. રાજકારણમાં સક્રિયપણે સામેલ રહે છે, મુંબઈનાં ગુજરાતીઓની નાનીમોટી તકલીફ દૂર કરવા હંમેશ પ્રયત્નશીલ રહે છે, જુદી જુદી સંસ્થાઓનું કામકાજ કુશળતાથી સંભાળે છે, અને આ બધાં કામો સાથે સતત લખતા-લખાવતા રહે છે. તેમનાં પોતાનાં લખેલાં અને સંપાદન કરેલાં પુસ્તકોની સંખ્યા હવે તો પચાસને આંબી ગઈ છે.'

સ્મિત, સાલસતા, સહજતા અને સર્વપ્રિયતાનાં ગુણી શ્રી હેમરાજ શાહ વિશે આ પુસ્તકમાં ૮૯ લેખકો અને મિત્રોએ ખૂબ જ ઉમળકાથી તેમની કલમ ચલાવી છે, પોતાનાં હૃદયમાં રહેલી લાગણીને વ્યક્ત કરી છે. મહારાષ્ટ્ર વિધાનસભાનાં પૂર્વ અધ્યક્ષ શ્રી અરૂણ ગુજરાથી થી શરૂ કરીને શ્રી આણંદજીભાઈ, શ્રી આસિત મોદી, શ્રી આશુ પટેલ, શ્રી કીર્તિ ખત્રી, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રી કુંદન વ્યાસ, શ્રી જોરાવરસિંહ જાદવ, શ્રી પ્રવીણ કે. લહેરી, શ્રી ભદ્રાયુ વચ્છરાજાણી, સ્વામી શ્રી માધવપ્રિયદાસજી, શ્રી રજનીકુમાર પંડ્યા, શ્રી રમેશ તન્ના, શ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા, શ્રી વિનેશ અંતાણી, શ્રી શાહબુદ્દીન રાઠોડ ઉપરાંત અનેક નામી લેખકોની કલમે આ સુંદર પુસ્તક મઢાયેલું છે. 'પરમાર્થનો પમરાટ' શ્રી હેમરાજ શાહનું ઘટનાસભર અને બેહદ પ્રેરક સફરનું શાબ્દિક પ્રતિબિંબ છે. એમાં ઝળકતી ખૂબીઓથી વાચક તરીકે અભિભૂત થવા સાથે માનવ તરીકે કંઈક નવું શીખ્યાનું અનુભવાય છે. તો માણો આ પુસ્તક અને ઉજવો જીવનનો ઉત્સવ.

વિનેશ અંતાણીએ પણ પુસ્તકમાં લખ્યું છે કે, 'ઉંમરના આ પડાવ પર હેમરાજભાઈ એવી જ શાતાનો અનુભવ કરતા હશે. પ્રવૃત્તિમાંથી પરવારવું એમને પોષાય નહીં. પ્રવૃત્તિમય રહેવાની એમની ધધક એમને જીવનનાં કોઈ પણ તબક્કે નિરાંતે બેસવા દેશે નહીં. પ્રવૃત્તિપુરુષ એમ જલદી થાકતો નથી. દરેક નવી ક્ષણ, દરેક નવો વિચાર. નવી પરિકલ્પના, નવો પ્રકલ્પ એમને નવી ઉર્જા આપે અને હજી પણ બાકી રહી ગયેલાં કાર્યો કરવાની શક્તિ આપે એથી યોગ્ય જન્મદિન-શુભેચ્છા હેમરાજ શાહ માટે હોઈ શકે નહીં. એક્યાસીમાં જન્મ દિવસે બહાર પડેલી હેમરાજભાઈની જીવનગાથા 'જીવન એક સફર'ના અંતે એમણે કહ્યું છે: 'મને ઈશ્વરે આપેલું જીવન હું ખૂબ સારી રીતે જીવ્યો છું. મને મારા જીવન પ્રત્યે કોઈ ફરિયાદો નથી. મારાથી શક્ય એટલી મેં સમાજસેવા કરી છે. હજુ પણ જ્યાં સુધી શરીર સાથ આપે ત્યાં સુધી હું આવાં કાર્યો કરવાની ઈચ્છા ધરાવું છું.' એમની આ વાત એમનો મેનિફિસ્ટો છે અને ભાવિ પેઢી માટે વસિયતનામું છે.'

## રસદર્શન

# પ્રારંભિક તબક્કામાં તક માટેની જો ખબર પડે તો તે અફસોસ છે અને મોડી ખબર પડે તો પસ્તાવો!

સાપ્તાહિક ગુજરાત વંદન

**લીલાંછમ ઘાસમાં વરસાદ વેરાયાની ક્ષણ વચ્ચે**
**પગરખાં શોધવા નીકળ્યાં ચરણ, એની ઉદાસી છે.**
**- મિલિન્દ ગઢવી**

આ શેરમાં, યુવા કવિ મિલિન્દ ગઢવી ખુબ સુંદર વાત લઈને આવ્યા છે,

આવેલી તક....વિલંબિત નિર્ણય....નબળો અમલ... થયેલો અહેસાસ.... પરિણામ ઉદાસી અને લાગણીની પરિસ્થિતિ!

જેને ઈમોશન્સ કહીએ છીએ તે માનવ સ્વભાવની લાગણીના બે પ્રકાર હોય છે, પ્રાઈમરી અને સેકન્ડરી, પ્રાયમરી ઈમોશન એટલે અવસ્થાનું મૂળ અને સેકન્ડરી ઈમોશન એટલે અવસ્થા નું પરિણામ જેને ઉદાસી તરીકે ઓળખીએ છીએ !

લીલાછમ ઘાસમાં વરસાદ વેરાયાંની ક્ષણ તે અવસ્થા છે, અને તે ગુમાવ્યાની તકની ક્ષણ તેનું પરિણામ ઉદાસી છે.

પ્રારંભિક તબક્કામાં તક માટેની જો ખબર પડે તો તે અફસોસ છે અને મોડી ખબર પડે તો પસ્તાવો! અફસોસથી ઉદાસી અને પસ્તાવાથી હતાશા!

થાઈલેંડના એક માણસની વાત છે, જે હંમેશા લોટરી નંબરો કાઢતો એકાદ નંબર થી ચૂકી જતો, એક સમયે ફરીવાર તેણે નંબર કાઢ્યો, તે જ નંબર પ્રથમ ઈનામ હતું પરંતુ, તે ટિકિટ ખરીદવાનું ભૂલી ગયો હતો.

ઉદાસી માનવ જીવનની એક એવી લાગણી છે જેના મૂળ, તકની વ્યાપકતા અને તેને છોડવાની ગંભીરતા ઉપર આધાર રાખે છે

આપણે કેટલીક વાર આપણા વર્તન અને તેના પરિણામોનું વિશ્લેષણ કરીને પાઠ શીખી શકીએ છીએ? આ



સર્વવ્યાપક ભાવનાની ઉદાસીની પાછળ કદાચ અફસોસ પણ થાય! અફસોસ ( એ એક નકારાત્મક, જ્ઞાનાત્મક અથવા ભાવનાત્મક સ્થિતિ છે જેમાં પોતાને મળેલા ખરાબ પરિણામ માટે દોષનું પૃથક્કરણ, જે થઈ શકે છે. ) ખાસ કરીને અફસોસ, અનુભવ માટે દુઃખદાયક હોવા છતાં, તે સહાયક લાગણી બની શકે છે. અફસોસની પીડાને પુનઃ ધ્યાન કેન્દ્રિત કરવા અને સુધારાત્મક પગલાં લેવામાં અથવા કોઈ નવો રસ્તો અપનાવવામાં પરિણમી શકે છે.

ઉદાસી તેનો ટ્રીગર પોઈંટ!

એટલી ખબર પડે તે બહુ છે, કે ઉદાસી કેમ છે જો ઉદાસીનું કારણ ખબર જ ન પડે તો તે હતાશા કહેવાય છે !

પરિસ્થિતિને બદલવાની જેટલી તક હોય છે તો, સંભવ છે કે અફસોસ નવી વિચારધારામાં ફેરવાઈ શકે છે.

બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ અલગ પરિણામની કલ્પના કરવી જેટલી સરળ છે, તો આપણે ગુમાવેલી તકનો અફસોસ થવાની સંભાવના વધુ છે.

-હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# અમદાવાદ: ઢોર રાખવા માટે હવે લાઈસન્સ અને પરમિટ લેવી પડશે

## RFID અને ટેગ લગાવવો પણ ફરજિયાત, HCની ફિટકાર બાદ AMCની નવી પોલિસી

ગુજરાત | વંદન

રખડતા ઢોર મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા રખડતા ઢોર અંગે કેટલીય વખત રાજ્ય સરકાર અને મહાનગર પાલિકાને ફિટકાર આપી છે. તેમ છતા રખડતા ઢોર અંગે કોઈ મજબૂત પગલા લેવાતા નથી. ત્યારે ગુજરાત હાઈકોર્ટે જાટકણી કાઢ્યા બાદ AMC દ્વારા નવી પોલિસી તૈયાર કરવામાં આવી છે.

રખડતા ઢોર અંગે AMC દ્વારા બનાવેલી નવી પોલીસી અંતર્ગત ઢોર રાખનાર વ્યક્તિ કે સંસ્થાને લાઈસન્સ અને પરમીટ ફરજિયાત લેવુ પડશે.વ્યવસાયિક હેતુ માટે ઉપયોગ થતા પશુ માટેનું લાઈસન્સ લેવુ ફરજિયાત છે. ઢોર માલિકોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને લાઈસન્સ અને પરમીટનો ચાર્જ ચૂકવવાનો રહશે. આ લાઈસન્સ અને પરમીટની મુદ્દત ત્રણ વર્ષની રહેશે. જો લાઈસન્સ અને પરમીટમાં દર્શાવેલા ઢોરની સંખ્યા કરતા માલિક પાસે વધુ ઢોર હશે તો ઢોર માલિક સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. ઢોર માલિકોએ ત્રણ વર્ષ માટે લાઈસન્સની ફી રૂપિયા 2 હજાર તથા પરમીટ માટે 500 રૂપિયા ભરવા પડશે.

ઢોર માલિકે દર ત્રણ વર્ષે લાઈસન્સ અને પરમીટની રકમ ચૂકવીને રિન્યુ કરાવવાની રહેશે. જ્યારે પાંજરાપોળ અને ગૌશાળા



તેમજ માન્ય સંસ્થાઓને પણ ફરિજયાત લાઈસન્સ અને પરમીટ લેવાની રહેશે.

પોલીસી જાહેર થતા બે માસમાં જ RFID અને ટેગ લગાવવો ફરજિયાત રહેશે. ઢોર પર RFID અને ટેગ નહીં હોય તો પશુ દીઠ 200 ચાર્જ અને ત્યાર બાદ 1 હજાર રૂપિયા ચાર્જ ચુકવવો પડશે. ચાર મહિનામાં ટેગ અને અથવ તો RFID નહીં હોય તો ઢોરને ડબ્બે પુરવામાં આવશે અને માલિક વિરુદ્ધ ફરિયાદ નોંવામાં આવશે. જ્યારે ઘાસ વેચતા વેપારીઓને પણ વેચાણ માટે ફરિજયાત પણ લાઈસન્સ લેવુ રહેશે.

રખડતા ઢોર અંગે ગુજરાત હાઈકોર્ટ આકરાપાણીએ છે ત્યારે ગુજરાત હાઈકોર્ટના નિર્દેશનું ચુસ્ત પણે પાલન કરવામાં આવ્યું છે. AMC દ્વારા શહેરમાં રોડ પર પશુ રખડતા ન જોવા મળે, ઢોરને કારણે થતા અકસ્માતનો નિવારી શકાય અને ઢોરને પકડવાની કામગીરીને ચુસ્ત કરવામાં આવે તે તમામ નિયમોને આ પોલિસી અંતર્ગત સાંકળી લેવામાં આવ્યા છે.

## ચાંદખેડામાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતી યુવતી ઝડપાઈ



ગુજરાત | વંદન

ચાંદખેડાના પાશ્વનાથ મેટ્રો સીટીના બ્લોકના ત્રીજા માળે આવેલી લોબીમાં આઈપીએલની ટી-૨૦ મેચ પર ઓનલાઈન ક્રીકેટ સટ્ટો રમતી યુવતીને બુધવારે રાત્રે પોલીસે ઝડપી લીધી હતી.આ કેસ પરથી સટ્ટા રેકેટમાં યુવતીઓ સંડોવાયાનો ખુલાસો થયો હતો. પોલીસ તપાસમાં ખુલેલી વિગતો મુજબ યુવતીને ક્રાઉનએક્ચેનન્જ નામની આઈડી નરોડાની રીયા પટેલ નામની યુવતીએ આપી હતી. ચાંદખેડા પોલીસે ગુનો દાખલ કરી ફરાર રીયા પટેલની શોધખોળ હાથ ધરી છે.

## શ્રમિકો માટે શ્રમ ભવન ખાતે શ્રમિક નેતા...




અમદાવાદ નજીક સાણંદમાં પ્લાન્ટ ધરાવતી અમેરિકન કંપની ફોર્ડ મોટર્સ દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ અને શ્રમ કાનૂનોનું સદંતર ઉલ્લંઘન કરી 355 કામદારોને કાઢી મુકવાની તજવીજ સામે કોંગ્રેસના યુવા ધારાસભ્ય અને એક્ટીવિસ્ટ જીજ્ઞેશ મેવાણીએ શ્રમ ભવન ખાતે જઈને શ્રમિકોની લાગણી વ્યક્ત કરી હતી અને અસરગ્રસ્ત શ્રમિકોની ઉપસ્થિતિમાં ડેપ્યુટી કમિશનર ઓફ લેબરને રજૂઆત કરી હતી. (તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

## સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ) આવનાર સપ્તાહમાં સંતાન સંબંધી કોઈ કાર્ય પૂર્ણ થશે તો રાહત રહેશે. સંબંધીઓ સાથે મળીને કેટલીક વિશેષ યોજનાઓ પર ચર્ચા થશે.આર્થિકે સમસ્યાઓ પણ દૂર થશે. નવા સત્રની શરૂઆતમાં વિદ્યાર્થીઓને કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. તમારું મનોબળ મજબૂત રાખો.

**વૃષભ** (બ.વ.ઉ) આ અઠવાડિયે કોઈ ખાસ હેતુનો ઉકેલ આવવાનો છે. તમારા સંબંધીઓનો યોજનાઓમાં સંપૂર્ણ સહયોગ મળશે. ધાર્મિક સંસ્થામાં હાજરી આપવાની તક પણ મળશે. ઝડપથી સફળતાની ઈચ્છામાં કોઈ ખોટો રસ્તો ન વાપરો. અને ધીરજ રાખવી. વ્યવસાયમાં કંઈક નવું કરવાની યોજના બનશે.

**મિથુન** (ક.છ.ઘ) આવનાર સમયમાં થોડી પ્રતિકૂળતા રહેશે. મનોબળ સાથે તમારા કાર્યને સફળ બનાવો. ઘરની જાળવણી સંબંધિત સામાનની ઓનલાઈન ખરીદીમાં સારો સમય પસાર થશે. ઘરની વ્યસ્તતાને કારણે તમે કોઈ મહત્વપૂર્ણ કામ છોડી શકો છો, દિનચર્યાને વ્યવસ્થિત રાખવી જરૂરી છે.

**કર્ક** (ડ.હ) ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યોમાં તમારી શ્રદ્ધા વધશે. વરિષ્ઠોનું માર્ગદર્શન અને સહયોગ રહેશે. શાંતિ અને આરામનો અનુભવ થશે. તમારો શંકાસ્પદ અને શંકાશીલ સ્વભાવ પોતાના માટે થોડી મુશ્કેલી ઊભી કરી શકે છે. ધંધામાં થોડી અડચણો આવશે પણ શાંતિપૂર્ણ રીતે ખર્ચ થશે.

**સિંહ** (મ.ટ) પ્રોપર્ટી સંબંધિત કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે. અભ્યાસ કરતા બાળકો માટે સમય જ્ઞાનવર્ધક બન્યો છે. પૈસાની લેવડ-દેવડને કારણે કેટલાક સંબંધોમાં ખટાશ આવી શકે છે. તમારા વ્યવસાય વિશે વધુ વિચારવાની જરૂર છે કાર્યક્ષેત્રમાં પરિવર્તનની સ્થિતિ સર્જાઈ રહી છે.

**કન્યા** (પ.ઠ.ણ) આત્મચિંતન અને ધ્યાન માં થોડો સમય વિતાવો, તમને આધ્યાત્મિક અને માનસિક શાંતિ મળશે. ઘર સંબંધિત વસ્તુઓ માટે અતિશય ઓનલાઈન શોપિંગમાં વ્યર્થ ખર્ચ થશે. બીજાની સમસ્યાઓમાં સામેલ થવાથી વ્યક્તિગત કાર્ય પ્રભાવિત થઈ શકે છે. બિઝનેસમાં તમામ નિર્ણયો જાતે જ લો.

**તુલા** (ર.ત) તમે તમારી ક્ષમતાના બળ પર કંઈક એવું કરવા જઈ રહ્યા છો. જેના કારણે તમે પણ તમારી સિદ્ધિ પર ગર્વ અનુભવશો. યુવાનો ભવિષ્ય અંગે ગંભીર રહેશે અને સખત મહેનત કરશે. આળસને કારણે કામ સ્થગિત કરવું યોગ્ય નથી. કોઈ નજીક સંબંધીઓ સાથે ગેરસમજને કારણે મતભેદો થઈ શકે છે.

**વૃશ્ચિક** (ન.ય) વ્યસ્ત દિનચર્યામાં થોડો સમય તમારી રુચિના કામ માટે કાઢો. તેનાથી માનસિક શાંતિ મળશે. ફોન કોલ દ્વારા મહત્વપૂર્ણ માહિતી મળવાની સંભાવના છે. ભવિષ્યની કોઈપણ યોજના બનાવતી વખતે તમારા નિર્ણયોને પ્રાધાન્ય આપો અન્ય પર વિશ્વાસ કરવો નુકસાનકારક હોઈ શકે છે.

**ધન** (ભ.ધ.ફ) સપ્તાહની શરૂઆતમાં પૂરા આત્મવિશ્વાસ સાથે સંપૂર્ણ રૂપરેખા બનાવો. તમારી સિદ્ધિઓ હાંસલ કરવા માટે સખત મહેનત કરો. નકારાત્મક અર્થની વાતો પર ધ્યાન ન આપીને તમારા કામમાં મગ્ન રહો. જો નજીકના સંબંધી સાથે અણબનાવની સ્થિતિ ઊભી થાય છે.

**મકર** (ખ.જ) સંજોગોમાં સુસંગતતા રહેશે. શારીરિક અને માનસિક ઉર્જા જળવાઈ રહેશે. યુવાનો તેમના ભવિષ્ય માટે સંપૂર્ણપણે ગંભીર અને કેન્દ્રિત રહેશે. તમારા ગુસ્સા અને જુસ્સા પર નિયંત્રણ રાખવું ખૂબ જ જરૂરી છે. બિનજરૂરી ખર્ચાઓ પર નિયંત્રણ રાખો, નહીં તો બજેટ ખોરવાઈ જશે.

**કુંભ** (ગ.સ.શ.ષ) આ અઠવાડિયે ગ્રહોની સ્થિતિ કંઈક સારું પરિણામ આપશે, પૈતૃક જમીન-પ્રોપર્ટી સંબંધિત કોઈ કામ અટવાયું હોય તો તેનો ઉકેલ લાવવા યોગ્ય સમય છે. વ્યર્થ વાદ-વિવાદમાં તમારો સમય બગાડો નહીં, સમય વેડફવા સિવાય કંઈ જ મળશે નહીં. સફળતા તમારા માટે નિશ્ચિત છે.

**મીન** (દ.ચ.ઝ) આવનાર સપ્તાહ અનેક કાર્યોમાં વ્યસ્તતા રહેશે, ઘરમાં પ્રિય સ્વજનોના આગમનથી આનંદનું વાતાવરણ રહેશે અને પરસ્પર વિચારોના આદાનપ્રદાન દ્વારા વર્તનમાં સકારાત્મક પરિવર્તન આવશે. નાણાં સંબંધિત તમારા અટકેલા કાર્યોને સમયસર પૂરા કરવાનો પ્રયાસ કરવો. બેદરકારી સંબંધોમાં તિરાડ પેદા કરી શકે છે. વેપારમાં દૂરના પક્ષો સાથે સંપર્કો બનશે.

### કોંગ્રેસના સાંસદ શક્તિસિંહે તઘલખી નિર્ણય ગણાવ્યો હતો

## હવે ભાવનગર-ધોલેરા હાઈવે નહીં થાય બંધ, વિરોધ શરૂ થતાં નિર્ણય રદ કરાયું

ગુજરાત | વંદન

ધોલેરા અમદાવાદ 4 લેઈન એક્સપ્રેસ-વે નિર્માણ કાર્યને લઈ અમદાવાદ- ભાવનગર મુસાફરી માટે અમદાવાદ ડિસ્ટ્રિક્ક્ટ મેજીસ્ટ્રેટ દ્વારા અમદાવાદ-ભાવનગર મુસાફરી માટે ટ્રાફિક વિભાગનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં હવેથી ભાવનગર જવા માટે વાયા ધંધુકા, વલભીપુર થઈને જવાનું રહેશે. તે ઉપરાંત વડોદરા જવા માટે પણ વલભીપુર થઈને જવું પડશે.

આ રસ્તો અચાનક બંધ કરવાના નિર્ણયને કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલે તઘલખી નિર્ણય ગણાવ્યો છે.તે ઉપરાંત જાહેરનામા અંગે વિરોધ વધતાં



આખરે આ જાહેરનામું રદ કરવામાં આવ્યું છે.

કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલે મીડિયાને કહ્યું હતું કે, ભાવનગર અમદાવાદનો રસ્તો અચાનક બંધ કરવાનો નિર્ણય તઘલખી છે. 4 લેઈન એક્સપ્રેસ-વે નિર્માણ કાર્યને લઈ અપાયેલ 80 કિ.મી લાંબુ ડાયવર્ઝન યોગ્ય નથી. આ રસ્તા પર આવેલા ગામડાના લોકોને મોટી પરેશાનીનો સામનો કરવો પડશે. તેમણે આ રસ્તો અચાનક બંધ કરવાના નિર્ણય સામે પણ સવાલો ઉઠાવ્યા હતાં. તે ઉપરાંત આ હાઈવેની આસપાસના ગામડાના લોકોમાં પણ વિરોધનો સુર ઉભો થયો હતો. જેના કારણે આ જાહેરનામું રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હાલ ધોલેરા અમદાવાદ એક્સપ્રેસ વેનું કામકાજ ચાલી રહ્યુ છે. જેને પગલે ભાવનગરથી અમદાવાદ જતા તમામ પ્રકારના વાહનોનો રૂટ ડાયવર્ટ કરાયો હતો. આ માટે જાહેરનામુ બહાર પાડવામા આવ્યુ હતું. જે મુજબ, ભાવનગરથી વાયા વલ્લભીપુર, બરવાળા, ધંધુકા અને બગોદરા થઈને જઈ શકાશે. ધોલેરા એક્સપ્રેસ વે પર આવેલા ગામડાઓ માટે અલગ થી ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું.

## જાહેરમાં કચરો નાંખનાર રેસ્ટોરન્ટને AMCએ બે લાખનો દંડ ફટકાર્યો

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા તેમજ જાહેર રોડ ઉપર ગંદકી કરતા એકમો સામે એએમસી દ્વારા લાલ આંખ કરાઈ છે. શહેરના એસજી હાઈવે પર આવેલ બ્લેક બઘેરા રેસ્ટોરન્ટ દ્વારા મોટા ઢગલો કરી કચરો સળગવવાનું તથા પર્યવારણ પ્રદૂષિત કરવા બદલ 2 લાખનો દંડ ફટકાર્યો છે.

નાગરિક દ્વારા કરાયેલા ટ્વિટરના માધ્યમથી મળેલી ફરિયાદ પર એએમસી સોલિડ વેસ્ટ વિભાગની ટીમ દ્વારા તાબડતોડ ઘટના સ્થળની મુલાકાત લેવામાં આવી હતી. સોલિડ વેસ્ટ મેનજમેન્ટ ટીમ દ્વારા જાત તપાસ કરી બ્લેક બઘેરા નામની રેસ્ટોરન્ટ દ્વારા મોટા ઢગલો કરી કચરો સળગાવવાનું તથા પર્યાવરણ પ્રદૂષિત કરતી ફરિયાદ સાચુ હોવાનું માલુમ પડેલ હતું. જેથી સદર એકમને તાકીદે બાળેલ કચરો ઓલવી નાખી સુચના આપી હતી.

સોલિડ વેસ્ટ વિભાગની ટીમ દ્વારા ઘટના સ્થળ પર જ બ્લેક બઘેરા રેસ્ટરન્ટને નિયમોના ઉલ્લઘન બદલ રૂપિયા 2 લાખનો દંડ ભરવા નોટિસ ઈશ્યુ કરવામાં આવી હતી

### AMCના ટેક્ષ કરદાતાઓ માટે પ્રથમવાર 15 ટકા રિબેટ મળશે

## વર્ષ 2023-24 માટે AMCની એડવાન્સ રિબેટ સ્કીમ જાહેર કરાઈ

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 15% સુધી એડવાન્સ રીબેટ યોજના જાહેર કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સને 2023-24ના અંદાજપત્રમાં થયેલ ઠરાવ નં.1 મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ટેક્ષ નિયમિતપણે, સમયસર ભરતા નાગરિકોને પ્રોત્સાહન આપવા રિબેટ યોજના જાહેર કરાઈ છે. તેમજ ઓનલાઈન માધ્યમથી એડવાન્સ ટેક્ષ ભરનાર કરદાતાઓને વધુ રાહત આપવાના હેતુસર જે કરદાતાઓએ સને 2022-23 સુધીનો સંપૂર્ણ ટેક્ષ, સેસ, વેરા, રેન્ટ વ્યાજ વિગેરે ભરેલ હોય અને માંગણું શુન્ય કરાવેલ હોય તેઓ પણ ફાયદો કરવામાં આવશે.

વર્ષ 2023-24નો પ્રોપર્ટી ટેક્ષ એડવાન્સમાં તા.18/04/2023 થી તા.17/05/2023 સુધીમાં ભરપાઈ કરે તો તેવા કરદાતાઓને ચાલુ વર્ષ 2023-24 ની મ્યુ. પ્રોપર્ટી ટેક્ષની રકમ (જનરલટેક્ષ + વોટર ટેક્ષ + કોન્ઝરવન્સી ટેક્ષ) ઉપર રાહત આપવામા આવશે.

નાણાંકીય વર્ષ 2023-24 માટે AMCની એડવાન્સ રિબેટ સ્કીમ જાહેર કરાઈ છે જે આગામી 18 એપ્રિલથી 17 મે દરમ્યાન અમલમાં માટે મુકાઈ છે. AMC



ના બજેટમાં કરાયેલી જાહેરાત મુજબ રેવન્યુ કમિટીમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમા પ્રત્યક્ષ અને ઓનલાઈન પદ્ધતિ પેયમેન્ટ માટે અલગ-અલગ ટકા મુજબ રિબેટ મળશે. ચાલુ વર્ષનો એડવાન્સ ટેક્સ પ્રત્યક્ષ ભરનારને તોતિંગ 12 ટકા તેમજ પાછલા ત્રણ વર્ષમાં એડવાન્સ ટેક્સ ભર્યો હોય તો વધુ 2 ટકા રિબેટ મળશે.

આજ રીતે ચાલુ વર્ષનો એડવાન્સમાં ભરનારને 12 અને અગાઉ 3 વર્ષનો એડવાન્સમાં ભરનારને 2 ટકા ઓનલાઈન ટેક્સ ભરનારને વધુ 1 ટકા મળી કુલ 15 ટકા રિબેટ આપવામાં આવશે. એડવાન્સ ટેકસ સ્કીમ થકી એએમસીને ચાલુ નાણાંકીય વર્ષમાં 400 કરોડના આવકનો અંદાજ છે. ત્યાં જ એક કરતા વધુ વર્ષ માટે પણ એડવાન્સ ટેક્સ ભરવા માંગતા કરદાતાને પણ મોટો લાભ મળશે. વ્યાજમાફી યોજના પણ અમલમાં હોવાથી કરદાતા ડબલ બોનાન્ઝા સ્કીમનો લાભ પણ મળેવી શકશે.

### અમદાવાદમાં RSSનું શક્તિ પ્રદર્શન

## મતભેદ ભૂલીને દેશ હિત માટે એક થવું જરૂરી: મોહન ભાગવત

ગુજરાત | વંદન

અમદાવાદના GMDC ગ્રાઉન્ડમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) દ્વારા શક્તિ પ્રદર્શન યોજવામાં આવ્યું છે. જે અંતર્ગત અહીં 'સમાજશક્તિ સંગમ' કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં આરએસએસના વડા મોહન ભાગવત પણ હાજર રહ્યા હતા. જ્યાં તેમણે સંબોધન કરતા જણાવ્યું હતું કે, મતભેદ ભૂલીને દેશ હિત માટે એક થવું જરુરી છે.

આજના દિવસે 14 એપ્રિલ ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ હોવાથી તેમને યાદ કરતા મોહન ભાગવતે બાબાસાહેબના મૂલ્યોને આગળ વધારવાનું લક્ષ્ય રાખવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં સીએમ ભૂપેન્દ્ર




પટેલ ઉપરાંત હજારો સ્વયં સેવકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં સર સંઘચાલક મોહન ભાગવત, કર્ણાવતી સંઘ ચાલક મહેશ પરીખ, ગુજરાત પ્રાંત સંઘ ચાલક ડો. ભરત પટેલ, પશ્ચિમના સંઘ ચાલક ડો. જયંતિ ભાડેશીયા સહિતના લોકો હાજર રહ્યા હતા. નોંધનીય છે કે, 8 વર્ષ બાદ આરએસએસના વડા મોહન ભાગવત ગુજરાતમાં કોઈ જાહેર મંચ પરથી સંબોધન કર્યું છે.


### મહિલાની હત્યા કરનાર પૂર્વ પ્રેમી જ હોવાનું સામે આવ્યું

## રામોલ વિસ્તારમાં મહિલાની હત્યાનો ભેદ ગણતરીના સમયમાં ઉકેલાયો...

ગુજરાત | વંદન

અમદાવાદના રામોલ વિસ્તારમાં મહિલાની થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો છે. મહિલાની હત્યા કરનાર અન્ય કોઈ નહિ પણ પૂર્વ પ્રેમી જ હોવાનું સામે આવ્યું છે. મૃતક મહિલાને હાલના પ્રેમી સાથે આરોપી જોઈ જતા તેની સાથે મહિલાએ બબાલ કરી હતી. એ જ બાબતને લઈને હત્યા કરી આરોપીએ લાશનો નિકાલ કર્યો હતો.

સીટીએમ એક્સપ્રેસ હાઈવે પરથી મહિલાનો મૃતદેહ મળી આવતા અનેક તર્કવિતર્કો સર્જાયા હતા. પોલીસે તપાસ કરી જે બાદ મૃતક મહિલાના ભાઈએ મૃતદેહની ઓળખ કરી હતી. આ




મૃતદેહ તુલસી મકવાણાનો હોવાનું જાણવા મળ્યું હતું. મહત્વનુ છે કે આ યુવતીની માનસિક સ્થિતી સારી ન હોવાનું સામે આવ્યું હતું. આ મહિલાનો પોસ્ટમોર્ટમ રીપોર્ટ થયા બાદ તેની હત્યા થઈ હોવાનો પણ ખુલાસો થયો હતો. મૃતક મહિલાના ભાઈએ અજાણ્યા શખ્સ સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ પોલીસે ગણતરીના સમયમાં હત્યાનો ભેદ ઉકેલ્યો હતો. મહિલા અને તેનો પ્રેમી ખારીકટ કેનાલ પાસે બેઠા હતા ત્યારે આરોપી શંકર ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે તુલસીએ તેના હાલના પ્રેમી અંગે કોઈને ખબર ન પડવી જોઈએ નહીં તો સારું નહીં થાય તેમ કહેતા આરોપી અને મહિલા વચ્ચે બબાલ શરૂ થઈ હતી. આરોપીનો મૃતક મહિલાએ કોલર પકડી ઝપાઝપી કરતા આરોપીએ મહિલાને ધક્કો માર્યો હતો. લોખંડની ઈંગલ મહિલાને માથામાં વાગતા તે બેભાન થઈ ગઈ. જેથી પેડલ રિક્ષામાં તેને નાખી આરોપીએ લાશને સિટીએમ બ્રિજ નીચે નાખી દીધી હતી. જેના એક માત્ર ફુટેજના આધારે પોલીસે આરોપીને શોધી કાઢી વણઉકેલાયેલા હત્યાના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

## શબ્દોની સંતાકૂકડી 57 — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 3 | ■ | 3 | 4 | 5 |
| | ■ | 6 | | ■ | 7 | |
| ■ | 8 | | ■ | 9 | ■ | |
| 10 | | ■ | 11 | | 12 | ■ |
| 13 | | 14 | | ■ | 15 | 16 |
| | ■ | | ■ | 17 | ■ | |
| ■ | 18 | | | | | |

**ઊભી ચાવી**

(1) લોટમાં ઘી-ગોળ નાખી બનાવેલો ગોળો, લાડવો [2]
(2) કરન્સી, ચલણી નાણું [3]
(4) ગર્વ, ભારે ખુમારી, કેફ [2]
(5) આલેખ, મેપ, ચાર્ટ [3]
(8) રીત, રિવાજ, પ્રથા, શિરસ્તો [3]
(9) વાંસની ટોપલી [2]
(10) કપિ, વાનર [3]
(11)એક રાજસ્થાની વાની - દાલ-...... [2]
(12) ફાટ, ચીરો [2]
(14) નિસરણી, સીડી [3]
(16) જહાજ, નાવ, મોટો મછવો [3]
(17) એક વસ્તુ ઉપર બીજી વસ્તુ દબાવતાં પડતી પ્રતિકૃતિ [2]

**આડી ચાવી**

(1) લાંચ, લાલસા, લોભ [3]
(3) ફૂલ, પુષ્પ, કુસુમ [3]
(6) નિશાન, ધ્યાન, એકાગ્રતા [2]
(7) અહીં કદ આડુંઅવળું થયું છે [2]
(8) રેતીનું મેદાન, વગડો, રાન [2]
(10) કડિયાનું ઈંટ છોલવાનું ઓજાર [2]
(11)મુદ્દો, હેતુ, કારણ [3]
(13) સખત ધમકી [4]
(15) કબૂતરને અંગ્રેજીમાં કહેવાય [2]
(18) સંગેમરમર, એક કીમતી પથ્થર [6]

શબ્દોની સંતાકૂકડી-57 નો ઉકેલ આવતા અંકે

**શબ્દોની સંતાકૂકડી-56નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ન | 2 ફ | ર | 3 ત | ■ | 4 લા | ગ |
| 5 વ | ર | ■ | 6 ક | 7 ત | લ | ■ |
| ■ | 8 જ | 9 મા | ■ | 10 ર | ચ | 11 ના |
| 12 સં | ■ | 13 વ | દ | જુ | ■ | દ |
| 14 ભા | ર | ત | ■ | 15 મો | 16 હ | ■ |
| ર | ■ | 17 ર | 18 જા | ■ | 19 દ | 20 મ |
| ■ | 21 હા | ■ | 22 ત્રા | સ | ■ | ન |

## કોયડો નં. 59 સુડોકુ — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | 9 | | | | 6 | | |
| | 4 | | 8 | 7 | | | 1 | 2 |
| 8 | | | | 1 | 9 | | 4 | |
| | 3 | | 7 | | | 8 | | 1 |
| | 6 | 5 | | | 8 | | 3 | |
| 1 | | | | 3 | | | | 7 |
| | | | 6 | 5 | | 7 | | 9 |
| 6 | | 4 | | | | | 2 | |
| | 8 | | 3 | | 1 | 4 | 5 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-59નો ઉકેલ**


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 1 | 9 | 5 | 4 | 3 | 6 | 7 | 8 |
| 5 | 4 | 3 | 8 | 7 | 6 | 9 | 1 | 2 |
| 8 | 7 | 6 | 2 | 1 | 9 | 3 | 4 | 5 |
| 4 | 3 | 2 | 7 | 6 | 5 | 8 | 9 | 1 |
| 7 | 6 | 5 | 1 | 9 | 8 | 2 | 3 | 4 |
| 1 | 9 | 8 | 4 | 3 | 2 | 5 | 6 | 7 |
| 3 | 2 | 1 | 6 | 5 | 4 | 7 | 8 | 9 |
| 6 | 5 | 4 | 9 | 8 | 7 | 1 | 2 | 3 |
| 9 | 8 | 7 | 3 | 2 | 1 | 4 | 5 | 6 |

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### સુરતમાં ધાકધમકી આપી રૂપિયા પડાવી લેવાની અનેક ફરિયાદો

# ટિકટોક સ્ટાર કીર્તિ પટેલ ફરી આવી ચર્ચામાં, વેપારી સાથે કરી માથાકુટ

**વેપારીએ સુરત પોલીસ કમિશનરને આવેદન આપ્યું**



ગુજરાત | વંદન

સોશિયલ મીડિયામાં સતત પ્રચલિત રહેતી કીર્તિ પટેલ સામે અગાઉ અનેક ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ ચુકી છે. ત્યારે શહેરના ખાટોદરા ખાતે રહેતા વેપારી દ્વારા વધુ એક ફરિયાદ પોલીસ કમિશ્નર કચેરી ખાતે આવેદન પત્રના સ્વરૂપમાં આપી રજૂઆત કરવામાં આવી હતી.

સુરત શહેરમાં ધાકધમકી આપી રૂપિયા પડાવી લેવાની અનેક ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ રહી છે. ત્યારે વધુ એક આવી ફરિયાદ સુરતના ખાટોદરા ખાતે રહેતા વેપારી ચીનાંશુ કિરીટભાઈ ગોઠી દ્વારા સુરત પોલીસ કમિશ્નર કચેરી ખાતે આવેદન આપવામાં આવી છે. જેમા જણાવ્યું હતું કે, કીર્તિ પટેલ નામની મહિલા સાથે સોશિયલ મીડિયા ઉપર મિત્રતા થઈ અને તે પછી કિર્તી પટેલનને પૈસાની જરૂર પડતા ફરિયાદીને વાત કરી હતી. જ્યાં ફરિયાદીએ તેના મિત્ર પાસે સોનાના દાગીના મુકાવી કીર્તિએ રોકડ આપી હોવાની વાત ફરિયાદી દ્વારા જણાવવામાં આવી છે. ત્યારે સોનાના દાગીના આપી લીધેલા પેસા પરત કર્યા વગર પોતાના દાગીનાની માંગણી કરી ફરિયાદીને ધાકધમકીઓ આપી હોવાના આક્ષેપો સાથે સુરત પોલીસ કમિશ્નર કચેરી ખાતે આવેદન આપી રજૂઆત કરી હતી.

ખાટોદરાના વેપારી દ્વારા કીર્તિ પટેલ સામે પોલીસ કમિશ્નરને રજૂઆત કરવામાં આવી છે. કીર્તિ પટેલ વેપારીને ધાકધમકી આપતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. કીર્તિ વેપારીને ગંદી ગંદી ગાળો બોલી અપમાનિત કરવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા. જોકે બંને સામસામે ફરિયાદ કરતાની સાથે જ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. જ્યારે tiktok સ્ટાર કીર્તિ પટેલ અનેક વખત આ પ્રકારના વિવાદોમાં આગળ પણ આવી ચૂકી છે અને સામે જે વ્યક્તિ છે તે પણ શહેરમાં સત્તાનું મોટું રેકોર્ડ ચલાવતા હોવાની વિગતો પોલીસ પાસે આવી છે.

### RBLના ATMમાંથી 12 કલાકમાં 34 ટ્રાન્જેક્શનો કર્યા

# ઠગ ટોળકીએ ATM સાથે છેડછાડ કરી 3 કરોડથી વધુ રૂપિયા ઉપાડ્યા

ગુજરાત | વંદન

દેશભરમાં RBL બેંકના 128 ATMમાંથી 3 કરોડથી વધુની રકમ ઠગ ટોળકીએ એટીએમ મશીનમાં ટેકનીકલ એરર ઉભી કરી પડાવી લીધી હોવાની ઘટના બની છે ત્યારે વરાછામાં હીરાબાગ પાસે આવેલ RBL બેંકના ATMમાંથી 2 ઈસમોએ 1.70 લાખ રૂપિયા ઉપાડી લીધાની ઘટના સામે આવી છે.

સુરતના કતારગામ રાધિકા પોઈન્ટ પાસે રોયલ રેસીડેન્સીમાં રહેતા ગૌરાંગ કલ્યાણ સવાણી વરાછા હીરાબાગ સર્કલ પાસે આવેલી આરબીએલ બેંકમાં રિલેશનશિપ મેનેજર તરીકે નોકરી કરે છે. ત્યારે RBLના ATMમાંથી ચિટર ટોળકીએ 12 કલાકમાં 34 ટ્રાન્જેક્શનો કરી 1.70 લાખ રૂપિયા ઉપાડી લેવાયા હોવાની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાઈ હતી.



મળતી વિગત મુજબ દેશભરમાં RBL બેંકના 128 ATMમાંથી 3 કરોડથી વધુની રકમ ઠગ ટોળકીએ કાર્ડ નાખી મશીનમાં છેડછાડ કરી ઉપાડી લીધી હતી. 3 કરોડની રકમ પૈકી સુરતમાં વરાછા રોડ પર હીરાબાગ સર્કલ મંગલદીપ કોમ્પ્લેક્સમાં આવેલા RBLના ATMમાંથી ટોળકીએ 12 કલાકમાં 34 ટ્રાન્જેક્શનો કરી 1.70 લાખ ઉપાડી લીધા હતા. ફરિયાદના આધારે પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

ફુટેજમાં બે ચીટરો પાસે મોટી સંખ્યામાં ATM કાર્ડ હતા. ATMમાં કાર્ડ નાખી રૂપિયા માટેની જે ટ્રે હોય છે તેને થોડીવાર પકડી રાખતા હતા. જેથી તેમાં એરર આવી જતી હોય છે. ટૂંકમાં ઠગ ટોળકીના સાગરિતો ATMને છેડછાડ કરી રૂપિયા કાઢી લેતા હતા. હાલ તો પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જોકે આરોપી પકડાયા બાદ પોલીસ તપાસમાં આરોપીઓ દ્વારા અનેક જગ્યા પર ગુના કર્યા હોવાના ભેદ ઉકેલાય તેવી આશા પણ વ્યક્ત કરવામાં આવી છે.

### કવિતાના ઉંબરેથી....

આજ સખી મોંહે ઘૂંઘટ કે પટ હું પણ
ખોલું તું પણ ખોલ...
સાવ અજાણી ભાષા જેવું હું પણ
બોલું તું પણ બોલ,
ભેદ ભરમના તાણાવાણા હું પણ
ખોલું તું પણ ખોલ.
ક્યાંય નહીં અવચેતન જેવું
વીસરાતાં ચાલ્યાં ઓસાણ,
ઢોલ બજે અનહદના ભીતર હું પણ
ડોલું તું પણ ડોલ.
પ્રીત પછીનો પહેલો અવસર
ઘેનભરી પાંપણ પર બેઠું,
આજ સખી મોંહે ઘૂંઘટ કે પટ હું પણ
ખોલું તું પણ ખોલ.
સાલ લગોલગ ભવના માથે
વણબોલ્યાનો અધમણ ભાર,
હૈયા સોતું અમૃત ગળતું હું પણ
ઘોળું તું પણ ઘોળ.
મન મરકટ ની ચાલ જ ન્યારી;
વણપ્રીછ્યું પ્રીછે કૈં વાર,
પલમેં માસા પલમેં તોલા હું પણ તોળું
તું પણ તોળ.
શબ્દોના વૈભવની આડે અર્થોના
બોદા રણકાર,
ચેત મછંદર ગોરખ આયા હું પણ
પોલું તું પણ પોલ.

- રશીદ મીર

### સોનાના ઘરેણા સામે ઊંચા વ્યાજે લોન આપવાના નામે ઉઠમણું

# આઈબીવી ફાઈનાન્સનો ભાગેડુ આરોપી ઝડપાયો, 11 કિલો સોનુ બેંકમાં જમા...!



ગુજરાત | વંદન

આઈબીવી ફાઈનાન્સના ભાગેડુ આરોપીઓ પૈકી રાકેશ ભીમાણીને પોલીસે ઝડપી પાડ્યો છે. નોંધનીય છે કે, શહેરના વરાછા અને આસપાસના નાગરિકોને કરોડો રૂપિયાનો ચુનો ચોપડવાની ઘટનાએ બહુ ચર્ચા જગાવી હતી.

શહેરના વરાછા-સીમાડા સહિત આસપાસના નાગરિકોને સોનાના ઘરેણા સામે ઉંચા વ્યાજે લોન આપવાના નામે ઉઠમણું કરતાં સેંકડો નાગરિકોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો હતો. આ આખા પ્રકરણમાં એક પછી એક 85 જેટલા નાગરિકો દ્વારા સ્થાનિક પોલીસ મથકોમાં અરજી કરવામાં આવતાં ઠગાઈનો આંકડો 3 કરોડ સુધી પહોંચી ગયો હતો.

જેને પગલે પોલીસ કમિશનર દ્વારા આ પ્રકરણમાં ઈકો સેલને તપાસની જવાબદારી સોંપવામાં આવી હતી. ઈકો સેલ દ્વારા આઈબીવી ફાયનાન્સને તાળુ મારીને નાસી છૂટેલા ધીરૂભાઈ અને તેમના બે પુત્રો રાકેશ અને તુષારને ઝડપી પાડવા માટે કવાયત હાથ ધરવામાં આવતાં અંતે રાકેશને ઝડપી પાડવામાં સફળતા સાંપડી છે. પ્રાથમિક પૂછપરછ દરમ્યાન રાકેશએ જણાવ્યું હતું કે, તેણે ઉચાપત કરેલી મોટા ભાગની રકમનું રિઅલ એસ્ટેટમાં રોકાણ કર્યું હતું. જોકે, આ દરમ્યાન તેનો પરિવાર ભાડાના મકાનમાં રહેતો હોવાનું જણાવતાં ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી.જોકે પોલીસ તપાસ આ મામલે મોટા ખુલાસા આગામી દિવસ કરે તેવી શકયતા છે.

જેમાં આરોપીએ જણાવ્યું હતું કે, લોકો પાસેથી લીધેલા સોનાના ઘરેણાં તેણે તમિલનાડુ બેંકમાં જમા કરાવ્યા હતા અને હાલ 11 કિલો સોનુ બેંકમાં જમા હોવાની ચોંકાવનારી માહિતી તેણે આપી હતી. જોકે આરોપીને કોર્ટમાં રજૂ કરી પોલીસવાળા રિમાન્ડની માંગની પણ કરવામાં આવી છે.

### વીડીયો વાયરલ થતા લોકો દંગ રહી ગયા...

# પે એન્ડ યુઝના શૌચાલયમાં રસોડું ! જમવાનું કંઈ રીતે ભાવતું હશે..?



ગુજરાત | વંદન

સુરત મહાનગર પાલિકાના પે એન્ડ યુઝ શૌચાલયમાં રસોડું ઉભી કરી દેવામાં આવ્યું છે. તમને જાણીને નવાઈ લાગશે કે શૌચાલયમાં તો વળી કઈ રસોડું હોતું હશે ! પરંતુ આ સમગ્ર ઘટનાનો વીડીયો પણ સામે આવ્યો છે. જેમાં દિવ્યાંગ લોકો માટે બનાવવામાં આવેલા શૌચાલયમાં રસોડું ધમધમી રહ્યું છે.

એટલું જ નહી આ વીડીયો સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ પણ થઈ રહ્યો છે. સુરતના પાર્લે પોઈન્ટ સ્થિત બ્રિજ નીચે આવેલા મનપા સંચાલિત પે એન્ડ યુઝ શૌચાલયનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વિડિયો એટલા માટે ચોંકાવનારો છે કારણ કે અહી શૌચાલયની અંદર જ રસોડું ઉભી કરી દેવામાં આવ્યું છે. અહી કર્મચારી શૌચાલયમાં રહીને જ જમવાનું બનાવી રહ્યા છે. આ વીડીયો વાયરલ થતા લોકો દંગ રહી ગયા હતા.

## કન્સ્ટ્રક્શન સાઈટ પર ડીઝલ મંગાવી પેમેન્ટ નહીં ચૂકવી 27 લાખની છેતરપિંડીની ફરિયાદ

ગુજરાત | વંદન

પેટ્રોલ પંપ પરથી ઉધારમાં ડીઝલ લઈ રૂપિયા નહીં ચૂકવવાના કન્સ્ટ્રક્શનના બિઝનેસમેન સામે વરણામા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો છે.

ગોત્રી રોડ ભાગ્યોદય ટાવરમાં રહેતા હરીશ રતિલાલ શાહ પોર ખાતે કંપની નામથી પેટ્રોલ પંપ ચલાવે છે. ગત 28 મી ડિસેમ્બરે રણોલીના પંચાલ ફળીયામાં રહેતા દર્શન પ્રફુલભાઈ પંચાલ તેઓની પાસે આવ્યા હતા અને જણાવ્યું હતું કે હું ચામુંડા કન્સ્ટ્રકશનના નામથી ધંધો કરું છું મારે ધંધામાં મોટા પ્રમાણમાં ડીઝલની જરૂર પડે છે. દરરોજ માણસ અને રોકડા રૂપિયા લઈને મોકલવા યોગ્ય નથી જેથી જો તમે મને ક્રેડિટ પર ડીઝલ આપો તો મારા માણસો આવીને ડીઝલ લઈ જશે, અને દર 10 દિવસે જેટલા બિલ બન્યા હશે. તેનું પેમેન્ટ હું ચૂકવી દઈશ પેટ્રોલ પંપના માલિકે દર્શન પંચર પાસે બહેતરી લેખ અને એડવાન્સ ચેક લીધા હતા. જાન્યુઆરી 2023 થી ફેબ્રુઆરી 2023 સુધી દર્શન પણ ચાલે 43.02 લાખનું ડીઝલ ઉધારમાં લીધું હતું. તે પૈકી અમુક રૂપિયા ચૂકવ્યા હતા જ્યારે 27.79 લાખ રૂપિયા ચૂકવ્યા નથી. એડવાન્સમાં લીધેલો ચેક પણ જમા કરાવતા તે ક્લિયર થયો નથી અને સહી મેચ થતી નથી તેના શરત સાથે પરત કર્યો હતો.

## પિતાએ ભણવાનું કહેતા 9માં ધોરણના વિદ્યાર્થીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું



ગુજરાત | વંદન

માતા-પિતા માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. પિતાએ વાંચવાનું કહેતા 14 વર્ષીય પુત્રએ આપઘાત કરી લેતાં ભારે શોકની લાગણી છવાઈ છે. ધો.9નાં વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના બની છે. બનાસકાંઠાના વાવના ગંભીરપુરા ગામે આ ગંભીર ઘટના બની છે.

પિતાએ ધોરણ-9માં અભ્યાસ કરતાં પુત્રને પરીક્ષા હોવાથી વાંચવાનું કહેતા પુત્રને લાગી આવતા તેણે આપઘાત કરી લીધો છે. સામાન્ય વાતમાં બાળકે છાપરાના પાટ ઉપર દોરડા વળે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. ઘટનાને લઇ સમગ્ર પંથકમાં ચકચાર સાથે શોક પ્રસરી ગયો છે. આ અંગે બાળકના પિતાએ વાવ પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોંધાવતા વાવ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અનુસંધાન પેજ 01 પરથી...

### કેજરીવાલની ગમે ત્યારે...

દિલ્હીનો મુખ્યમંત્રી બન્યા હતા. ત્યાર બાદ 2015 અને 2020માં પણ દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં ભાજપને સત્તાથી દૂર રાખવામાં સફળ રહ્યા હતા. જોકે લોકસભાની ચુંટણીમાં દિલ્હીની તમામ 7 બેઠકો ભાજપ જીતતી આવી છે પરંતુ દિલ્હી વિધાનસભાની 70 બેઠકોમાંથી ભાજપને ક્યારેક 3 તો ક્યારેક સાત જ બેઠકો મળી છે. કોંગ્રેસ કેજરીવાલને ભાજપનો સાથી પક્ષ ગણાવે છે. કોંગ્રેસના વોટમાં ગાબડા પડાવી ભાજપને જીતવામાં કેજરીવાલ મદદ કરે છે એવા આક્ષેપોની વચ્ચે જ્યારે રાહુલ ગાંધીનું સભ્ય પદ રદ્દ કરવામાં આવ્યું ત્યારે કેજરીવાલે રાહુલ પ્રત્યે સાહનુભૂતિ દર્શાવતી ટ્વીટ કરી હતી.

સીબીઆઈએ કેજરીવાલને 16મી એપ્રિલના રવિવારે બોલાવ્યા છે. તેમની પાસે સીબીઆઈ નવી શરાબ નીતિ મામલામાં પૂછપરછ કરવા માગે છે એવી સીબીઆઈના અધિકારીએ માહિતી આપી હતી.સીબીઆઈના સમન પછી આપ પાર્ટીના નેતા સંજય સિંહે ટવિટ કરીને લખ્યું હતું કે આ અત્યાચારનો અંત ચોક્કસ આવશે. કેજરીવાલને સીબીઆઈ દ્વારા સમન્સ મોકલવામાં આવ્યું છે તેના માટે હું ટૂંક સમયમાં પ્રેસ કોન્ફરન્સ કરીશ.

નવી શરાબ નીતિના કિસ્સામાં સીબીઆઈ દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી સિસોદિયાની પહેલા જ ધરપકડ કરી કરવામાં આવી છે. તેમને સીબીઆઈએ 26 ફેબ્રુઆરી ધરપકડ કરી હતી. તેને લઈને આમ આદમી પાર્ટી સતત પ્રહારો કરી રહી છે. ત્યારે હવે આ કેસમાં નવા રહસ્યો જાણવા માટે સીબીઆઈએ કેજરીવાલને બોલાવ્યા છે.આ મુદ્દે અગાઉથી આમ આદમી પાર્ટી નિરંતર ભાજપ અને કેન્દ્ર સરકારની ટીકા કરી રહી છે. શુક્રવારે કેજરીવાલે સિસોદિયાની ધરપકડ મુદ્દે ભાજપ પર પરોક્ષ રીતે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે, કેટલીક રાષ્ટ્ર વિરોધી શક્તિઓ છે, જે દેશને આગળ વધવા દેવા માંગતી નથી. તેઓ નથી ઈચ્છતી કે ગરીબોના બાળકોને સારું શિક્ષણ મળે. એવા લોકો કોણ છે જેઓ નથી ઈચ્છતા કે દેશ પ્રગતિ કરે? આ તમામ લોકોએ મળીને સિસોદિયાને જેલમાં મોકલ્યા છે. તેમણે એમ કહ્યું હતું કે જે લોકોએ સિસોદિયાને જેલમાં મોકલ્યા હતા તેઓ દેશના દુશ્મન છે. ઈતિહાસ સાક્ષી છે કે જે વ્યક્તિએ શિક્ષણ ફેલાવવાનો પ્રયાસ કર્યો એ વ્યક્તિને સરમુખત્યારે જેલમાં મોકલી દીધો હતો.

### જાપાનમાં વડાપ્રધાન...

જોવા મળ્યા હતા. એવું કહેવામાં આવ્યું છે કે આ ઘટનામાં પીએમને કોઈ ઈજા થઈ નથી. તેઓ તેમના લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવારના સમર્થનમાં એક કાર્યક્રમમાં બોલવા આવ્યા હતા.

### મેહુલ ચોક્સીને...

દિવસે એન્ટીગુઆ અને બારબુડાથી તેને બળજબરી પૂર્વક કાઢવાના પ્રયાસો હાથ ધરાયા હતા. તેમની વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. આ બધાની તપાસ થવી જોઈએ.નોંધનીય છે કે ભારતથી ફરાર થયા પછી મેહુલ ચોક્સીએ એન્ટિગુઆમાં સિટિઝનશિપ બાય ઈન્વેસ્ટમેન્ટના આધારે નાગરિકતા લીધી છે. ઈન્ટરપોલે ચોક્સી વિરૂદ્ધ રેડ નોટિસ જાહેર કરી હતી. પ્રત્યાર્પણની માગ કરનારા દેશની અપીલ પર ઈન્ટરપોલ જનરલ સેક્રેટરી રેડ નોટિસ બહાર પાડે છે. રેડ નોટિસ અંતર્ગત દેશથી ફરાર થયેલા લોકોની ઓળખ કરી તેમની ધરપકડ કરવાની કવાયત કરાય છે. જોકે આને ઈન્ટરનેશનલ એરેસ્ટ વોરન્ટ ન ગણી શકાય.

### કેજરીવાલે બોલાવ્યું...

એકત્ર કરાયેલા નાણાંનો AAP દ્વારા ચૂંટણી હેતુઓ માટે ઉપયોગ થવાની શંકા છે. કેન્દ્રીય તપાસ એજન્સી આ મામલામાં દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાની ધરપકડ કરી ચૂકી છે.

એવો આરોપ છે કે દિલ્હી સરકારની 2021-22ની આબકારી નીતિમાં દારૂના વેપારીઓને લાઈસન્સ આપવા માટે કેટલાક ડીલરોને કથિત રીતે લાંચ આપવામાં આવી હતી. જોકે, આમ આદમી પાર્ટી (AAP)એ આ આરોપને ફગાવી દીધો હતો. બાદમાં આ પોલિસી પાછી ખેંચી લેવામાં આવી હતી.

અનુસંધાન પેજ 12 પરથી...

### લોકોની જાહેર...

ભ્રષ્ટાચારની પોલ તપાસમાં ખુલ્લી પડી ગઈ છે. હવે આ બ્રિજને તોડી પાડવાનો નિર્ણય વહીવટી તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. આ બ્રિજ બનાવ્યાના ટૂંકા ગાળામાં તેનું સમારકામ કરવાની જરુર પડી હતી. જોકે, સમારકામ પછી પણ તે નબળો હોવાનું સાબિત થતા તેને વાહન વ્યવહાર માટે બંધ કરી દેવાની ફરજ પડી હતી. હવે આ બ્રિજને તોડી પાડવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

શહેરના હાટકેશ્વરમાં આવેલા ખખડધજ છત્રપતિ શિવાજી મહારાજ બ્રિજ બનાવવામાં ગેરરિતી આચરવાની ઘટના પર અહેવાલની અસર થઈ હતી. તપાસ બાદ આખરે આ બ્રિજને તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બ્રિજ બનાવવામાં ગેરરિતી આચરનારા મ્યુનિસિપલ કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓ સામે પગલા ભરવામાં આવશે. જવાબદારો સામે પગલા ભરવા અંગે એએમસી દ્વારા ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. બ્રિજની ગુણવત્તા અને તેને બંધ કરવાના મુદ્દે તપાસ કરવામાં આવી હતી જેમાં તેની ગુણવત્તા નબળી હોવાનું સામે આવ્યું હતું. સ્થાનિક દ્વારા તથા બ્રિજની નજીકમાં જેમના ધંધા-રોજગાર છે તેમણે પણ ખખડધજ બ્રિજના કારણે જીવનું જોખમ ઉભું થવાની ચિંતા વ્યક્ત કરી હતી. બ્રિજ ખખડી ગયા મુદ્દે સવાલો ઉઠ્યા બાદ આ મામલે સરકારી તથા ખાનગી એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી હતી. રૂડકી આઈઆઈટી દ્વારા પણ બ્રિજની ગુણવત્તા અંગે તપાસ કરવામાં આવી હતી. તપાસ બાદ રૂડકી આઈઆઈટી દ્વારા બ્રિજ ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવા માટે ભલામણ કરવામાં આવી હતી.

બ્રિજની ગુણવત્તા શંકાસ્પદ જણાયા બાદ કમિશનર દ્વારા ત્રણ સભ્યોની કમિટી બનાવીને તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. જે બાદ આ કમિટીએ તપાસ કરીને રિપોર્ટ કમિશનરને સોંપ્યો હતો. બ્રિજની ગુણવત્તા નબળી હોવાનું સામે આવતા અને તે જોખમી હોવાનું જણાતા હવે તેને ઉતારી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સરકાર માન્ય એજન્સી CIMEC દ્વારા કરાયેલી તપાસમાં પણ બ્રિજની ગુણવત્તા અને તેને બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલા મટિરિયલ સામે સવાલ ઉભા કરાયા હતા. જેમાં બ્રિજના સ્પનના ઉપયોગમાં લેવાયેલો કોંક્રીટ શંકાસ્પદ જણાયો હતો.

### રિવરફ્રન્ટનું...

દ્વારા પૂજા કરવામાં આવી હતી. ફ્લોટિંગ રેસ્ટોરન્ટમાં એક સાથે 125થી 150 લોકો બેસી શકશે. PPP મોડેલ ઉપર SRFDL દ્વારા આ પ્રોજેક્ટની અગાઉ જાહેરાત કરવામાં આવી હતી. દેશમાં પ્રથમ ફ્લોટિંગ રેસ્ટોરન્ટ હશે જે નદીમાં કાર્યરત હશે. લાઈફ સેવિંગ કિટ, સીસીટીવી કેમેરા અને લાઈટીંગ તેમજ ડીજે સાઉન્ડ સાથે રહેશે.સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટે ઉદ્યાનો અને બગીચાઓ, રિવરસાઈડ પ્રોમીનાડ, ફૂડ કોર્ટ, બાયોડાયવર્સિટી પાર્ક, ઈવેન્ટ સેન્ટર, વોકવે, ઘાટ વગેરેના સમન્વયથી એક સંપૂર્ણ ઈકોસિસ્ટમ બનાવી છે. જે સુખ અને સમૃદ્ધિમાં વધારો કરે છે. આ પ્રોજેક્ટે એ લોકોને રિવરફ્રન્ટ પર આવવા અને મનોરંજન માટે એક વધુ નજરાણું ઉમેર્યું છે.

### PM મોદી..

પણ આપશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગુજરાતના સૌરાષ્ટ્ર પંથકમાંથી સ્થળાંતર કરીને તમિલનાડુ રાજ્યમાં સ્થાયી થયેલા લોકોનું પણ સન્માન કરવામાં આવશે અને આ સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરી બંને રાજ્યો વચ્ચે સંસ્કૃતિનું આદાન પ્રદાન કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત 2024 ની લોકસભાની ચૂંટણીને લઈને ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસને લઈને અનેક તૈયારીઓ કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણીના પ્લાનિંગને લઈને પણ તેમનો આ પ્રવાસ મહત્વનો ગણવામાં આવે છે.

### તેજસ્વી..

એડમિશન લીધું છે. જો આમને આમ ચાલતું રહ્યું તો સ્કૂલ માટે ધોરણ 11-12 સાયન્સના વર્ગો ચાલુ રાખવા મુશ્કેલ બનશે.એક્સપર્ટ્સનું માનીએ તો ગુજરાતમાં દર વર્ષે 30-40 હજાર સ્ટૂડન્ટ્સ JEE અને નીટના કોચિંગ ક્લાસમાં જોડાય છે, જેમાંથી અડધો-અડધ રેગ્યુલર સ્કૂલે જવાને બદલે ભૂતિયા સ્કૂલોમાં એડમિશન લેવાનું વધારે પસંદ કરતા હોય છે. તેમાંય મોટા શહેરોમાં જ્યાં કોચિંગ ક્લાસની સંખ્યા વધુ હોય છે ત્યાં ભૂતિયા સ્કૂલોમાં જનારા સ્ટૂડન્ટ્સનું પ્રમાણ વધારે હોય છે. વસ્ત્રાપુરમાં આવેલી પ્રકાશ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ મૃગેન શાહ જણાવે છે કે તેમની સ્કૂલમાંથી દસમા ધોરણમાં પાસ થતાં 35 ટકા સ્ટૂડન્ટ્સ 11મા ધોરણમાં એડમિશન નથી લેતા. સાયન્સના સ્ટૂડન્ટ્સ નીટ અને JEEની તૈયારી માટે વધારે સમય આપવા માટે આમ કરતા હોય છે, પરંતુ સ્કૂલો હાજરીને લગતા નિયમમાં કોઈ છૂટછાટ આપી શકે તેમ નથી. વર્ષોથી ભણેલા વિદ્યાર્થી સ્કૂલ છોડીને જાય તે એક રીતે દુઃખદ બાબત પણ છે, પરંતુ સ્કૂલો તેમાં કંઈ કરી શકે તેમ પણ નથી.

સાયન્સના વર્ગોમાં સ્ટૂડન્ટ્સની સંખ્યા સતત ઘટતા સ્કૂલોએ ક્લાસની સંખ્યા ઘટાડવાનું શરૂ કરી દીધું છે. ડિવાઈન ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી રૂચિ પટેલના જણાવ્યા અનુસાર તેમની સ્કૂલે સાયન્સના ત્રણ વર્ગ બંધ કરી દીધા છે. તેમનું તો ત્યાં સુધી કહેવું છે કે આ ટ્રેન્ડ અમદાવાદ જેવા મોટા શહેરોમાં જ નહીં, પરંતુ મહેસાણા જેવા નાના શહેરોમાં પણ જોવા મળી રહ્યો છે. તેમની સ્કૂલની એક બ્રાંચ મહેસાણામાં પણ આવેલી છે, ત્યાં પણ સાયન્સના વર્ગ બંધ કરવાની નોબત આવી છે.

### યુવરાજસિંહ..

છે. રાજ્યમાં વિદ્યાર્થી નેતા તરીકે જાણીતા એવા યુવરાજસિંહ પર ડમીકાંડ મામલે ખુબ જ ગંભીર આરોપ લગાડવામાં આવ્યો છે. યુવારજસિંહ સામે ગેરરીતિ કરનારને છાવરવામાં પ્રયાસ કારાત હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. યુવરાજસિંહના જૂના સાથી બિપીન ત્રિવેદી નામના વ્યક્તિએ યુવરાજસિંહ પર ડમીકાંડમાં નામ ન લેવા માટે રુપિયા લીધા હોવાનો આરોપ લગાવ્યો છે. ડમી કાંડમાં આમ આદમી પાર્ટીના આગેવાનની સંડોવણીના પણ સમાચાર સામે આવી છે. આમ આદમી પાર્ટીના આગેવાન સામે પોલીસ ફરિયાદ થઈ છે. સિહોરના સંગઠન મંત્રીની પણ સંડોવણી ખૂલી હોવાનુ જાણવા મળ્યુ છે.

### 6 ઉપરાંત..

આદમી પાર્ટીમાં મોટુ ભંગાણ થયુ છે. સુરતમાં મહાનગર પાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના 27 જેટલા કોર્પોરેટરો ચૂંટાયા હતા. સુરત આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો ભાજપમાં જોડતા આમ આદમી પાર્ટીના રાજ્યના પ્રદેશ અધ્યક્ષએ ભાજપ પર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે આમ આદમી પાર્ટીના કોર્પોરેટરને રુપિયા આપીને ખરીદવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આમ આદમીના કોર્પોરેટરોને ડરાવી ધમકાવીને લઈ ગયા છે.

અનુસંધાન પેજ 10 પરથી...

### બીપ...બીપ...

તે તેના પર નિર્ભર કરે છે કે તે ગ્રહ મજબૂત ચુંબકીય ક્ષેત્ર ધરાવે છે કે નહીં. તે જ સમયે, અમેરિકન નેશનલ સાયન્સ ફાઉન્ડેશન (NSF) ના પ્રોગ્રામ ડાયરેક્ટર જો પેસ્કે કહે છે કે અન્ય સૌરમંડળમાં વસવાટ કરવા અથવા જીવન માટે સક્ષમ વિશ્વની શોધ ઘણા પરિબળો પર આધારિત છે.

એક નવી પદ્ધતિ એ પણ જાણવા મળી છે કે પથ્થરનું હોવું, ચુંબકીય ક્ષેત્ર હોવું એ મુખ્ય પરિબળો છે જે જીવનના અસ્તિત્વની શક્યતાને ખૂબ મજબૂત બનાવે છે. સંશોધન માત્ર સૂચવે છે કે YZ SETI b પાસે ચુંબકીય ક્ષેત્ર હોઈ શકે છે, પરંતુ એક નવી પદ્ધતિ પણ પ્રદાન કરે છે જેના દ્વારા આવા વધુ ગ્રહો શોધવા માટે. તે જ સમયે, ઈન્ડિપેન્ડન્ટના અહેવાલ મુજબ, પકડાયેલા રેડિયો તરંગો વિશે, એવું લાગે છે કે તે તારા સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરતા ગ્રહના ચુંબકીય ક્ષેત્રથી આવી રહ્યા હોઈ શકે...

બે અવકાશી પદાર્થો એટલા નજીક છે કે તેઓ ઘણા સિદ્ધાંતોને ચકાસવા માટે આદર્શ સ્થિતિમાં છે. તેમની પાસેથી જાણી શકાય છે કે આવા ચુંબકીય ક્ષેત્રોને કેટલા અંતરે પકડી શકાય છે. વાસ્તવમાં, સંશોધકોએ તારા પર ઓરોરાનું અવલોકન કર્યું જેમાંથી રેડિયો સિગ્નલ નીકળે છે. તેઓ કહે છે કે ગ્રહ પર ઓરોરા પણ હોવી જોઈએ જો તેનું પોતાનું વાતાવરણ હોય તો. તાજેતરના સમયમાં, જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ દ્વારા એક્સોપ્લેનેટનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની ક્ષમતામાં સુધારો થયો છે, જેણે પૃથ્વીની બહાર જીવન શોધવાની શક્યતાઓને મજબૂત બનાવી છે. શોધ હજુ ચાલી રહી છે... હજુ ચાલી રહી છે પણ સિગ્નલ કહે રહૈ હૈ-એલિયન્સ બહોત દૂર નહીં હૈ...!?

અનુસંધાન પેજ 4 પરથી...

### નોંધી લો...

મોદીની ભારતીય જનતા પાર્ટીએ 2022ના મધ્યમાં ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના શિંદે જૂથ સાથે ભાગીદારી કર્યા પછી તરત જ, પ્રોજેક્ટે ગતિ પકડી છે..એમ રેલમંત્રી અશ્વિની વૈષ્ણવે માર્ચમાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું. “અત્યારે, અમે પ્રથમ [બુલેટ] ટ્રેન ચલાવવાની તારીખ તરીકે 2026 ઓગસ્ટને લક્ષ્યાંકિત કરી રહ્યા છીએ, અને 2027માં એક મોટો વિભાગ [ખુલ્લો] કરવામાં આવી રહ્યો છે,” મંત્રીએ કહ્યું.2022-23ના બજેટમાં, રેલવે મંત્રાલયે પ્રોજેક્ટ માટે રૂ. 5,000 કરોડ ફાળવ્યા હતા જ્યારે કામ મુખ્યત્વે ગુજરાત પૂરતું મર્યાદિત હતું. અગાઉ, ભારતીય રેલ્વે મંત્રાલયના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે ગયા વર્ષના અંતે ગુજરાતમાં 30.68% કામ પૂર્ણ થયું હતું, અને મહારાષ્ટ્રમાં 13.37% કામ પૂર્ણ થયું હતું.નિવેદનમાં વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું કે ભારત અને જાપાન એક જ પૃષ્ઠ પર છે. જ્યારે કેટલાક વિરોધીઓએ ભારત માટે પ્રોજેક્ટના ફાયદાઓ પર સવાલ ઉઠાવ્યા હતા, ત્યારે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ટ્રેન ઉદ્યોગ જગતને તેમનો માલસામાન મુંબઈ ઝડપથી મદદ કરશે .રેલમંત્રી વૈષ્ણવ ભારપૂર્વક કહે છે કે. “અમે ‘એક પ્રોજેક્ટ, એક ટીમ’ની ભાવના સાથે જાપાની અને ભારતીય પક્ષો વચ્ચે ખૂબ જ સારો સંચાર કર્યો છે. બીજું, તે વડાપ્રધાન મોદીનું સ્પષ્ટ વિઝન હતું, જેણે સુનિશ્ચિત કર્યું કે આ પ્રોજેક્ટમાં ઘણી મશીનરી સ્વદેશી છે - ભારતમાં ઉત્પાદિત અને ભારતમાં ડિઝાઈન કરવામાં આવી છે. ત્રીજું, અમને બાંધકામ કરવા માટે સારી કંપનીઓ મળી છે.

આ સમગ્ર બાબતોને જોતા એમ જણાય છે કે 2026માં બુલેટ ટ્રેનને વડાપ્રધાન મોદી જાપાનના વડાપ્રધાનની હાજરીમાં વંદે ભારત ટ્રેનની જેમ લીલીઝંડી ફરકાવીને મુંબઈ સુધી કે સુરત, વલસાડ સુધી રવાના કરી શકે તેમ છે..

# ભારત હવે મોબાઈલ ડિવાઇસ બાબતે બનશે ગ્લોબલ લીડર: અશ્વિની વૈષ્ણવ

■ **સ્માર્ટફોનની નિકાસનો દર લગભગ બમણો થયો**

ગુજરાત | વંદન

ભારત સ્માર્ટફોનની નિકાસમાં સતત પ્રગતિ કરી રહ્યું છે અને હવે સ્થિતિ એવી બની છે કે હવે દેશ એક લાખ કરોડ રૂપિયાના મોબાઈલ ફોનની નિકાસની એકદમ નજીક પહોંચી ગયો છે. સ્માર્ટફોનની નિકાસનો દર પણ લગભગ બમણો થઈ ગયો છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે એક કાર્યક્રમમાં સ્માર્ટફોન નિકાસના સંદર્ભમાં દેશની પ્રગતિનો ઉલ્લેખ કરતા કહ્યું કે અહીંથી મોબાઈલ ફોનની નિકાસ 11.12 અબજ ડોલર એટલે કે લગભગ 9,01,52,70,00,000 રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત આજે વિશ્વમાં મોબાઈલ ડિવાઈસ સેગમેન્ટમાં વૈશ્વિક લીડર બનવા તરફ આગળ વધી રહ્યું છે. ઈન્ડસ્ટ્રી બોડી ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશન (આઈસીઈએ) પાસેથી પ્રાપ્ત ડેટા અને આ ક્ષેત્ર સાથે સંબંધિત સૂત્રોના રિપોર્ટના મૂલ્યાંકન અનુસાર, એવું બહાર આવ્યું છે કે મોબાઈલ ફોનની કુલ નિકાસમાં આઈફોનનો હિસ્સો અડધો છે.

કેન્દ્રીય મંત્રી વૈષ્ણવે કહ્યું, "ભારતની સ્માર્ટફોન નિકાસ સતત બમણી થવાના સ્તરે પહોંચી ગઈ છે અને હવે તે USD 11 બિલિયન (USD 11 બિલિયન) ને વટાવી ગઈ છે. ભારત હવે વિશ્વના મોબાઈલ ઈક્વિપમેન્ટ સેક્ટરમાં અગ્રેસર



બનવા તરફ સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે અને ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે. પીએમ નરેન્દ્ર મોદીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ વડાપ્રધાનના મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમની મોટી સફળતા છે.

ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશન (આઈસીઈએ)નું કહેવું છે કે ભારતમાંથી મોબાઈલ ફોનની નિકાસ સતત વધી રહી છે અને હવે તે બમણી થઈ ગઈ છે. ICEAએ જણાવ્યું કે નાણાકીય વર્ષ 2021-22માં ભારતમાંથી મોબાઈલ ફોનની નિકાસ આશરે રૂ. 45,000 કરોડની હતી અને તે નાણાકીય વર્ષ 2022-23માં વધીને રૂ. 90,000 કરોડથી વધુ થઈ ગઈ છે.

સ્માર્ટફોન નિકાસ અંગે ICEA ચેરમેન પંકજ મોહિન્દ્રુ એ જણાવ્યું હતું કે, "મોબાઈલ ફોનની નિકાસ સતત વધી રહી છે. સ્માર્ટફોનની નિકાસના સંદર્ભમાં, અમે 100 ટકા વૃદ્ધિ હાંસલ કરી છે અને હવે 2022-23માં રૂ. 90,000 કરોડનો આંકડો પાર કર્યો છે.

ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં વધારા અંગે પંકજ મહેન્દ્રુએ જણાવ્યું હતું કે, "ઈલેક્ટ્રોનિક્સની નિકાસ પણ સતત વધી રહી છે અને હવે 58 ટકાની વૃદ્ધિ સાથે રૂ. 1,85,000 કરોડ સુધી પહોંચી ગઈ છે, જ્યારે અમે રૂ. 75,000 કરોડનો લક્ષ્યાંક રાખ્યો હતો."

સ્માર્ટફોન માર્કેટના સૂત્રોએ દાવો કર્યો છે કે અમેરિકન કંપની એપલે રૂ. 45,000 કરોડ (USD 5.5 બિલિયન) ના આઈફોનની નિકાસ કરી છે, જે દેશની કુલ નિકાસનો લગભગ અડધો હિસ્સો છે. એપલ પછી સેમસંગ નંબર વન ફોન છે.બજારના સૂત્રોની ગણતરી મુજબ સ્માર્ટફોનની નિકાસમાં સેમસંગ ફોનનો હિસ્સો 40 ટકા છે અને તેની કિંમત આશરે રૂ. 36,000 કરોડ છે.

## બજારોનાં અંતરંગ

### TCSનો ચોખ્ખો નફો 12 ટકા વધ્યો, રૂા. 24નું ડિવિડન્ડ જાહેર


આઈટી સેક્ટરની કંપનીએ પરિણામ ઘોષિત કર્યું હતું.



ગયા નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં એટલે કે, જાન્યુઆરી-માર્ચ દરમિયાન કંપનીનું નેટ પ્રોફિટ 12%થી વધીને 11,436 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. એક વર્ષ પહેલા આ ક્વાર્ટરમાં તે 9,959 કરોડ રૂપિયા હતું. ત્યારે બોર્ડ બેઠકમાં ટીસીએસએ 24 રૂપિયા પ્રતિ શેરનું ફાઈનલ ડિવિડન્ટ પણ ઘોષિત કર્યું હતું. ટીસીએસના ચોથા ક્વાર્ટરમાં આવક 16.9 % વધીને 59, 162 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. એક વર્ષ પહેલા એજ ક્વાર્ટરમાં તે 50,591 કરોડ રૂપિયા રહી હતી. કમ્પનીએ કહ્યું હતું કે, ચોથા ક્વાર્ટરમાં તેનું ઓપરેશનલ માર્જિન 24.1% થી વધીને 24.5 % થયું હતું.

### ભારતના સૌથી વૃદ્ધ અબજોપતિ કેશબ મહિન્દ્રાનું 99 વર્ષે નિધન

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના પૂર્વ ચેરમેન કેશબ



મહિન્દ્રાનું 99 વર્ષની વયે નિધન થયું છે. INSPACEના પ્રમુખ પવન કે ગોએન્કાએ પોતાના ટ્વિટર હેન્ડલ પર આ જાણકારી આપી છે. તાજેતરમાં જ કેશબ મહિન્દ્રાને સંપત્તિનો અંદાજ લગાવનાર મેગેઝિન ફોર્બ્સ દ્વારા 2023ની યાદીમાં સામેલ કરવામાં આવ્યા હતા. ફોર્બ્સે જણાવ્યું હતું કે, તેઓ સૌથી વૃદ્ધ ભારતીય અબજોપતિ છે. 99 વર્ષીય કેશબ મહિન્દ્રાની સંપતિ 1.2 બિલિયન ડોલર આંકવામાં આવી હતો.

### મ્યુચ્યુઅલ ફંડોની સંપત્તિમાં વૈશ્વિક રોકાણકારોની ભાગીદારીમાં ઘટાડો

છેલ્લા પાંચ વર્ષમાં રોકાણમાં લગભગ અડધા લાખ કરોડ રૂપિયાનો વધારો થયો હોવા છતાં બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઈ) અને વૈશ્વિક રોકાણકારોનું ભારતીય મ્યુચ્યુઅલ ફંડમાં યોગદાન ઘટયું છે તેમ એક સર્વેનું વિશ્લેષણ દર્શાવે છે. ડિસેમ્બર ૨૦૧૮ થી ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન કુલ મ્યુચ્યુઅલ ફંડ એસેટ્સમાં તેમનો હિસ્સો ૪.૨ ટકાથી ઘટીને ૩.૯ ટકા રહ્યો. એસોસિએશન આફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાના ડેટાનું વિશ્લેષણ દર્શાવે છે કે આ સેગમેન્ટ માટે મ્યુચ્યુઅલ ફંડ રોકાણ ડિસેમ્બર ૨૦૧૮ સીમાં રૂ. ૦.૯૫ લાખ કરોડથી વધીને ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં રૂ. ૧.૫૪ લાખ કરોડ થવાની ધારણા છે. જો કે, આ સમયગાળા દરમિયાન કુલ મ્યુચ્યુઅલ ફંડ એસેટ્સમાં તેમનો હિસ્સો ૪.૨ ટકાથી ઘટીને ૩.૯ ટકા થયો હતો.

'ભારતની સૌથી વિશ્વસનીય સિમેન્ટ બ્રાન્ડ્સ 2023'ના રિસર્ચનું તારણ

# અંબુજા સિમેન્ટ નં.1, ACC નં. 2ના ક્રમે

## સતત બીજા વર્ષે ભારતની સૌથી વિશ્વસનીય સિમેન્ટ બ્રાન્ડ તરીકે માન્યતા મળી

ગુજરાત | વંદન

અદાણી જૂથની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ કંપનીઓ- અંબુજા સિમેન્ટ તથા એસીસીને ટીઆરએસ રિસર્ચ બ્રાન્ડ ટ્રસ્ટ રિપોર્ટ 2023માં સતત બીજા વર્ષે ભારતની સૌથી વિશ્વસનીય સિમેન્ટ બ્રાન્ડ તરીકે માન્યતા મળી છે. અંબુજા સિમેન્ટ તથા એસીસી-એ ટોચની બે સિમેન્ટ બ્રાન્ડમાં સ્થાન પામવા ઉપરાંત રિપોર્ટની ઉત્પાદન શ્રેણીમાં ટોચની ત્રણ બ્રાંડમાં પણ સ્થાન મેળવ્યું છે.

ટીઆરએના બ્રાન્ડ ટ્રસ્ટ રિપોર્ટમાં ભારતની સૌથી વિશ્વસનીય 1000 બ્રાન્ડ વિશે મૂલ્યવાન વિગતો આપવામાં આવે છે. આ વર્ષના સૌથી અગત્યનાં તારણો પૈકી એક તારણ ગ્રાહકોનો વિશ્વાસ જીતવામાં પારદર્શિતા તથા સામાજિક જવાદારીનો સમાવેશ થાય છે. આ ક્રમમાં 'ભારતની સૌથી વિશ્વસનીય બ્રાન્ડ્સ 2023' ના સર્વગ્રાહી રિપોર્ટમાં અંબુજા સિમેન્ટ તથા એસીસીએ અનુક્રમે 91 તથા 115 નું પ્રભાવશાળી રેન્કિંગ હાંસલ કર્યું છે. રેન્કિંગમાં આ નોંધપાત્ર સુધારો છે કેમ કે ગયા વર્ષના આ રિપોર્ટમાં બંનેનું રેન્કિંગ અનુક્રમે 246 અને 341 હતું.

આ કંપનીઓ ભારતની સૌથી અગ્રણી સિમેન્ટ બ્રાન્ડ બનવાનું કારણ એ છે કે ગ્રાહકોની જરૂરિયાત કરતાં વધુ આપવા માટે તેમજ સરળ અને નવા બિલ્ડિંગ સોલ્યુશન્સ આપવા માટે સતત પ્રયાસ કરવામાં આવે છે. અંબુજા સિમેન્ટ તથા એસીસીએ હંમેશાં ગ્રાહકોને કેન્દ્રમાં રાખ્યા છે અને લો-કાર્બન તથા ટકાઉ સોલ્યુશન્સ પ્રદાન કરીને એક ઔદ્યોગિક બેન્ચમાર્ક પ્રસ્થાપિત કર્યો છે.

કંપનીના સિમેન્ટ બિઝનેસના સીઈઓ શ્રી અજય કપુરે જણાવ્યું કે, "ભારતની સૌથી વિશ્વસનીય સિમેન્ટ બ્રાન્ડ તરીકે માન્યતા મળતા અમે રોમાંચિત છીએ. આ માન્યતા અમારા ગ્રાહકોને શ્રેષ્ઠ ઉત્પાદન તથા સેવાઓ પૂરી પાડવાની અમારી પ્રતિબદ્ધતાને સાબિત કરે છે. તેને કારણે બાંધકામ ઉદ્યોગની સતત વધી રહેલી માંગને પહોંચી વળવા માટે અમારા ઉત્પાદનમાં નવીનતા અને સુધારા કરવા માટે અમને પ્રેરિત કરે છે. અમને વિશ્વાસ છે કે ગુણવત્તા અને ગ્રાહકોના સંતોષ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને કારણે સિમેન્ટ ઉદ્યોગમાં અમે સતત અગ્રેસર રહીશું."

ટીઆરએના બ્રાન્ડ ટ્રસ્ટ રિપોર્ટ 2023નો આધાર બ્રાન્ડ ટ્રસ્ટ મેટ્રિક્ષ વિશે કરવામાં આવેલા સર્વગ્રાહી મૂળભૂત સંશોધન ઉપર છે જેમાં ખાનગી માલિકીની બ્રાન્ડ્સની વિશ્વસનીયતા ચકાસવામાં આવે છે.

# 100 કરોડથી વધુનું ટર્નઓવરવાળી કંપનીઓ 7 દિવસની અંદર IRP પર ઇ-ઇનવોઇસ ફાઇલ કરવાની રહેશે

■ **1 મેથી લાગુ થશે આ નવી સિસ્ટમ ...**

ગુજરાત | વંદન



રૂ. 100 કરોડ અને તેનાથી વધુનું ટર્નઓવર ધરાવતી કંપનીઓએ 7 દિવસની અંદર તેમના ઈલેક્ટ્રોનિક ઈન્વોઈસ રજીસ્ટ્રેશન પોર્ટલ (IRP ઈન્વોઈસ રજીસ્ટ્રેશન પોર્ટલ) પર અપલોડ કરવાના રહેશે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ નેટવર્કએ ગયા ગુરુવારે જણાવ્યું હતું કે આ સિસ્ટમ 1 મેથી લાગુ થવા જઈ રહી છે. આવી કંપનીઓએ આવા ઈન્વોઈસ જારી કર્યાના 7 દિવસની અંદર IRP પર ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં 'અપલોડ' કરવાનું રહેશે. કંપનીઓ વર્તમાન તારીખે આવા ઈનવોઈસ મૂકે છે. તેને ઈનવોઈસ જારી કરવાની તારીખ સાથે કોઈ લેવાદેવા નથી. કરદાતાઓ માટે એક એડવાઈઝરીમાં GST નેટવર્કે જણાવ્યું હતું કે સરકારે રૂ. 100 કરોડ કે તેથી વધુનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે ઈ-ઈનવોઈસ IRP પોર્ટલ પર જૂના ઈન્વોઈસની 'રિપોર્ટ' કરવા માટે સમયમર્યાદા નક્કી કરવાનું નક્કી કર્યું છે. GSTN એ જણાવ્યું હતું કે સમયસર પાલન સુનિશ્ચિત કરવા માટે, કરદાતાઓની આ શ્રેણીને 7 દિવસ કરતાં જૂના ઈન્વૉઈસ્સની 'રિપોર્ટ' કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

# મુંબઈ ચાંદી રૂ. 77,000 જ્યારે અમદાવાદ સોનું 63,000ની ટોચે

ગુજરાત | વંદન



આંબેડકર જયંતિ નિમિત્તે મુંબઈ ઝવેરી બજાર બંધ રહ્યું હતું પરંતુ વિશ્વ બજારમાં ચાલુ રહેલી તેજીને પગલે સ્થાનિકમાં સોનાચાંદીના ભાવમાં ખાનગીમાં સુધારો આગળ ધપ્યો હતો. બીજી બાજુ સોનાચાંદી પર આયાત ડયૂટી વસૂલવા માટેની ટેરિફ વેલ્યુમાં સરકારે નોંધપાત્ર વધારો કર્યો છે. વિશ્વ બજારમાં ઊંચા ભાવને ધ્યાનમાં રાખી આ વધારો આવી પડયો છે.

સોનાની આયાત પર ઈમ્પોર્ટ ડયૂટી વસૂલવા માટેના બેન્ચમાર્ક ભાવ પ્રતિ દસ ગ્રામ જે ૬૩૩ ડોલર હતા તે વધારી ૬૪૬ ડોલર કરાયા છે, જ્યારે ચાંદીમાં એક કિલોના બેન્ચમાર્ક ભાવ (ટેરિફ વેલ્યુ) જે અગાઉ ૭૭૦ ડોલર હતા તે વધારી ૮૧૫ ડોલર કરાયા છે. ભાવ વધારાને કારણે ઈફેકટિવ ઈમ્પોર્ટ ડયૂટીમાં વધારો થશે.

મુંબઈ ઝવેરી બજાર આજે આંબેડકર જયંતિ નિમિત્તે બંધ રહ્યું હતું, પરંતુ ખાનગીમાં સુધારો આગળ ધપ્યો હતો. ૯૯.૯૦ દસ ગ્રામ સોનાના જીએસટી વગરના ભાવ ખાનગીમાં રૂપિયા ૬૦૯૦૦ જ્યારે ૯૯.૫૦ના ૬૦૭૦૦ બોલાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના જીએસટી વગરના ભાવ રૂપિયા ૭૭૦૦૦ મુકાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા રહ્યા હતા. અમદાવાદ બજારમાં સોનું ૯૯.૯૦ દસગ્રામના ભાવ રૂપિયા ૬૩૦૦૦ જ્યારે ૯૯.૫૦ના દસ ગ્રામના રૂપિયા ૬૨૮૦૦ મુકાતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના ભાવ રૂપિયા ૭૬૫૦૦ મુકાતા હતા.

વિશ્વ બજારમાં સોનું એક ઔંસ દીઠ ૨૦૨૦ ડોલર જ્યારે ચાંદી ૨૫.૭૭ ડોલર બોલાતી હતી. ક્રુડ તેલમાં નાયમેકસ ક્રુડ ઓઈલ પ્રતિ બેરલ ૮૨.૪૬ ડોલર જ્યારે બ્રેન્ટ ક્રુડ ૮૬.૩૧ ડોલર બોલાતા હતા.

મુંબઈમાં મની માર્કેટ આજે બંધ રહી હતીપરંતુ ખાનગીમાં ડોલર ઘટી ૮૧.૭૫ રૂપિયા બોલાતો હતો. અમેરિકામાં રિટેલ સેલ્સના આંકડા નબળા આવતા ડોલર પર દબાણ આવ્યું હતું.

# ભારતીય અર્થતંત્ર સારું પ્રદર્શન કરશે, વિશ્વની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા પૈકીની એક: IMF

ગુજરાત | વંદન



ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના ટોચના અધિકારીએ ગઈકાલે જણાવ્યું હતું કે ભારતીય અર્થવ્યવસ્થા સારી રીતે કામ કરી રહી છે અને તે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે અને ભારતીય અર્થતંત્ર આગામી વર્ષમાં પણ સારું પ્રદર્શન કરશે.

IMFએ વધુમાં કહ્યું કે આર્થિક વૃદ્ધિ દરના અનુમાનમાં ઘટાડો થવા છતાં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહેશે. જો કે વર્તમાન નાણાકીય વર્ષ 2023-24 માટે ભારતનો આર્થિક વિકાસ દર 6.1 ટકાથી ઘટાડીને 5.9 ટકા કરવામાં આવ્યો છે. વૈશ્વિક સંસ્થાએ તેના વાર્ષિક વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકમાં 2024-25 માટે ભારતની વૃદ્ધિની આગાહી ઘટાડીને 6.3 ટકા કરી છે. અગાઉ જાન્યુઆરીમાં એવો અંદાજ જણાવવામાં આવ્યો હતો કે આ આંકડો 6.8 ટકા રહેશે. ચાલુ નાણાકીય વર્ષમાં 5.9 ટકાના વિકાસ દરની સરખામણીએ 2022-23માં વિકાસ દર 6.8 ટકા રહેવાનો અંદાજ છે. IMFનો વિકાસ અનુમાન RBIના અંદાજ કરતા ઓછો છે.

RBIના જણાવ્યા અનુસાર 2022-23માં વૃદ્ધિ દર 7 ટકા અને ચાલુ નાણાકીય વર્ષમાં 6.4 ટકા રહી શકે છે. સરકારે હજુ 2022-23 માટે જીડીપી વૃદ્ધિ દરના આંકડા જાહેર કર્યા નથી. IMFના એશિયા અને પેસિફિક વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટરે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ભારતીય અર્થવ્યવસ્થા સારું પ્રદર્શન કરી રહી છે અને તે એશિયાની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે અને વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે.

# પ્રણવ અને રાધિકા રોયે શરૂ કરી ઈક્રોયા ટેક. કંપની

■ **NDTV છોડયા બાદ હવે ડેટા એનાલિસિસ પર ધ્યાન કેન્દ્રિત કરશે...**

ગુજરાત | વંદન

NDTV ન્યુઝ ચેનલનું સુકાન છોડ્યા બાદ સિનિયર પત્રકારો પ્રણય રોય અને રાધિકા રોયે નવો બિઝનેસ શરૂ કર્યો છે. આ પત્રકાર દંપતિએ ઈક્રોયા ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડ નામની નવી કંપની શરૂ કરી. રોય દંપતીનું નવું સ્ટાર્ટઅપ ટેક્નોલોજી ડેવલપમેન્ટ અને ડેટા એનાલિસિસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તમને જણાવી દઈએ કે ડો. પ્રણય રોય અને રાધિકા રોય એ થોડાક મહિના પહેલા જ ન્યુઝ ચેનલ NDTVના ડિરેક્ટર બોર્ડમાંથી રાજીનામું આપી દીધું હતું અને પોતાના શેર ગૌતમ અદાણીને વેચી દીધા હતા. નોંધનીય છે કે, આ દંપતીએ જ વર્ષ 1988માં NDTVની શરૂઆત કરી હતી.

એક રિપોર્ટ પ્રમાણે, ઈક્રોયા ટેકની કંપનીની ફાઈલિંગમાં જણાવાયું છે કે, તે પર્યાવરણ સંરક્ષણ અને પ્રદૂષણ ઘટાડવા જેવા ક્ષેત્રોમાં કામ કરશે. તે ઉપરાંત સંશોધનને પ્રોત્સાહન આપવા શિષ્યવૃત્તિ, ઈનામ વિતરણ અને પ્રયોગશાળા સ્થાપિત કરવા જેવી કામગીરી પણ કરશે. સાથે સાથે આ ક્ષેત્રોમાં સ્કોલરશીપ અને ગ્રાન્ટ પણ આપશે.

Ikroya Techની પ્રથમ બોર્ડ મીટિંગ આ વર્ષે 18 જાન્યુઆરીએ યોજાઈ હતી. નવી કંપનીની શેર મૂડી 10 લાખ રૂપિયા છે. જેને પ્રત્યેક એક લાખના ઈક્વિટી શેરમાં વિભાજિત કરવામાં આવી છે. આ નવી કંપનીમાં પ્રણય રોય અને રાધિકા રોયની 50-50 ભાગીદારી છે. બંને પાસે 50-50 હજાર શેર છે.

ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ ન્યુઝ ચેનલ એનડીટીવીને ટેકઓવર કરતા તેના સ્થાપક



પ્રણય રોય અને રાધિકા રોયે રાજીનામું આપ્યું હતું. નોંધનીય છે, રોય દંપત્તિએ એનડીટીવીની પ્રમોટર કંપની RRPRના બોર્ડ ઓફ ડિરેક્ટરમાંથી પાછલા વર્ષે 29 નવેમ્બરમાં રાજીનામું આપ્યું હતું. રાજીનામા બાદ રોય દંપતિએ ચેનલને પોતાના 32.26 ટકા શેરમાંથી 27.26 ટકા શેર પણ અદાણી ગ્રૂપને વેચી દીધા હતા.

રોય દંપતિએ ચેનલ છોડતાની સાથે જ એક પછી એક રાજીનામાની વણઝાર શરૂ થઈ ગઈ હતી. કંપનીના સીઈઓ સુપર્ણા સિંહ, ચીફ સ્ટ્રેટેજી ઓફિસર અરિજીત ચેટર્જી, સીટીઓ કંવલજીત સિંહ બેદી, રવીશ કુમાર જેવા ચેનલના ઘણા સિનિયર કર્મચારીઓએ NDTVને અલવિદા કહી દીધું.


અદાણી ગ્રુપે એનડીટીવીની પ્રમોટર કંપની RRPR હોલ્ડિંગ પ્રાઈવેટ લિમિટેડને પરોક્ષ રીતે હસ્તગત કરી હતી અને 29.18 ટકા હિસ્સો ટેકઓવર કરી લીધો હતો. ત્યારબાદ અદાણી ગ્રૂપ એનડીટીવીનો વધુ 26 ટકા હિસ્સો ખરીદવા ઓપન ઓફર લાવી હતી.જોકે, ઓપન ઓફર બાદ પણ અદાણી ગ્રુપની NDTV હિસ્સેદારી માત્ર 8.26 ટકા વધી હતી. ત્યારબાદમાં એનડીટીવીના સ્થાપક રોય દંપતીએ તેમનો 32.26 ટકા હિસ્સોમાંથી 27.26 ટકા હિસ્સો અદાણીને વેચવાની જાહેરાત કરી હતી.

PoS મશીન પર PIN દાખલ કરતી વખતે સાવચેત રહો

# ગૃહ મંત્રાલયે ડેબિટ-ક્રેડિટ અને UPI દ્વારા ચૂકવણી કરનારાઓને કર્યા સતર્ક

ગુજરાત | વંદન

આપણે હવે ધીમે ધીમે ડિજિટલ બની રહ્યા છીએ. હવે મોબાઈલ દ્વારા કોઈપણ ટ્રાન્ઝેક્શન પૂર્ણ કરી રહ્યા છીએ. આવી સ્થિતિમાં, હવે ઘણા લોકો છેતરપિંડીના કેસમાં આગળ આવી રહ્યા છે અને ઘણી વખત લોકોના ખાતામાંથી પૈસા ઉપાડવામાં આવી રહ્યા છે. બાદમાં ફરિયાદ કરવા અને તેના નિવારણ માટે ઘણા પ્રયત્નો કરવા પડે છે. ઘણીવાર એવું બને છે કે રિફંડનો અવકાશ ઓછો હોય છે. બેંકમાં દોડવાનો, પોલીસમાં દોડવાનો અને સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં




જવાનો રાઉન્ડ શરૂ થાય છે.

કહેવાય છે કે થોડી કાળજી રાખવાથી લોકો આવી કોઈપણ સમસ્યાથી બચી શકે છે. ઘણી વખત એવું જોવા મળ્યું છે કે કોઈન કોઈક જગ્યાએ એક ભુલ તમારા બેંક ખાતા પર ભારી પડી જાય છે. ભુલથી બચવા અને જયાં પર લેવણ-દેવણ કરતી વખતે ત્યાં સતર્ક રહેવો જરૂરી છે. આજકાલ POS મશીનોનો ઉપયોગ ઘણી દુકાનો, મોલ, પેટ્રોલ પંપ વગેરેમાં પણ થાય છે. આ કિસ્સામાં, ચુકવણી કાર્ડ દ્વારા કરવામાં આવે છે. ઘણી વખત અહીં લોકો બેદરકાર હોય છે. આવી સ્થિતિમાં, આ સ્થળોએ રહેલા ગુંડાઓ આ અજાણતાઓનો ફાયદો ઉઠાવે છે અને લોકોને છેતરે છે.


# ઉનાળુ વેકેશનમાં SVPI એરપોર્ટ એર કનેક્ટિવિટી વધારવા માટે પ્રતિબદ્ધ

■ **39 સ્થળોનો પ્રવાસ સુગમ, અમદાવાદથી દેહરાદૂન દૈનિક સીધી ફ્લાઇટ કાર્યરત**

ગુજરાત | વંદન

ઉનાળુ વેકેશન નજીક છે તેવામાં આકરી ગરમીથી બચવા પ્રવાસનનો શ્રેષ્ઠ સમય આવી ગયો છે. વળી અમદાવાદ એરપોર્ટથી હરવાફરવાના સ્થાનોની એર કનેક્ટીવીટી સુગમ થતા સોનામાં સુગંધ ભળે તેવો સમન્વય સર્જાયો છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ લોકોને મનપસંદ સ્થળોની મુસાફરી સુગમ બને અને તેમાં અવનવા સ્થળો ઉમેરાય તે માટે એરલાઈન્સની મદદથી પ્રયાસરત છે. દેહરાદૂન, મસૂરી, ઋષિકેશ અને ઉત્તરાખંડના પર્વતીય સ્થળોને ખુંદવા ઈચ્છતા લોકો અમદાવાદથી દેહરાદૂન દૈનિક સીધી ફ્લાઇટથી મુસાફરી કરી શકે છે.

આ વેકેશનમાં જમ્મુની ડાયરેક્ટ ફ્લાઇટથી યાત્રાધામ વૈશ્નૌદેવી જવાનું સાવ સરળ બન્યું છે. વળી હિમાચલ પ્રદેશ કે કાશ્મીરમાં પણ રજાઓ માણવાનો પ્લાન કરી શકાય છે. ડેલહાઉસી, ધર્મશાલા અને હિમાચલ પ્રદેશના અન્ય સ્થળોના પ્રવાસ માટે જમ્મુ શ્રેષ્ઠ સ્થળ છે. હિમાચલ પ્રદેશનો પ્રવાસ માણવા માટે અમૃતસર અને ચંદીગઢની ફ્લાઇટ્સ પણ અમદાવાદ એરપોર્ટ પરથી ઉપલબ્ધ છે. તો ડેલહાઉસી, ધર્મશાળા, સોલંગ, મનાલી અને શિમલા



જેવા સ્થળો ધરાવતું હિમાચલ પ્રવાસન માટે લોકપ્રિય છે. એડવેન્ચર પ્રેમીઓ અમૃતસર, જમ્મુ અથવા ચંદીગઢની ઉડાન ભર્યા બાદ મનાલી કે જમ્મુ થઈને શ્રીનગર અથવા લેહ સુધી ડ્રાઈવિંગ અથવા બાઈક રાઈડ કરવાનું પસંદ કરે છે. જો કે જૂનથી શ્રીનગરની સીધી ફ્લાઈટ શરૂ થવાની સંભાવના છે. હાલ તે વાયા ચંદીગઢ 'ધરતીના સ્વર્ગ' શ્રીનગર સાથે પણ જોડાયેલું છે.

વન્યજીવન ઉત્સાહીઓ જયપુરથી સીધા જ પંતનગર જઈ જિમ કોર્બેટ નેશનલ પાર્કમાં સમય ગાળી શકે છે. પંતનગર, નૈનીતાલ અને ઉત્તરાખંડના પ્રવાસન સ્થળોની કનેક્ટીવીટી ઉત્તમ છે.

પૂર્વીય ભારતના મનપસંદ પર્વતીય સ્થળો પણ અમદાવાદ સાથે સારી રીતે જોડાયેલા છે. દાર્જિલિંગ, ગંગટોક કે કાલિમપોંગ માટે બાગડોગરા સીધી ફ્લાઇટથી જઈ શકાય છે. દિલ્હી વાયા ડિબ્રુગઢની ચાર સાપ્તાહિક ફ્લાઈટ્સ અને દિલ્હી વાયા ગુવાહાટીની દૈનિક ફ્લાઈટ સેવન સિસ્ટર રાજ્યોના પ્રવેશદ્વાર આસામ સાથે કનેક્ટેડ છે. દક્ષિણ ભારતના વન્યજીવન અને હિલ સ્ટેશનો પણ અમદાવાદ સાથે સારી રીતે જોડાયેલા છે.

# જાન્યુઆરી-માર્ચ,2023માં પ્રાઈવેટ ઈક્વિટી રોકાણમાં 75%નો મોટો ઘટાડો

ગુજરાત | વંદન

ભારતમાં પ્રાઈવેટ ઈક્વિટી રોકાણમાં માર્ચ ૨૦૨૩માં પુરા થયેલા ત્રિમાસિકગાળા દરમિયાન સતત છઠ્ઠા ત્રિમાસિક ગાળામાં ઘટાડો જોવા મળ્યો છે. વૈશ્વિક મેક્રો ઈકોનોમિક પરિસ્થિતિઓ બદલાતા રોકાણકારોને સાવચેત બનતા રોકાણ ઘટયું છે. વાર્ષિક દ્રષ્ટિએ પીઈ રોકાણ ૭૫% ઘટયું છે અને જાન્યુઆરી-માર્ચ,૨૦૨૩માં ૨.૨ અબજ ડોલર રહ્યું છે તેમ રિફિનટિવના ડેટા દર્શાવે છે. ડિસેમ્બર ૨૦૨૨ ક્વાર્ટરથી રોકાણમાં લગભગ ૩૨% ઘટાડો થયો છે.૨૦૧૮ના પ્રથમ ત્રિમાસિક ગાળાના ૧.૭ અબજ ડોલરના મૂલ્યના પીઈ રોકાણ બાદનો આ વર્ષની શરૂઆતનો સૌથી ખરાબ ત્રિમાસિકગાળો રહ્યો છે. ડિસેમ્બર ૨૦૨૨માં ૩૫૨ અને ગત વર્ષના સમાન ત્રિમાસિકગાળામાં ૪૦૮ સોદાની સરખામણીએ આ રિપોર્ટિંગ ક્વાર્ટરમાં ૨૮૨ સોદા પૂર્ણ થયા છે.

વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓથી પ્રભાવિત છતાં કોમ્પ્યુટર સોફ્ટવેર અને ઈન્ટરનેટ કંપનીઓએ અનુક્રમે ૩૯૨ મિલિયન ડોલર, ૮૭૦.૯ મિલિયન ડોલર રોકાણ સાથે મહત્તમ પીઈ રોકાણ આકર્ષ્યું છે.




# ઉનાળામાં ફરવા માટે કર્ણાટકના આ બીચ સૌથી બેસ્ટ છે, અહીં ફ્રેન્ડ્સ અને ફેમિલી સાથે કરો એક્સપ્લોર..

દક્ષિણ ભારત હજારો પ્રવાસીઓ આવે છે. અહીં દરરોજ હજારો લોકો કેરળ, તેલંગાણા, તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં ફરવા માટે આવે છે. દરિયા કિનારા આ વિસ્તાર હોવાને લીધે રાજ્યના મોટાભાગના લોકો અહીં આવે છે. ત્યારે તમે ફરવા માટે કર્ણાટક જાવ તો દેવબાગના આ બેસ્ટ પ્લેસ એક્સપ્લોર કરી શકો છો.

તરકરલી બીચ બ્લૂ સ્કાય અને બ્લૂ પાણીની સાથે આજુબાજુમાં નારિયેળના ઝાડ આ બીચની સુંદરતામાં વધારો કરે છે. હજારો લોકો દરરોજ સાંજે સૂર્યાસ્ત અને સવારે સૂર્યોદયનો અદ્ભુત નજારો જોવા માટે આવે છે. અહીં ઘણાં એડવેન્ચર પણ કરી શકાય છે. દેવબાગ બીચ દેવબાગ બીચ એક ટાપુ પર સ્થિત ખૂબ જ સુંદર અને અદ્ભુત પ્લેસ છે. દેવબાગ બીચ તેની સુંદરતા માટે પ્રખ્યાત છે એટલું જ નહીં વોટર એક્ટિવિટી માટે પણ જાણિતો છે. અહીં ફ્રેન્ડ્સ અને ફેમિલી સાથે સ્વિમિંગથી સ્કૂબા ડાઈવિંગ સુધીની મજા માણી શકાય છે.આ બીચ સુધી પહોંચવા માટે બોટમાં સવાર કરવો પડે છે. દેવબાગમાં જોવા માટેના અન્ય સ્થળો તરકરલી બીચ અને દેવબાગ બીચ અન્ય બેસ્ટ પ્લેસ પણ એક્સપ્લોર કરી શકાય છે. અહીં લાઈટહાઉસ, સદાશિવગઢ કિલ્લો અને શેજેશ્વર મંદિર જેવી જગ્યા પણ એક્સપ્લોર કરી શકાય છે. આ સિવાય જો તમે દેવબાગમાં શોપિંગ પણ કરી શકો છઓ.

# આ છે વિશ્વની સૌથી મોંઘી શક્કરટેટી, એક નંગની કિંમત 15 લાખથી વધુ



ગરમીની ઋતુમાં તરબૂચ અને શક્કરટેટી દરેક ઘરમાં ખૂબ ખવાય છે, પરંતુ આ શક્કરટેટી વિશ્વનું સૌથી મોંઘુ ફળ છે. આ શક્કરટેટીને લોકો જાપાની તરબૂચ Yubari King નામથી ઓળખે છે. આ હોક્કાઈડો દ્વીપસમૂહમાં ઉગાડવામાં આવે છે અને આની કિંમત ઘણા હજાર ડોલરમાં હોય છે. આ ફળ ખાસ કરીને પોતાના મીઠા સ્વાદ, ઓછા બી અને ફીક્કી સુગંધ માટે ઓળખાય છે. આ ફળનું ઓછુ ઉત્પાદન તેને મોંઘુ બનાવે છે. યુબારી કિંગ શક્કરટેટી માત્ર જાપાનના હોક્કાઈડો દ્વીપસમૂહમાં જ ઉગાડવામાં આવે છે અને આનું મોટા પાયે ઉત્પાદન કરવામાં આવતુ નથી જેના કારણે આની કિંમત ખૂબ વધુ હોય છે.

યુબારી કિંગ શક્કરટેટીની કિંમત અલગ-અલગ દુકાનોમાં અલગ-અલગ હોય છે પરંતુ વર્ષ 2019માં ટેસ્ટ એટલાસે પોતાના એક રિપોર્ટમાં જણાવ્યુ હતુ કે બે જાપાની શક્કરટેટી 42,450 અમેરિકી ડોલરમાં વેચાયા હતા. આજના સમયમાં ભારતીય રૂપિયા મુજબ તે 34 લાખની પાર પહોંચી જાય. યુબારી કિંગ શક્કરટેટીનું ઉત્પાદન ઓક્ટોબરથી માર્ચ સુધી થાય છે અને તેની ખેતી માટે ખાસ પ્રકારની ટેકનિકનો ઉપયોગ કરવામાં આવે છે. ઉત્પાદન દરમિયાન ફળોના આકાર અને તેના રસના પ્રમાણને નિયંત્રિત કરવા માટે ખાસ ધ્યાન આપવામાં આવે છે. આ સિવાય યુબારી કિંગ શક્કરટેટીના ઉત્પાદન માટે ખાસ ખાતરનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

## આ ફળની ખાસિયત શું છે ....

યુબારી કિંગ શક્કરટેટીની ખાસિયતોમાંની એક એ છે કે આ ફળ અત્યંત સંક્રમણ રોધી હોય છે જે આને સુરક્ષિત બનાવે છે. આ સિવાય, આ ફળમાં ખૂબ ખનીજ તત્વો અને વિટામિન હોય છે. જેમ કે વિટામિન સી, વિટામિન એ, પોટેશિયમ, ફોસ્ફરસ, કેલ્શિયમ વગેરે. આ ફળની કિંમતના કારણે આને સામાન્ય માણસ ખાઈ શકતા નથી. સમગ્ર દુનિયામાં આને ખરીદનાર અમુક જ ગ્રાહક છે.



# મોડી રાત સુધી બાળકને ઊંઘ આવતી નથી? તો અજમાવો આ ટિપ્સ, મિનિટોમાં ઘસઘસાટ સૂઇ જશે


તમારું બાળક મોડી રાત સુધી જાગે છે અને એને ઊંઘ આવતી નથી તો આ સમય ઘણો મુશ્કેલીભર્યો હોય છે. જો કે આ પાછળનું સૌથી મોટું કારણ એ હોય છે કે પેરેન્ટ્સ સવારથી લઈને રાત સુધીમાં કામ કરીને થાકી ગયા હોય છે એવામાં બાળક રાત્રે ઊંઘે એ નહીં સૌથી વધારે અઘરું પડે છે. બાળકોની આ આદત માત્ર એક-બે દિવસ પૂરતી નહીં પરંતુ આખા રૂટિન પર અસર કરે છે. આ માટે આ આદતને છોડાવવી ખૂબ જરૂરી છે. એવામાં તમે બાળકોનો ઊંઘવા માટે એક ટાઈમ સેટ કરો છો તો સૌથી બેસ્ટ છે. આમ, તમારા બાળકને પણ આવી ટેવ છે તો તમે આ ટિપ્સ ફોલો કરો. આ ટિપ્સ તમને અનેક રીતે કામમાં આવશે અને સાથે તમારું બાળક પણ ઘસઘસાટ ઊંઘી જશે.

ખાસ ધ્યાન એ રાખો કે બાળકોને બાળપણથી તમે જેવી આદતો પાડો છો એવી રહે છે. આ માટે હંમેશા બાળકને એક સમય પર ઊંઘાડવાની આદત પાડો. આ સાથે જ તમે એક ફિક્સ બેડ ટાઈમ બનાવો. આ બેડ ટાઈમ તમારો ફિક્સ હશે તો તમને કોઇ તકલીફ નહીં પડે અને તમારું બાળક પણ ફટાફટ ઊંઘી જશે.

**કહાની તેમજ લોરી સંભળાવો** | બાળકોને ઊંઘાડતી વખતે તમે કોઇ સારી કહાની એટલે કે સ્ટોરી કહો અથવા તો લોરી સંભળાવો. આમ કરવાથી બાળક જલદી સૂઇ જાય છે. તમે તમારા બાળકમાં આ ટેવ પાડશો તો એ ખુશ પણ થશે અને સાથે હસતા-હસતા વહેલા સૂઇ જશે. તમને જાણીને નવાઇ લાગશે કે કહાની અને લોરી બાળકોને બહુ ગમતી હોય છે.

**બેડરૂમનો માહોલ શાંત કરો** | બાળકને તમે જ્યારે રૂમમાં ઊંઘવા માટે લઇ જાવો ત્યારે ખાસ કરીને સૌથી પહેલાં તમારા બેડરૂમનો માહોલ શાંત કરી દો. બેડરૂમમાં ઘણાં લોકોને ટીવી જોવાની આદત હોય છે. તમારી આ આદત પણ તમને ભારે પડી શકે છે. આ માટ હંમેશા બેડરૂમનો માહોલ શાંત કરો. આમ કરવાથી બાળક તરત જ સૂઇ જશે.

# વધુ પડતા ટેલ્કમ પાવડરનો ઉપયોગ શરીર માટે હાનિકારક સાબિત થઇ શકે




ઉનાળાની ઋતુ આપણી જીવનશૈલીમાં ઘણા ફેરફારો લાવતી હોય છે. આ સિઝનમાં પહેરવામાં આવતા કપડાંથી લઈને ખાવા-પીવામાં પણ ઘણો ફેરફાર આવતો હોય છે. ઉનાળામાં લોકો ભીષણ ગરમી અને પરસેવાના કારણે પરેશાન થતા હોય છે. આવી સ્થિતિમાં પોતાને ફ્રેશ રાખવા માટે લોકો ટેલ્કમ પાવડરનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ ટેલ્કમ પાવડરનો ઉપયોગ હાનિકારક સાબિત થઈ શકે છે. જો તમે પણ ફ્રેશ રહેવા માટે ટેલ્કમ પાવડરનો ઉપયોગ કરતા હોવ તો ચેતી જજો. ટેલ્કમ પાવડરના ઉપયોગ નુકશાનકારક બની શકે છે.

## ડ્રાય સ્કીન

ઉનાળામાં ઘણીવાર ઓઈલી સ્કીનના કારણે ઘણાં લોકો ખાસ કરીને મહિલાઓ ચહેરા પર ટેલ્કમ પાવડર લગાડે છે. પરંતુ આવું કરવાથી ત્વચાને ઘણું નુકશાન પહોંચે છે. ચેહરા પર પાવડર લગાડવાથી સ્કીન ડ્રાય થવા લાગે છે, જેના કારણે ડ્રાઈનેસની સમસ્યા વધવા લાગે છે. ઘણીવાર ડ્રાઈનેસના કારણે લાલ ચકામાની પણ સમસ્યા ઉભી થઈ શકે છે.

## થઇ શકે છે સ્કીન ઇન્ફેક્શન

ઘણા લોકો ઉનાળામાં અંડરઆર્મ્સમાંથી પરસેવાની દુર્ગંધને દૂર કરવા માટે ટેલ્કમ પાવડરનો ઉપયોગ કરતા હોય છે. આવી સ્થિતિમાં સ્કીન ઈન્ફેકશનની શક્યતાઓ ઘણી વધી જાય છે. ઉનાળાની ઋતુમાં લોકો ઘણીવાર પાવડરનો ઉપયોગ તેમનાં અંડરઆર્મ્સ અથવા કમર વગેરેમાં કરતાં હોય છે. ટેલ્કમ પાવડરમાં સ્ટાર્ચ હોય છે, જેના ઉપયોગથી પરસેવો સુકાઈ જાય છે, પરંતુ સ્કીન ઈન્ફેકશનનું જોખમ ઘણુ વધી જાય છે.

## રૂવાંટીના છિદ્રો બંધ થઇ શકે છે

જો ઉનાળામાં ટેલ્કમ પાવડરનો વધુ ઉપયોગ કરવામાં આવે તો તેના કારણે ત્વચાના છિદ્રો બંધ થઈ શકે છે. વાસ્તવમાં પાવડર ખૂબ જ બારીક હોય છે, જેના ઉપયોગથી ત્વચાના છિદ્રો બંધ થઈ જાય છે. આટલું જ નહીં પાઉડર ઉનાળામાં પરસેવાને બાષ્પીભવન થવા દેતું નથી, જેનાથી ચકામા થવાની શક્યતા વધી જાય છે.

## શ્વાસ સંબંધિત સમસ્યાઓની શક્યતા

ઉનાળામાં ટેલ્કમ પાવડરના ઉપયોગના કારણે શ્વાસની સમસ્યા પણ થઈ શકે છે. વાસ્તવમાં તેના નાના કણો શ્વસન પ્રક્રિયા દ્વારા શરીરમાં પહોંચે છે. જેના કારણે ગભરાટ, શ્વાસ લેવામાં મુશ્કેલી અને ઉધરસ વગેરે થઈ શકે છે. આ સિવાય ક્યારેક આના કારણે ફેફસામાં બળતરા પણ થઈ શકે છે.

# રામબાણ ઈલાજ: અંજીરના પાન ખાશો તો ઈન્સુલિન લેવાની જરૂર નહીં પડે, બ્લડ શુગર ઘટી જશે



ભોજન બાદ આપણા આહારમાંથી આંતરડા જરુરી પોષક તત્વો કાઢી લે છે. કાર્બોહાઈડ્રેટથી ગ્લૂકોઝ બને છે, તેનાથી બોડીમાં એનર્જી બને છે અને તેનાથી જ આપણે કંઈ પણ કામ કરી શકીએ છીએ. આ ગ્લૂકોઝને ઈંસુલિન કામને લાયક બનાવે છે. ઈંસુલિન એક હોર્મોન છે, જે ગ્લૂકોઝ એટલે કે શુગરનું અવશોષણ કરીને તેને એનર્જીમાં બદલી નાખે છે. પણ જ્યારે ઈંસુલિન ઓછુ બને અથવા બનતું જ નથી, તો શુગરનું અવશોષણ નથી થતું. આ સ્થિતીમાં શુગર લોહીમાં જામ થવા લાગે છે, જે હાર્ટ, કિડનીને લઈને આંખો સુધીની નસોમાં પહોંચી જાય છે. ઈંસુલિન પૈંક્રિયાઝમાં બને છે પણ લાઈફસ્ટાઈલ સંબંધી મુશ્કેલીઓના કારણે તે ઓછું બનવા લાગે છે. પણ ઈંસુલિનના ઉત્પાદનને ઘરની આજૂબાજૂમાં રહેલી વસ્તુથી વધારી શકાય છે. અંજીરના પાન પણ તેમાંથી એક છે.

એક રિપોર્ટમાં એક્સપર્ટના હવાલાથી જણાવ્યું છે કે, અંજીરના પાન બ્લડ શુગરને ઘટાડવા માટે કુદરતી રીત હોય શકે છે. તેનાથી ડાયાબિટીસને કુદરતી રીતે કંટ્રોલ કરી શકાય છે.

## ઇન્સુલિનની જરૂરિયાતને ઓછી કરી શકાય છે

નેચર ક્યોરની લેખિકા નેટ હાવેસે જણાવ્યું કે, અંજીરના પાનમાં ડાયાબિટીસને ખતમ કરવાના ગુણ મળી આવે છે. તેમણે લોકોને સલાહ આપી છે કે, રોજ જો અંજીરના પાન ચાવવામાં આવે તો, બ્લડ શુગર વધવાનો ખતરો નથી. તેમણે કહ્યું કે, ડાયાબિટીસના દર્દી રોજ સવારે ખાલી પેટ અંજીરના પાનને ચાવીને અથવા ચા બનાવીને પીતા રહો. ડાયબેટિક રિસર્ચ એન્ડ ક્લિનકલ પ્રેક્ટિસ જર્નલમાં છપાયેલી એક રિપોર્ટમાં પણ અધ્યયનના હવાલેથી જણાવ્યું છે કે, અંજીરના પાન બ્લડ શુગરને ઘટાડવામાં મદદ કરે છે. ત્યાં સુધી જે લોકો રોજના ઈંસુલિન લેવા પડે છે, જો તે પણ અંજીરના પાનનું સેવન કરે છે, તો ખાધા બાદ તેમનું બ્લડ શુગર ઓછુ થઈ જશે. તેમને ઈંસુલિન લેવાની જરુર ઓછી પડશે.

## કેવા પ્રકારના અંજીરના પત્તાનું સેવન કરવું જોઈએ

નેટ હાવેસે જણાવ્યું કે, અંજીરના પત્તાને સવાર સવારમાં ઉપયોગ કરવા જોઈએ. તેને કાં તો બ્રેકફાસ્ટની સાથે લઈ શકો અથવા સવારમાં સૌથી પહેલા તેનું જ સેવન કરો. તેના માટે અંજીરના ચાર પાન તોડો અને તેને સાફ પાણીમાં ઉકાળો. ત્યાર બાદ તેને ચાની માફક પીઓ. જો કે, અમુક લોકોને તેન સ્વાદ તીખો લાગી શકે છે. એટલા માટે જો આપ ઈચ્છો છો અંજીરના પાનને સુકવી નાખો અને તેનો પાઉડર બનાવી લો. બાદમાં સવારમાં બે ચમચી અંજીરના પાઉડર સાથે ચા બનાવો અને તેની પીલો. તેનાથી ઈંસુલિન લેવાની જરુર ખૂબ જ ઓછી થઈ જશે. જો કે, ડાયાબિટીસ દર્દીને ઈંસુલિનની કેટલી કમી છે, એ તો ડોક્ટર જ બતાવી શકશે. તેના માટે પહેલા એ તપાસ કરી લો કે આપને કેટલા ઈંસુલિનની જરુર છે. ઘણા લોકોને ઈંસુલિનની ઓછી જરુર હોય છે. ત્યારે આવા સમયે એક બે અંજીરના પત્તા બહું થઈ જશે.



# બીટનું રાયતું સ્વાદની સાથે સાથે સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક

ક્યારેક આપણને કંઈક અલગ ખાવાનું મન થાય છે. પણ મનમાં એ પણ રહે છે કે એ નવી વસ્તુ આપણા સ્વાસ્થ્ય માટે સારી રહેશે કે કેમ. ઘણીવાર વડીલો આપણને ફળો અને શાકભાજી અને જ્યુસ ખાવા અને પીવાની સલાહ આપે છે. સાથે તમારા સ્વાસ્થ્યને પણ સ્વસ્થ રાખી શકાય છે. આજે અમે તમને બીટનું રાયતું બનાવવાની રીત શીખવવા જઈ રહ્યા છીએ. બીટરૂટનું સેવન બ્લડ પ્રેશર કંટ્રોલમાં રાખે છે. જેમને હાઈ બ્લડ પ્રેશર હોય છે તેમના માટે બીટરૂટ ખૂબ જ ફાયદાકારક છે. બીટરૂટ શરીરમાં લોહી વધારવામાં મદદ કરે છે, તેથી જે લોકોને એનિમિયા હોય તેમણે તેનું સેવન કરવું જોઈએ. તે શરીરમાં આયર્નની ઉણપને દૂર કરે છે.

## સામગ્રી

- દહીં - 1 કપ
- બીટરૂટ-1
- લીલા મરચા - 1-2 સમારેલા
- રાઈના દાણા - 1/2 ચમચી
- મીઠો લીમડો - 3-4
- કાળું મીઠું - સ્વાદ મુજબ
- શેકેલું જીરું - અડધી ચમચી
- તેલ - 1 ચમચી

**રીત** બીટરૂટને સારી રીતે ધોઈને સાફ કરો અને તેને છીણી લો. એક બાઉલમાં દહીંને સારી રીતે હલાવો. તેમાં છીણેલું બીટરૂટ અને લીલા મરચા ઉમેરો. એક પેનમાં તેલ નાખીને ગરમ કરો. તેમાં તલ, રાઈ અને મીઠો લીમડો ઉમેરીને તળી લો. તેને થોડું ઠંડુ કરો અને તેને દહીં અને બીટરૂટના મિશ્રણમાં ઉમેરો. હવે તેમાં શેકેલા જીરાનો પાવડર ઉમેરો. એકદમ હેલ્ધી અને ટેસ્ટી બીટનું રાયતું તૈયાર છે.



# લસ્સીના ફાયદા: પાચનશક્તિ સુધારવાથી લઈને વજન ઘટાડવા સુધી, ઉનાળામાં લસ્સી પીવાથી તણાવમાં રાહત

ઉનાળામાં, લોકો પોતાને સ્વસ્થ રાખવા માટે તેમના આહારમાં યોગ્ય ફેરફારો કરે છે. આ ઋતુમાં મોટાભાગના લોકો આવી ખાદ્ય વસ્તુઓનું સેવન કરે છે, જે તેમને ગરમીથી બચાવે છે અને સાથે જ ઠંડક પણ આપે છે. ઘણા લોકોને ઉનાળામાં લસ્સી પીવી ગમે છે. તે શરીરને ઠંડક તો આપે જ છે સાથે સાથે સ્વાસ્થ્યને પણ ઘણા ફાયદા આપે છે. કાર્બોહાઈડ્રેટ, સોડિયમ, પ્રોટીન, કેલ્શિયમ અને ફાઈબરથી ભરપૂર લસ્સી સ્વાદિષ્ટ હોવા ઉપરાંત ઘણા ફાયદા પણ આપે છે. જો તમે માત્ર સ્વાદ માટે લસ્સી પીવી પસંદ કરો છો, તો આજે અમે તમને તેના કેટલાક ફાયદાઓ વિશે જણાવીશું, જેને જાણીને તમે તેને સ્વાદની સાથે સાથે તમારા સ્વાસ્થ્ય માટે પણ પીવાનું શરૂ કરી દેશો.

## તો ચાલો જાણીએ તેના કેટલાક ફાયદાઓ...

**પાચન તંત્રને ઠીક કરે છે** | ઉનાળામાં મીઠી અને ખાટી લસ્સી પીવાથી મોઢામાં સારો સ્વાદ આવે છે. આ સાથે તમારી પાચનતંત્ર પણ મજબૂત બને છે. પોષક તત્વોથી ભરપૂર લસ્સીમાં સારી માત્રામાં ફાઈબર હોય છે, જે પેટની ઘણી સમસ્યાઓ જેમ કે કબજિયાત, ગેસ અને એસિડિટીથી રાહત આપે છે. આ જ કારણ છે કે ઉનાળામાં તેને પીવાથી પાચનતંત્ર સુધરે છે અને પેટ પણ સ્વસ્થ રહે છે.

**હાડકાં મજબૂત કરે છે** | જો તમે પણ લસ્સી પીવાના શોખીન છો તો તમને જણાવી દઈએ કે લસ્સી પીવાથી હાડકાં મજબૂત થાય છે. આ સાથે જ તેના ઉપયોગથી માંસપેશીઓનો દુખાવો પણ સરળતાથી દૂર થઈ જાય છે. લસ્સીમાં રહેલ કેલ્શિયમની ભરપૂર માત્રા થાકને દૂર કરવામાં પણ ખૂબ મદદરૂપ છે. જો તમે તેને રોજ પીવો છો તો તે તમારા દાંતને પણ મજબૂત બનાવે છે.

**ગરમીથી બચાવો** | ઉનાળાની ઋતુમાં મોટાભાગના લોકો હીટ સ્ટ્રોકના કારણે બીમાર પડે છે. આવી સ્થિતિમાં, તે મહત્વપૂર્ણ છે કે તમે તમારી જાતને હીટ સ્ટ્રોકથી બચાવો. જો તમે પણ ઉનાળામાં હીટ સ્ટ્રોકથી બચવા માંગતા હોવ તો દરરોજ લસ્સીનું સેવન કરવું ફાયદાકારક રહેશે. લસ્સી પીવાથી તમે ન માત્ર હીટ સ્ટ્રોકથી બચી શકશો, પરંતુ તમને સૂર્યપ્રકાશથી થતા માથાના દુઃખાવાથી પણ રાહત મળશે.

**વજન ઘટાડવામાં મદદ કરે છે** | જો તમે તમારું વજન ઓછું કરવા માંગો છો, તો લસ્સી તમારા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે. લસ્સી પીવાથી વજન ઘટાડવામાં ઘણી મદદ મળે છે. આ સાથે, તે પેટની ચરબી ઘટાડવામાં પણ ખૂબ અસરકારક છે. જો કે, ધ્યાનમાં રાખો કે જો તમે વજન ઘટાડવા માટે લસ્સી પી રહ્યા છો, તો ખાંડને બદલે અન્ય વસ્તુનો ઉપયોગ કરો.

**તણાવ રાહત** | ઉનાળામાં તડકાને કારણે મન ઘણી વાર અશાંત રહે છે. આવી સ્થિતિમાં, જો તમે આ સિઝનમાં લસ્સી પીઓ છો, તો તે તમારા મનને શાંત કરે છે અને તણાવ દૂર કરે છે. ઈન્સ્ટન્ટ એનર્જી આપવાની સાથે તે મૂડને પણ ફ્રેશ કરે છે.

સોમવારે વિરાટની આરસીબી સામે ધોનીની સેના વચ્ચે ઘમાસાણ જોવા મળશે...

# IPL: રવિવારે ચાર ટીમો વચ્ચે થશે ટક્કર, મુંબઈ ઈન્ડિયન્સ-કોલકાતા, ગુજરાત ટાઈટન્સ- રાજસ્થાન રોયલ સામ-સામે

ગુજરાત | વંદન


ભારતના સૌથી મોટા તહેવાર IPLની મેચો જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ તેનો ઉત્સાહ પણ વધ્યો છે. આઈપીએલની ડબલ મેચ રવિવારે જોવા મળશે. જ્યારે સોમવારે આરસીબી અને ધોનીની સીએસકે વચ્ચે મુકાબલો થશે.

મુંબઈ ઈંડિયન્સ રવિવારે પ્રથમ મેચમાં KKR સાથે ટકરાશે. KKR અને મુંબઈ ઈંડિયન્સ તેમની અગાઉની મેચમાં જોરદાર જીત મેળવી હતી. બીજી મેચમાં ગુજરાત ટાઈટન્સ અને પં રાજસ્થાન રોયલ વચ્ચે મુકાબલો થશે. રાજસ્થાન રોયલ અને ગુજરાતની ટીમ આઈપીએલમાં શાનદાર ફોર્મ બતાવી રહી છે. અને સોમવારે તે RCBઅને સીએસકે વચ્ચે જોરદાર ટક્કર થશે. આ બંને ટીમો મજબૂત દેખાઈ રહી છે. આ વખતે વિરાટ કોહલી આરસીબીમાં શાનદાર ફોર્મમાં છે. બીજી તરફ સીએસકેની ટીમ ભારે મુશ્કેલીમાં છે. ધોની ઈજાગ્રસ્ત થતા તેને 2 સપ્તાહ માટે આરામ અપાયો છે. જેના કારણે આ વખતે વિરાટની ટીમ સીએસકે પર ભારે પડશે.












## એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ

# અંતિમ પંઘાલે સિલ્વર, અંશુ અને સોનમે બ્રોન્ઝ જીત્યો

ગુજરાત | વંદન

એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં મહિલા કુસ્તીબાજો ફરી ગોલ્ડ મેડલ જીતી શકી નથી. 53 વજન વર્ગમાં, હરિયાણાની અંતિમ પંઘાલે બુધવારે ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો પરંતુ 2021ની વર્લ્ડ ચેમ્પિયન અકરી ફુજિનામી સામે 0-10થી પાછળ રહીને તેને સિલ્વરથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા સામે હડતાળ પર બેઠયા પછી અંશુ મલિક (57) અને સોનમ મલિક (62)એ તેમની પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા રમી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યું છે.

દેશની પ્રથમ અંડર-20 વર્લ્ડ ચેમ્પિયન અંતિમ પંઘાલે ચેમ્પિયનશિપમાં શાનદાર શરૂઆત કરી હતી. તેણે પહેલા સિંગાપોરની અલવિના લિમને હરાવ્યું. ત્યારબાદ તેણે ક્વાર્ટર




ફાઈનલમાં ચીનની લી ડેંગને 6-0થી હરાવ્યું. સેમિફાઈનલમાં, તેણીએ ઓક્ટેન ક્યુનિમજાએવાને 8-1 થી હરાવ્યો. આ દરમિયાન તેણે એક પણ પોઈન્ટ ગુમાવ્યો ન હતો. તેને ઉઝબેક કુસ્તીબાજ સામે એક પોઈન્ટ કોશનનો મળ્યો. ફાઈનલમાં અંતિમે એવી રમત ન બતાવી. ટેકનિકલ પરાક્રમના આધારે ફુજિનામીએ તેને સરળતાથી હરાવ્યો.

# હોકી ઈન્ડિયા લીગ 6 વર્ષ પછી ફરી શરૂ થશે

■ માર્ચ 2024માં હોઈ શકે છે આગામી સીઝન, લીગ માટે કોમર્શિયલ અને માર્કેટિંગ ભાગીદારોની જાહેરાત

ગુજરાત | વંદન

છ વર્ષથી સ્થગિત હોકી ઈન્ડિયા લીગ આવતા વર્ષની શરૂઆતમાં શરૂ થવાની સંભાવના છે. હોકી ઈન્ડિયાએ લીગ માટે કોમર્શિયલ અને માર્કેટિંગ ભાગીદારોની જાહેરાત કરી છે. નાણાકીય કારણોસર લીગને 2017 માં રદ કરવામાં આવી હતી, પરંતુ હવે હોકી ઈન્ડિયા લીગ શરૂ કરવા માટે નવા ભાગીદારોને જોડવાનો પ્રયાસ કરી રહી છે.

હોકી ઈન્ડિયાના સૂત્રોનું કહેવું છે કે તેઓ લીગને વહેલી તકે શરૂ કરવા માંગે છે, પરંતુ ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH) પાસે આવતા વર્ષે ફેબ્રુઆરી સુધી લીગ માટે ખાલી સમય




નથી. ત્યાં સુધી અમારી પાસે લીગ શરૂ કરવા માટે પુષ્કળ સમય છે. હોકી ઈન્ડિયાના પ્રમુખ દિલીપ તિર્કીએ કહ્યું કે તેઓ આજે ખૂબ જ રાહત અનુભવી રહ્યા છે કારણ કે હોકી ઈન્ડિયા લીગ શરૂ કરવી તેમની ટોચની પ્રાથમિકતા છે.

આ લીગ આવતા વર્ષે માર્ચ મહિનામાં યોજવામાં આવી શકે છે, કારણ કે ફેબ્રુઆરી સુધીનો સમય નથી. જો માર્ચમાં પણ સમય ન મળે તો આગામી મહિનામાં આયોજન થઈ શકે છે. લીગ 2013 માં શરૂ થઈ હતી અને અત્યાર સુધીમાં તેની પાંચ સીઝન થઈ છે. રાંચીની ટીમ બે વખત ટાઈટલ જીતી ચૂકી છે. જોકે, 2013માં પ્રથમ સિઝન જીતનારી ટીમ રાંચી રિન્હોસ હવે લીગમાંથી બહાર થઈ ગઈ છે અને રાંચી રેઝે 2015માં ટાઈટલ જીત્યું હતું. 2014માં દિલ્હી, 2016માં પંજાબ અને 2017માં કલિંગાએ ખિતાબ જીત્યો હતો.

## તમિલનાડુ વિધાનસભામાં ટીએમકેના એસપી વેંકટેશ્વરની રજૂઆત

# ધોનીની CSK ટીમ પર પ્રતિબંધ મુકવા માંગણી

■ ટીમનું નામ ચેન્નઈ પરથી પણ ટીમમાં એક પણ સ્થાનીય ખેલાડી નથી

ગુજરાત | વંદન

કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી ક્રિકેટ પ્રશંસકો હાલના સમયે આઈપીએલ 2023ની મજા લઈ રહ્યા છે. દરેક સિઝનની જેમ આ વખતે પણ ક્રિકેટ પ્રશંસકોની નજર કેપ્ટન કૂલ મહેન્દ્રસિંહ ધોનીની ટીમ ચેન્નઈ સુપર કિંગ્સ પર છે. જોકે આ દરમિયાન તમિલનાડુના એક ધારાસભ્યે સીએસકેને પ્રતિબંધ કરવાની માંગણી કરી દીધી છે.

તમિલનાડુના ધર્મપુરીથી પીએમકેના ધારાસભ્ય એસપી વેંકટેશ્વરને રાજ્ય સરકારને ચેન્નઈ સુપર કિંગ્સ પર પ્રતિબંધ લગાવવવાનું નિવેદન કરતા આરોપ લગાવ્યો કે આઈપીએલ






ફ્રેન્ચાઈઝી પાસે કોઈ લોકલ પ્લેયર નથી. પીએમકેના ધારાસભ્યે વિધાનસભામાં ખેલ અને યુવા કલ્યાણ વિભાગની અનુદાન માંગણી દરમિયાન આ વાત કહી. તેમણે પોતાની વાત મીડિયા સામે કહી કે તેમણે ફક્ત વિધાનસભામાં જનતાની ભાવના વિશે જણાવ્યું છે.

તેમણે કહ્યું કે મોટી સંખ્યામાં યુવા રસ લઈને આઈપીએલ મેચ જુવે છે. ચેન્નઈ તમિલનાડુની રાજધાની છે. અમારા નેતા અય્યા (ડોક્ટર રામદાસ) એ તમિલ ભાષાની રક્ષાના મહત્વ વિશે યુવાઓમાં જાગરુકતા વધારવા માટે ઈન સર્ચ ઓફ તમિલ અભિયાન શરુ કર્યું છે. ઘણા લોકોએ મારો સંપર્ક કર્યો અને કહ્યું કે તે દુખી છે કારણ કે ટીમનું નામ ચેન્નઈ રાખવા છતા આ ટીમ પ્રતિભાશાળી લોકલ પ્લેયર્સને તક આપતી નથી. આ ટીમને પ્રતિબંધ કરી દેવી જોઈએ.

મીડિયા સાથે વાતચીતમાં તેમણે કહ્યું કે મેં આજે જ વિધાનસભામાં લોકોની ભાવનાઓ વિશે જણાવ્યું.

# આઈપીએલમાં કોઈ એક જ ટીમમાં 200મી મેચમાં કેપ્ટન રહેનાર ધોની પ્રથમ ખેલાડી

ગુજરાત | વંદન

IPLમાં એક ટીમ માટે 200 મેચમાં કેપ્ટનશિપ કરનારો ધોની પ્રથમ ક્રિકેટર બન્યો છે. ધોનીએ CSK માટે 200 મેચોમાં કેપ્ટનશિપનો રેકોર્ડ તોડ્યો છે. ઉપરાંત ધોની રાઈઝિંગ પૂણે સુપરજાયન્ટ્સનો કેપ્ટન પણ રહી ચૂક્યો છે.

મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપ હેઠળ જ ચેન્નાઈએ 2010, 2011, 2018 અને 2021માં ચેમ્પિયનશીપ જીતી હતી. ઉપરાંત ધોની તેની ટીમને 15માંથી 11 વખત અંતિમ ચારમાં લઈ જવામાં પણ સફળ થયો હતો. ધોનીની ટીમ 4 વખત ટ્રોફી જીતવા ઉપરાંત ટીમ 5 વખત રનર્સઅપ પણ રહી છે. ધોનીએ આજની મેચ સહિત IPLમાં 213 મેચો (CSK/RPS)નું નેતૃત્વ કર્યું છે. તેમજ 125 મેચમાં જીતી મેળવી છે અને 87




મેચ હારનો સામનો કરવો પડ્યો છે. એક મેચ અનિર્ણિત રહી છે.

વર્ષ 2016માં CSK પર પ્રતિબંધ લદાયો હતો, જેના કારણે ધોનીએ એક સિઝનમાં 14 મેચોમાં રાઈઝિંગ પુણે સુપરજાયન્ટ્સ (RPS)ની કેપ્ટનશીપ નિભાવી હતી, જેમાંથી તેની ટીમ 5 મેચ જીતી અને 9 હારી હતી. જો આ 14 મેચો સિવાય વાત કરવામાં આવે તો આજની મેચ પહેલા ધોનીએ 199 મેચોમાં CSKની કેપ્ટનશીપ કરી છે. તેમાંથી CSKએ 120 મેચ જીતી છે, જ્યારે 78માં હારનો સામનો કરવો પડ્યો છે.




## મોહિત શર્માની IPLમાં ત્રણ વર્ષ બાદ થઈ વાપસી

# પહેલી જ મેચમાં જોરદાર પ્રદર્શન કરી 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યો

ગુજરાત | વંદન

IPL 2023નો ઉત્સાહ ચરમસીમાએ પહોંચી ગયો છે. IPLની આ સિઝનમાં ખૂબ જ રસપ્રદ મેચો રમાઈ છે. કેટલીક મેચનું પરિણામ અંતિમ બોલ પર નક્કી થઈ રહ્યું છે. IPL વિશ્વની સૌથી મોટી T20 ક્રિકેટ લીગ છે. આ ટુર્નામેન્ટ તમારી જાતને સાબિત કરવા માટે એક વિશાળ પ્લેટફોર્મ જ નહીં પણ તમે જો શાનદાર પ્રદર્શન કરો છો ત્યારે તમે તમારી ટીમ અને ચાહકો માટે હીરો પણ બની જાઓ છો. મોહિત શર્માએ પણ આવું જ કંઈક કર્યું છે.

PL 2023ની ગઈકાલે રાત્રે રમાયેલી મેચમાં ભારતીના ઝડપી બોલર મોહિત શર્માએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. ગુજરાત ટાઈટન્સના આ બોલરે પંજાબ કિંગ્સ સામે ચાર ઓવરમાં માત્ર 18 રન આપીને બે વિકેટ ઝડપી હતી. તેની ધારદાર બોલિંગના કારણે પંજાબની ટીમ માત્ર 153 રન જ બનાવી શકી હતી. ગુજરાત ટાઈટન્સે આ ટાર્ગેટ 4 વિકેટ ગુમાવીને ચેઝ કર્યો હતો અને મેચ જીતી હતી. આ મેચમાં મોહિત શર્માએ શાનદાર પ્રદર્શન કરતા તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. IPLમાં મોહિત ત્રણ વર્ષ બાદ જોરદાર વાપસી કરીને પોતાની ટીમને જીત અપાવી હતી. મોહિતને પીઠની ઈજા થઈ હોવાથી થોડા સમય માટે તે ક્રિકેટથી દૂર થયો હતો. IPLના વર્ષ 2022ના મેગા ઓક્શનમાં એકપણ ફ્રેન્ચાઈઝીએ તેના પર ભરોસો મુક્યો ન હતો અને તે અનસોલ્ડ રહ્યો હતો. આ સિઝનમાં ગુજરાતે તેને બેઈઝ પ્રાઈઝમાં ખરીદ્યો હતો.

હરિયાણાનો મોહિત વર્ષ 2012-13ની રણજી ટ્રોફી દરમિયાન ચર્ચામાં આવ્યો હતો. આ સિઝનમાં તે આઠ મેચમાં 37 વિકેટ સાથે ટૂર્નામેન્ટનો પાંચમો સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો. ચેન્નઈ સુપર કિંગ્સે મોહિતના આ પ્રદર્શનથી પ્રભાવિત થઈને તેને 2013ની આઈપીએલ સીઝન માટે સાઈન કર્યો હતો.

## ચેન્નાઈ સુપરકિંગ્સ ભયંકર મુશ્કેલીમાં !

# ધોની ઈજાગ્રસ્ત, સ્ટાર ખેલાડી 2 સપ્તાહ માટે 'આઉટ' થયાં

ગુજરાત | વંદન

ચેન્નાઈ સુપરકિંગ્સના મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગે કહ્યું કે, ટીમના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની ઘૂંટણની ઈજા સામે ઝઝૂમી રહ્યો છે જેના કારણે તેને મૂવમેન્ટમાં પરેશાની થઈ રહી છે. આ બધાની વચ્ચે ચેન્નાઈ ટીમ માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે કેમ કે તેનો દક્ષિણ આફ્રિકી ફાસ્ટ બોલર સિસાંડા મગાલા ઈજાગ્રસ્ત થવાને કારણે બે સપ્તાહ સુધી બહાર થઈ ગયો છે.

ફ્લેમિંગે જણાવ્યું કે, તે (ધોની) ઘૂંટણની ઈજાથી પરેશાનીમાં છે અને આ ઈજા તેને સતત પરેશાન કરી રહી છે. તેની ફિટનેસ પ્રોફેશ્નલ ખેલાડી જેવી જ રહી છે. તે ટૂર્નામેન્ટ શરૂ થાય તેના મહિનાઓ પહેલાં જ તૈયારીઓ શરૂ કરી દે છે. તેણે રાંચીમાં નેટ પર અભ્યાસ કર્યો હતો પરંતુ સીઝન પહેલાંની તૈયારી તેણે ચેન્નાઈ પહોંચીને એક મહિના પહેલાં જ શરૂ કરી દીધી હતી.

જો કે ફ્લેમિંગને વિશ્વાસ છે કે ધોની



પોતાની ઈજામાંથી સાજો થઈ જશે અને ટીમનું નેતૃત્વ યથાવત રાખશે. આ બધાની વચ્ચે મગાલા પણ ઈજાગ્રસ્ત થઈ ગયો છે. ફ્લેમિંગે કહ્યું કે અમે પહેલાંથી જ ઈજાગ્રસ્ત ખેલાડીઓની સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છીએ એટલા માટે હું ઈચ્છું છું કે હવે તેમાં વધારો ન થાય.

ઈંગ્લેન્ડનો ઑલરાઉન્ડર બેન સ્ટોક્સ એડીમાં ઈજાને કારણે મેચ રમી શક્યો નહોતો તો ભારતીય ફાસ્ટ બોલર દીપક ચાહર સ્નાયુ ખેંચાઈ જતા આઈપીએલમાંથી લગભગ બહાર થઈ ગયો છે. આવી જ રીતે શ્રીલંકાનો ફાસ્ટ બોલર મથીશા પથિરાના કોવિડગ્રસ્ત થયા બાદ હવે સાજો થઈ રહ્યો છે.

## IPLની સફળતા બાદ વેસ્ટ ઈન્ડિઝ, બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા દેશોમાં ફ્રેન્ચાઈઝી લીગ શરૂ થઈ

# વિશ્વની સૌથી મોંઘી T20 લીગ શરૂ કરવા માંગે છે સાઉદી અરેબિયા

■ ભારતીય ક્રિકેટરોને પણ સામેલ કરવાના પ્રયાસો

ગુજરાત | વંદન


સમગ્ર વિશ્વમાં ફ્રેન્ચાઈઝી ક્રિકેટ લીગનો ક્રેઝ સતત વધી રહ્યો છે. IPLની સફળતા બાદ છેલ્લા કેટલાક વર્ષોમાં વેસ્ટ ઈન્ડિઝ, બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા દેશોમાં ફ્રેન્ચાઈઝી લીગ શરૂ થઈ છે અને સફળ પણ રહી છે. હવે સાઉદી અરેબિયાની સરકાર પણ વિશ્વની સૌથી મોંઘી T20 લીગ શરુ કરવા માંગે છે. આ લીગમાં તે ભારતીય ક્રિકેટરોને પણ સામેલ કરવા માંગે છે તેના માટે સાઉદી સરકાર પ્રયાસ કરી રહી છે.

આ વર્ષે UAE અને દક્ષિણ આફ્રિકામાં પણ T20 ફ્રેન્ચાઈઝી લીગ શરૂ થઈ છે. આ લીગને પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ વચ્ચે સાઉદી અરેબિયાની સરકાર પણ વિશ્વની સૌથી મોંઘી T20 લીગ શરુ કરવા માંગે છે. આ માટે તેણે આઈપીએલ ફ્રેન્ચાઈઝીના માલિકો સાથે પણ વાતચીત કરી છે. સાઉદી અરેબિયાની સરકારના પ્રતિનિધિઓએ IPL ફ્રેન્ચાઈઝી માલિકોને ગલ્ફ ક્ષેત્રમાં T20 ફ્રેન્ચાઈઝી લીગની શરુ કરવાની યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે. સાઉદી અરેબિયાની સરકાર આ લીગને વિશ્વની સૌથી મોંઘી લીગ બનાવવા માંગે છે. આ સંદર્ભે તેની આઈપીએલ માલિકો સાથે વાતચીત ચાલી રહી છે. છેલ્લા એક વર્ષથી સાઉદી સરકાર આ યોજના પર કામ કરી રહી છે.

આ મોંઘી લીગની સફળતા માટે સાઉદી સરકાર ભારતીય ક્રિકેટરોને પણ સામેલ કરવા માંગે છે. આ માટે તે BCCI સાથે આ મામલે વાત કરી શકે છે. જો કે BCCIના નિયમો અનુસાર કોઈપણ ભારતીય ક્રિકેટર IPL સિવાય વિદેશમાં ચાલતી અન્ય ક્રિકેટ લીગમાં ભાગ લઈ શક્તા નથી. જો કોઈપણ ભારતીય ખેલાડી આ લીગનો ભાગ બનવા માંગે છે તો તેણે BCCI સાથેના તમામ સંબંધો ખતમ કરવા પડશે. તે ખેલાડી ટીમ ઈન્ડિયા તરફથી IPL અને અન્ય ડોમેસ્ટિક ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે નહીં. સાઉદી સરકાર BCCIને તેના બંધારણમાં સુધારો કરવા માટે રાજી કરી શકે છે.

## સાઉદી સરકાર સ્પોર્ટ્સમાં ઘણું રોકાણ કરી રહી છે



સાઉદી અરેબિયા છેલ્લા કેટલાક સમયથી સ્પોર્ટ્સમાં ઘણું રોકાણ કરી રહ્યું છે. સાઉદી અરેબિયન સરકારે સાઉદી અરેબિયન ગ્રાન્ડ પ્રિક્સ શરૂ કરીને ફોર્મ્યુલા-1માં પ્રવેશ કર્યો છે. ગોલ્ફમાં પણ સાઉદી સરકારે જંગી રોકાણ કરીને LIV ગોલ્ફની શરૂઆત કરી છે. સાઉદી અરેબિયાએ તેના પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ ફંડમાંથી પ્રીમિયર લીગ ફૂટબોલ ક્લબ ન્યૂકેસલ યુનાઈટેડને પણ કબજે કરી લીધું છે. હવે સાઉદી સરકાર ક્રિકેટમાં તકો શોધી રહી છે. સાઉદી અરેબિયા IPL 2023નું સત્તાવાર સ્પોન્સર પણ છે. સાઉદી સરકારે IPLની આ સિઝનની સત્તાવાર સ્પોન્સરશિપ સાઉદી ટુરિઝમ ઓથોરિટીને આપી છે.

# એશિયન ચેમ્પિયનશિપમાં અમન સેહરાવતે ગોલ્ડ જીતી ગૌરવ અપાવ્યું

■ ગોલ્ડનો સંકલ્પ લીધા બાદ 6 મહિનાથી ઘરે પગ મૂક્યો નથી...

ગુજરાત | વંદન

યુવા રેસલર ફરી એકવાર દેશને ગૌરવ અપાવ્યું છે. તેણે ગુરુવારે એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં દેશને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. જોકે તેણે આ ગોલ્ડ મેળવવા માટે ખૂબ જ સંઘર્ષ કર્યો છે.

હરિયાણાના ઝજ્જરનો અમન આ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતવા માટે મક્કમ હતો અને તેના કારણે તે છ મહિનાથી પોતાના ઘરે ગયો નથી. તેમનું ઘર ઝજ્જરના બિરહોદ ગામમાં છે. તેણે દિલ્હીના છત્રસાલ સ્ટેડિયમમાં કોચ પ્રવીણ દહિયા સાથે તાલીમ લીધી અથવા સોનેપતના બહલગઢ ખાતે રાષ્ટ્રીય શિબિરમાં હાજર રહ્યો, પરંતુ ઘરે પગ મૂક્યો નહીં.




અમન માટે એશિયન ચેમ્પિયનશિપ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેણે પહેલેથી જ વિચાર્યું હતું કે મારે આ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીતવો છે. તે અંડર-23માં વર્લ્ડ ચેમ્પિયન બન્યો હતો, પરંતુ તેણે એશિયન રેસલિંગમાં પણ ગોલ્ડ જીતવું હતો. ગયા વર્ષે ઑક્ટોબરમાં દિવાળી બાદથી તેઓ તેમના ઘરે ગયા નથી. તે કાં તો અમારી સાથે રહેતો હતો અથવા બહલગઢમાં હતો. જ્યારે હું તેની સાથે વાત કરતો ત્યારે મેં તેને કહ્યું કે તું એકવાર તારા ઘરે જા. પરંતુ તેણે ના પાડી. તેણે કહ્યું કે આનાથી મારી તૈયારીઓ પર અસર પડી શકે છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

# એક કેદીને લાવવા-લઈ જવા પાછળ દસ લાખનો ખર્ચ....!

## ■ ગેંગસ્ટર અતીક અહમદને ગુજરાતમાંથી યુપી લાવવા-લઈ જવા પાછળ પૈસાનો ધુમાડો

ગુજરાત | વંદન

માફિયા ડોન અતીક અહમદને ફરી એકવાર ગુજરાતની સાબરમતી જેલમાંથી પ્રયાગરાજ લઈ જવામાં આવ્યો છે. થોડાક દિવસો પહેલા પણ તેને પ્રયાગરાજ લાવવામાં આવ્યો હતો અને અદાલતમાં હાજર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને પાછો ગુજરાતની સાબરમતી જેલમાં પરત મોકલી દેવામાં આવ્યો હતો. હવે એક વાર ફરી ઉમેશ પાલ હત્યા કેસમાં ગેંગસ્ટર અતીક અહમદને પ્રયાગરાજ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. દરમ્યાનમાં એક ગેંગસ્ટર અને સજા પામેલ કેદીને યુપીથી ગુજરાત અને ગુજરાતથી યુપી લાવવા-લઈ જવા કેટલો ખર્ચ થયો હશે તેની પણ રસપ્રદ માહિતી બહાર આવી છે.

અતીક અહમદ ઉમેશ પાલની હત્યાનો મુખ્ય આરોપી છે. ઉમેશ પાલ 2005માં બહુજન સમાજવાદી પાર્ટી (બસપા)ના ધારાસભ્ય રાજુ પાલ (BSP MLA રાજુ પાલ)ની હત્યાનો સાક્ષી હતો. અતીક રાજુ પાલ મર્ડર કેસમાં પણ આરોપી છે. અતીક અહમદને સાબરમતી જેલમાંથી લાવવા અને ત્યારબાદ ફરી અદાલતમાં કેસ સ્થગિત હોય ત્યારે તેને પરત લઈ જવા માટે 37 પોલીસ કર્મચારીઓ સાથે બે પોલીસ વાન અને બે એસ્કોર્ટ વ્હિકલ પ્રયાગરાજથી મોકલવામાં આવ્યા છે. પ્રયાગરાજથી અમદાવાદ સુધીનુ અંતર 1,275 કિમી છે. ઉત્તર પ્રદેશ સરકાર સાબરમતી જેલમાંથી અતીક અહેમદને પ્રયાગરાજ કોર્ટમાં રજૂ કરવા માટે લગભગ 10 લાખ રૂપિયા ખર્ચી રહી છે. એક અહેવાલ મુજબ સરકાર માફિયા ડોન અતીક અહમદને લાવવા માટે તૈનાત 37 પોલીસ કર્મચારીના પગાર અને




મોંઘવારી ભથ્થા (ડીએ) પાછળ છ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. આ આંકડો તેમના સરેરાશ પગારની ગણતરી અને DAની રકમ ઉમેર્યા પછી ચાર દિવસના પગાર પર આધારિત છે. ઉપરાંત આ અવરજવરમાં વપરાતા વાહનોના ઈંધણ પાછળ 3 લાખ રૂપિયા ખર્ચાય છે.

એક પોલીસ વાનની સરેરાશ માઈલેજ પ્રતિ લિટર ફ્યૂઅલ દીઠ 5 કિમી છે. તેને ધ્યાનમાં રાખતા એક વાનના અવર-જવર માટે 255 લિટર ડીઝલની જરૂર પડે છે. તેની પાછળ લગભગ 25 હજાર સુધીનો ખર્ચ થાય છે. આમ અતિક અહમદને લાવવા -લઈ જવા માટે બે પોલીસ વાન વપરાય છે, આમ ડીઝલ પાછળ 25000 રૂપિયા જેટલો ખર્ચ થાય છે. આ પોલીસ વાન પ્રયાગરાજથી ગુજરાતના સાબરમતી જેલ પહોંચે છે અને ગેંગસ્ટરને લઈને પ્રયાગરાજ પરત આવે છે. અદાલતમાં એક વખતની સુનાવણી સમાપ્ત થયા બાદ તેને પ્રયાગરાજથી સાબરમતી જેલમાં પરત મોકલી દેવામાં આવે છે. આમ બંને પોલીસ વાન ચાર વખત અવર-જવર કરે છે અને ડીઝલ પાછલ લગભગ 2 લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય છે.

તેવી જ રીતે બે વાહન પોલીસ એસ્કોર્ટ તરીકે પીછો કરે છે, જેની માઈલેજ પ્રતિ લિટર 12 કિમી છે. આમ એક બાજુની મુસાફરી માટે પ્રત્યેક પોલીસ એસ્કોર્ટ કારમાં 107 લીટર ડીઝલની જરૂર પડે છે અને તેની પાછળ લગભગ 10 હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. અતિક અહમદને લઈ જતી પોલીસ વાનની જેમ જ આ વાહન પણ ચાર ચક્કર લગાવે છે. પોલીસ એસ્કોર્ટ વાહનના ફ્યૂઅલ પાછળ લગભગ 80000 રૂપિયા ખર્ચાય છે.

# ટેક્સાસમાં ડેરી ફાર્મમાં પ્રચંડ વિસ્ફોટ: આગ લાગતા એક સાથે 18000 ગાયો મૃત્યુ પામી

ગુજરાત | વંદન




અમેરિકાના ટેક્સાસમાં એક ડેરી ફાર્મમાં થયેલા વિસ્ફોટ બાદ આગ લાગવાની ઘટનામાં ઓછામાં ઓછી 18000 ગાયો મૃત્યુ પામી ગયાના સનસનાટી મચાવતા અહેવાલ સામે આવ્યા છે. આ દુનિયામાં કોઈ એક દુર્ઘટનામાં સૌથી વધુ પશુઓના મૃત્યુનો પ્રથમ મામલો છે. આ વિસ્ફોટ સોમવારે ટેક્સાસના ડિમિટમાં સાઉથ ફોર્ક ડેરી ફાર્મમાં થયો હતો. વિસ્ફોટ એટલો ભયાવહ હતો કે સમગ્ર વિસ્તારમાં ધૂમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા હતા.

ફાયરબ્રિગેડના કર્મચારીઓએ આગને કાબૂમાં લેવા માટે ભારે મહેનત કરવી પડી હતી. આગને કાબૂમાં લેવાયા બાદ જાણ થઈ કે આ ઘટનામાં 18000થી વધુ ગાયો મૃત્યુ પામી ચૂકી હતી. જોકે આ ઘટનામાં કોઈ માનવી મૃત્યુ પામ્યો નથી. એક ડેરી ફાર્મનો કર્મચારી આગમાં ફસાઈ ગયો હતો જેને ભારે જહેમત બાદ બચાવી લેવાયો હતો. તે ગંભીર રીતે દાઝી જતાં તેને હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે હજુ એ સ્પષ્ટ થયું નથી કે વિસ્ફોટની શરૂઆત કેવી રીતે થઈ હતી. જોકે કાઉન્ટી જજ મેન્ડી ગેફેલરે આશંકા વ્યક્ત કરી હતી કે કોઈ ઉપકરણમાં ખામી સર્જાતા દુર્ઘટના સર્જાઈ હોઈ શકે છે.

# કેલિફોર્નિયા એસેમ્બલીએ 1984ની શીખ વિરોધી હિંસાને 'નરસંહાર' તરીકે માન્યતા આપતો ઠરાવ પસાર કર્યો

ગુજરાત | વંદન




કેલિફોર્નિયા રાજ્યની એસેમ્બલીએ US કોંગ્રેસ પાસે ભારતમાં 1984ની શીખ વિરોધી હિંસાને નરસંહાર તરીકે રીતે માન્યતા આપવા અને તેની નિંદા કરવાની માંગ કરતો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવ 22 માર્ચે એસેમ્બલીના સભ્ય જસમીત કૌર બૈન્સ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો અને સોમવારે રાજ્ય એસેમ્બલી દ્વારા સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો હતો. જસમીત કૌર રાજ્ય એસેમ્બલીના પ્રથમ ચૂંટાયેલા શીખ સભ્ય છે. આ દરખાસ્ત એસેમ્બલીના સભ્ય કાર્લોસ વિલાપુદુઆ દ્વારા સહ-પ્રાયોજિત હતી. એસેમ્બલીના એકમાત્ર અન્ય હિન્દુ સભ્ય એશ કાલરાએ પણ તરફેણમાં મતદાન કર્યું હતું.

આ ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકામાં શીખ સમુદાય હજુ સુધી રમખાણોના શારીરિક અને માનસિક આઘાતમાંથી બહાર આવ્યો નથી. ઠરાવ US કોંગ્રેસ પાસે નવેમ્બર 1984ની શીખ વિરોધી હિંસાને નરસંહાર તરીકે ઔપચારિક રીતે માન્યતા આપવા અને તેની નિંદા કરવા વિનંતી કરી છે. પ્રસ્તાવમાં આગળ જણાવવામાં આવ્યું છે કે નવી દિલ્હીમાં વિધવા કોલોનામાં હજુ પણ ઘણી સીખ મહિલાઓના ઘર છે જેના પર હુમલો કરવામાં આવ્યો, બળાત્કાર કરવામાં આવ્યો, સતામણી કરવામાં આવી જેમણે પરિવારોના બહિષ્કાર, સળગાવવામાં અને હત્યાને જોવા મજબુર કર્યા હતા અને હજુ પણ અપરાધીઓ સામે ન્યાયની માંગ કરી રહ્યા છે.

# યોગી સરકારના 6 વર્ષમાં 11 હજાર એન્કાઉન્ટર, 183 અપરાધીઓ ઠાર

ગુજરાત | વંદન

યુપીની યોગી સરકાર 'ઝીરો-ટોલરન્સ' નીતિ હેઠળ અપરાધીઓની કમર તોડી રહી છે. ઉમેશ હત્યાકાંડ બાદ માફિયાઓનો નાશ કરવાના યોગીની હુંકારે અતિક અહેમદના પુત્ર અસદને એસટીએફએ ગુરુવારે બપોરે એન્કાઉન્ટરમાં ઠાર કર્યો હતો. યોગી સરકારે છેલ્લા છ વર્ષમાં યુપીમાં અત્યાર સુધીમાં 110,933 એન્કાઉન્ટર થયા છે. જેમાં 183 કુખ્યાત બદમાશો એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા. પોલીસ ગોળીબારમાં ઘાયલ થયા બાદ 5,046 બદમાશોની ધરપકડ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં થયેલ કુલ એન્કાઉન્ટર દરમિયાન 23,348 અપરાધીઓની ધરપકડ કરવામાં આવી છે. આ એન્કાઉન્ટર દરમિયાન 13 પોલીસ જવાનોએ બલિદાન આપ્યું છે. જ્યારે 1,443 પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા.

### તાજ નગરી આગ્રામાં 1,844 એન્કાઉન્ટર



મેરઠ બાદ બીજા નંબર પર સૌથી વધુ પોલીસ એન્કાઉન્ટર આગ્રામાં થયા છે. તાજ નગરી આગ્રામાં 1,844 એન્કાઉન્ટર થયા છે. તેમાં 14 અપરાધીઓનો સફાયો કરવામાં આવ્યો છે. જ્યારે 4,654ની ધરપકડ કરવામાં આવી છે. બીજી તરફ આ ઓપરેશનમાં લગભગ 55 પોલીસકર્મચારીઓને ઈજા પણ પહોંચી છે. આગ્રા બાદ ત્રીજા નંબર પર બરેલી છે. જ્યાં 1,497 એન્કાઉન્ટર થયા છે. તેમાં 7 અપરાધીઓના માર્યા ગયા છે જ્યારે 3,410ની ધરપકડ કરી લેવામાં આવી છે. આ એન્કાઉન્ટરમાં 296 પોલીસકર્મીઓ અને 437 અપરાધીઓ ઘાયલ થયા જ્યારે એક પોલીસ કર્મચારી શહીદ થયો હતો. અસદના એન્કાઉન્ટર બાદ ફરી એકવાર સીએમ યોગીનો જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં સીએમ યોગીએ માફિયાઓનો નાશ કરવાની ચેતવણી આપી હતી. ઉમેશ પાલ મર્ડર કેસ બાદ વિપક્ષના હુમલાનો જવાબ આપતા સીએમ યોગીએ વિધાનસભામાં કહ્યું હતું કે, તેઓ માફિયાઓને જમીનદોસ્ત કરી દેશે.

### રાજ્યમાં સૌથી વધુ એન્કાઉન્ટર મેરઠમાં...

સૌથી વધુ એન્કાઉન્ટર મેરઠ ઝોનમાં થયા છે. જિલ્લામાં કુલ 6 વર્ષોમાં 3,205 એન્કાઉન્ટર થયા છે. તેમાં 64 અપરાધીઓનો સફાયો કરવામાં આવ્યો છે અને 1,708 ઘાયલ થયા છે. આ એન્કાઉન્ટર દરમિયાન એક પોલીસકર્મીનું મોત થઈ ગયુ હતું અને 401 પોલીસકર્મી ઘાયલ થયા હતા. પોલીસ એન્કાઉન્ટર બાદ 5,967 અપરાધીઓની ધરપકડ કરવામાં સફળ રહી છે.

# બોમ્બ બ્લાસ્ટનું સેન્ટર બની ચૂક્યું છે બંગાળ, 2025 પહેલા મમતા સરકાર પડી ભાંગશે: અમિત શાહ


ગુજરાત | વંદન

કેન્દ્રીય ગૃહમંત્રી અને બીજેપી નેતા અમિત શાહે શુક્રવારે બીરભૂમ જિલ્લાના સિઉડીમાં એક જાહેર સભાને સંબોધિત કરતી વખતે મમતા સરકાર અને તૃણમૂલ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, મમતા બેનર્જી સરકાર વર્ષ 2025 પહેલા પડી જશે. આ સાથે જ તેમણે દાવો કર્યો હતો કે, ભાજપ આ વખતે લોકસભા ચૂંટણીમાં રાજ્યમાં 35થી વધુ બેઠકો જીતશે. તૃણમૂલ સુપ્રીમો મમતા બેનર્જી પર પ્રહાર કરતા શાહે કહ્યું કે, દીદી બંગાળના લોકો માટે કામ નથી કરતા, તેમનું લક્ષ્ય બંગાળના લોકોનું કલ્યાણ નથી, તેમનું એકમાત્ર લક્ષ્ય તેમના ભત્રીજાને મુખ્યમંત્રી બનાવવાનું છે પરંતુ તે સંભવ નથી. બંગાળના આગામી મુખ્યમંત્રી ભાજપના જ હશે. રામ નવમી પર બંગાળમાં થયેલી હિંસા પર કટાક્ષ કરતા શાહે કહ્યું કે, તૃણમૂલની તુષ્ટિકરણની રાજનીતિના કારણે રામ નવમીની શોભાયાત્રા પર હુમલો કરવાની હિંમત વધી છે.

### કેજરીવાલનો દાવો: અમારી યોજના સામે ઈર્ષ્યા

# દિલ્હીના ઉપરાજ્યપાલે લોકોને મળતી મફત વીજળી બંધ કરાવી

ગુજરાત | વંદન




દિલ્હી સરકાર તેમના દ્વારા અપાતી 200 યુનિટ ફ્રિ વીજળી માટે દેશમાં ખૂબ જ જાણીતી થઈ હતી. ઘણા રાજ્યોએ પણ આ મોડલ અપનાવી ફ્રિ વીજળી આપવાની જાહેરાત કરી હતી. એવામાં દિલ્હીથી મહત્વના સમાચાર મળી રહ્યા છે. અરવિંદ કેજરીવાલ સરકારે કહ્યું છે કે, આજથી દિલ્હીમાં મફત વીજળી મળશે નહિ. આજે આની જાહેરાત કરતા દિલ્હીના ઉર્જા મંત્રી આતિશી માર્લેનાએ એલજી વીકે સક્સેના પર આકરા પ્રહારો કર્યા છે.

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર પર આરોપ લગાવતા આતિશીએ કહ્યું છે કે, એલજીએ દિલ્હીને મળતી મફત વીજળી બંધ કરી દીધી છે. 46 લાખ પરિવારો, ખેડૂતો, વકીલો અને 1984ના રમખાણો પીડિતોને મફત વીજળી મળતી બંધ થઈ જશે. લેફ્ટનન્ટ ગવર્નરે દિલ્હી સરકારની વીજળી સબસિડીની ફાઈલ તેના હાથમાં લઈ લીધી છે. ટાટા, BSESએ તેમને પત્ર લખ્યો છે જો તેમને સબસિડીની માહિતી નહીં મળે તો તેઓ બિલિંગ શરૂ કરશે.

ઉર્જા મંત્રી આતિશીએ એલજી વીકે સક્સેના પર ગંભીર આરોપ પણ લગાવ્યા છે. દિલ્હીના ઉર્જા મંત્રી આતિશીએ કહ્યું છે કે, દિલ્હી સરકારે પાવર સબસિડી માટે બજેટ ફાળવ્યું છે, જ્યાં સુધી લેફ્ટનન્ટ ગવર્નર તેનાથી સંબંધિત ફાઈલ પરત નહીં કરે ત્યાં સુધી આ રકમ આપવી શક્ય નથી.

# TIMEના 100 પ્રભાવશાળી વ્યક્તિમાં RRRના નિર્દેશક રાજામૌલી અને શાહરૂખને સ્થાન મળ્યું

ગુજરાત | વંદન





વિશ્વ વિખ્યાત અમેરિકન મેગેઝીન 'ધ ટાઈમ'ના 2023ના સૌથી પ્રભાવશાળી 100 વ્યક્તિઓની યાદીમાં ભારતના બે ચહેરાઓને સ્થાન મળ્યું છે અને તે બન્ને ફિલ્મી ક્ષેત્રના છે. 2022માં આરઆરઆર ફિલ્મની ભારત પર જાદુ સર્જનાર આ ફિલ્મના ડાયરેક્ટર એસ.એસ. રાજામૌલી તથા 'પઠાણ' ફિલ્મની બોલીવુડને કોરોના પછીની સફળ ફિલ્મની ભેટ આપનાર અભિનેતા શાહરુખખાનને સૌથી વધુ પ્રભાવશાળી 100 વ્યક્તિઓમાં સ્થાન અપાયું છે.

ગઈકાલે જ આ યાદી જાહેર થઈ હતી. આ યાદીમાં ભારતીય મૂળના લેખક સલમાન રશ્દી અને એક સમયની તેની ગર્લફ્રેન્ડ તથા ટેલીવીઝન હોસ્ટ પદ્મા લક્ષ્મીનું નામ પણ છે. શાહરુખે 2023માં ટાઈમ 100 રીડર પોલ જીત્યો હતો. જેના કારણે તેને આ યાદીમાં મળ્યું છે તો આરઆરઆર ફિલ્મની જાણીતા અને તેના ગીત નાટુ-નાટુને પણ તે રીતે આ વર્ષે ઓસ્કાર એવોર્ડ (ઓરીજનલ સોંગ્સ) માટે મળ્યો પછી એસ.એસ.રાજામૌલી માટે આ એક વધુ આંતરરાષ્ટ્રીય સન્માન છે. દિપીકા પાદુકોણે એ શાહરુખ અને આલીયા ભટ્ટે રાજામૌલી માટે 150 શબ્દોના બ્લોગમાં પ્રશંસાના ફુલ વરસાવ્યા હતા. દિપીકાએ શાહરુખ માટે લખ્યું કે એના માટે જે તેને બહું નજીકથી જાણે છે અને તેની ગહેરાઈની દેખભાળ પણ કરે છે તેના માટે 150 શબ્દો પણ ઓછા પડશે તો આલીયાએ દિગ્દર્શક રાજામૌલીને ધ માસ્ટર સ્પેરીટેલર તરીકે નવાજ્યા હતા. શાહરુખને 12 લાખ મતલબ 4% મત મળ્યા હતા. તેણે ફુટબોલ પ્લેયર મેસી, પ્રિન્સ હેરી તથા મેગન માર્કન તથા ઓસ્કાર વિજેતા મિથેલ અને ફેસબુક ફેઈમ મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગને પણ પાછળ રાખી લીધા હતા.

જો કે ટાઈમે હજું 96 નામોજ જાહેર કર્યા છે અને આ માટેનો એક સમારોહ તા.30ના રોજ એબીસી ટીવી પર યોજાશે. યાદીમાં ટોચ પર હોલીવુડ કલાકાર માઈકલ જોર્ડન છે તો અમેરિકાના પ્રમુખ જો બાઈડન- અમેરિકી ટ્રેઝરીના એક સમયના વડા જેનેટ યેલેન ટેસ્લીના વડા એલન મસ્કનો પણ સમાવેશ થાય છે.

### ADR રિપોર્ટમાં ખુલાસો

# દેશના 30 મુખ્યમંત્રીઓમાં જગનમોહન રેડ્ડી માલામાલ, મમતા દીદી પાસે માત્ર 15 લાખ

ગુજરાત | વંદન




એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)ના રિપોર્ટમાં મોટો ખુલાસો થયો છે. ADRએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે સંગઠન દ્વારા ચૂંટણી એફિડેવિટના વિશ્લેષણ મુજબ દેશના 30 મુખ્યમંત્રીઓમાંથી 29 મુખ્યમંત્રી કરોડપતિ મુખ્યમંત્રી છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડી પાસે સૌથી વધુ 510 કરોડ રૂપિયાની સંપત્તિ છે. ADRએ જણાવ્યું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પાસે લગભગ 15 લાખ રૂપિયાની ઓછામાં ઓછી સંપત્તિ છે.

સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, એડીઆર અને ઈલેક્શન વોચ (ન્યૂ)એ કહ્યું કે તેઓ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ 30 વર્તમાન મુખ્યમંત્રીઓના સોગંદનામાનું વિશ્લેષણ કરીને આ નિષ્કર્ષ પર પહોંચ્યા છે. નોંધનીય છે કે, 28 રાજ્યોમાં મુખ્યમંત્રી છે અને બે કેન્દ્રશાસિત પ્રદેશો - દિલ્હી અને પુડુચેરીમાં પણ મુખ્યમંત્રી છે. પરંતુ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં હાલમાં કોઈ મુખ્યમંત્રી નથી. ADRએ જણાવ્યું કે વિશ્લેષણમાં સામેલ 30 મુખ્યમંત્રીઓમાંથી 29 (97 ટકા) કરોડપતિ છે. જેની સરેરાશ સંપત્તિ 33.96 કરોડ રૂપિયા પ્રતિ વ્યક્તિ છે. એડીઆરના અહેવાલ મુજબ, 30 માંથી 13 મુખ્ય પ્રધાનો (43 ટકા) એ તેમની ચૂંટણી એફિડેવિટમાં હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ અને ગુનાહિત ધાકધમકી સંબંધિત ગંભીર ફોજદારી કેસ જાહેર કર્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે ગંભીર ફોજદારી કેસો બિનજામીનપાત્ર ગુના છે જેમાં પાંચ વર્ષથી વધુની જેલની સજા થાય છે. સંપત્તિની દ્રષ્ટિએ ટોચના ત્રણ મુખ્ય પ્રધાનોમાં આંધ્રપ્રદેશના જગન મોહન રેડ્ડી (રૂ. 510 કરોડથી વધુ), અરુણાચલ પ્રદેશના પેમા ખાંડુ (રૂ. 163 કરોડથી વધુ) અને ઓડિશાના નવીન પટનાયક (રૂ. 63 કરોડથી વધુ) છે.

એડીઆરએ ધ્યાન દોર્યું કે ઓછામાં ઓછી જાહેર સંપત્તિ ધરાવતા ત્રણ મુખ્યમંત્રીઓ પશ્ચિમ બંગાળના મમતા બેનર્જી (રૂ. 15 લાખથી વધુ), કેરળના પિનરાઈ વિજયન (રૂ. 1 કરોડથી વધુ) અને હરિયાણાના મનોહર લાલ (રૂ. 1 કરોડથી વધુ) છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને દિલ્હીના અરવિંદ કેજરીવાલ બંનેની પાસે 3 કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે.

### જિસકા મુઝે થા ઈન્તજાર...વો ઘડી આ ગઈ ..વૈજ્ઞાનિકોના ચહેરા પર છે મુસ્કાન...

# બીપ..બીપ..બીપ.. મળી રહ્યાં છે સિગ્નલ...બ્રહ્માંડમાં છે ક્યાંક જીવન..?!

ગુજરાત | વંદન

આ ગ્રહ પૃથ્વીથી માત્ર 12 પ્રકાશ વર્ષ દૂર છે, અને એક પ્રકાશ વર્ષ એટલે...માત્ર 9,460,730,472,580 કીમી....!

જિસકા મુઝે થા ઈન્તજાર...વો ઘડી આ ગઈ ...આ ગઈ...ની જેમ પૃથ્વીની બહાર જીવનની શોધ કરી રહેલા સંશોધન કરનારાઓ ખુશખુશાલ છે. તેમના ચહેરાઓ પર મુસ્કાન છે. કેમ કે તેમને પહેલીવાર કોઈ ગ્રહ પરથી બીપ...બીપ...બીપ..રેડિયો સિગ્નલો મળી રહ્યાં છે...! અલબત આ રેડિયો સંદેશામાં શું કહેવામાં આવ્યું છે તે હજુ ડિકોડ થઈ રહ્યું છે. એટલુ તો ચોક્કસ કે તેમાં કોઈને કોઈ સંદેશો... જાણકારી..હશે જ.

કોઈ બાહ્ય ગ્રહ પર જીવનના સૂચકોની હાજરીમાં, વૈજ્ઞાનિકો એ ગ્રહમાં એવા ઘણા પરિબળો શોધી કાઢ્યા છે.. કે જે ખડકાળ ગ્રહ, તેના તારાથી વાજબી અંતરે હોવો જોઈએ, તેની પાસે વાતાવરણ હોવું જોઈએ અને જીવન માટે જરૂરી પદાર્થો હોવા જોઈએ. પૃથ્વી પર જીવનના અસ્તિત્વ અને અસ્તિત્વ પાછળ એક ખૂબ જ મોટું પરિબળ છે અને તે છે ચુંબકીય ક્ષેત્રની હાજરી... અને તેની ગેરહાજરી એટલે રાતા ગ્રહ મંગળ જેવા ગ્રહ પર જીવનની ગેરહાજરીનું સૌથી મોટું કારણ છે.

એક નવા અભ્યાસમાં, વૈજ્ઞાનિકોને બહારની દુનિયામાંથી એવા સંકેતો મળ્યા છે કે તેના પરથી તેમને એવું લાગે છે કે આપણી પૃથ્વીની જેમ ત્યાં પણ ચુંબકીય ક્ષેત્ર હોવું જોઈએ. અને ચંબકીય ક્ષેત્ર હોય તો સ્વાભાવિક રીતે આ શોધથી ત્યાં જીવનની શક્યતાઓ ખૂબ જ પ્રબળ બની છે....

સંશોધકોએ પૃથ્વીથી માત્ર 12 પ્રકાશવર્ષના અંતરે આવા ગ્રહની શોધ કરી છે જ્યાં રહેણાંક જીવન હોવાની શક્યતાઓ ખૂબ પ્રબળ છે. દૂરદૂરના તારા, તારાગુચ્છ, તારાવિશ્વો વગેરેનાં અંતર માટે પ્રકાશવર્ષનો એકમ વપરાય છે. અને એક પ્રકાશ વર્ષ એટલે અધધધ....9,460,730,472,580 કીમી....અને તેને 12 વડે ગુણવામાં આવે તો જે આંકડો આવે એટલે દૂર.... આ ગ્રહ આવેલો હોવાનું વૈજ્ઞાનિકોનું માનવુ છે.





યુનિવર્સિટી ઓફ કોલોરાડો બોલ્ડર અનુસાર, YZ Ceti B ગ્રહના રેડિયો સિગ્નલ દર્શાવે છે કે આ પથ્થરવાળા ગ્રહનું પોતાનું ચુંબકીય ક્ષેત્ર હોઈ શકે છે. અને એટલે દૂરથી આ સિગ્નલ પૃથ્વી પર આવી રહ્યાં છે કે પહોંચી રહ્યાં છે...

ચુંબકીય ક્ષેત્રનું મહત્વ: અહીંનું વાતાવરણ પૃથ્વી પર ચુંબકીય ક્ષેત્રની હાજરીને કારણે જ આટલો લાંબો સમય ટકી શકે છે. તે જ સમયે, મંગળ પર વાતાવરણની ગેરહાજરીનું કારણ પણ ચુંબકીય ક્ષેત્રની ગેરહાજરી દ્વારા સમજાવવામાં આવ્યું છે. આ સિવાય પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર અંતરિક્ષ અને સૂર્યમાંથી આવતા હાનિકારક કિરણોત્સર્ગને અટકાવીને અહીંના જીવનનું રક્ષણ કરે છે.

સૂર્યમાંથી આવતા ઉચ્ચ ઉર્જા કણો અને પ્લાઝમા પણ આ ચુંબકીય ક્ષેત્રને કારણે પૃથ્વી પર નથી પહોંચતા જે જીવન માટે ખૂબ જ નુકસાનકારક માનવામાં આવે છે. નેચર જર્નલમાં પ્રકાશિત થયેલ એક સંશોધન અહેવાલ વર્ણવે છે કે કેવી રીતે ખગોળશાસ્ત્રીઓએ YZ Ceti (વાયઝેડસેતિ)નામના તારામાંથી વારંવાર રેડિયો સિગ્નલ પકડ્યા....

વૈજ્ઞાનિકોએ અમેરિકાના કાર્લ જી. જાન્સકી વેરી લાર્જ એરે રેડિયો ટેલિસ્કોપનો ઉપયોગ કરીને આ પુનરાવર્તિત રેડિયો સિગ્નલોને પકડ્યા.છે. બોલ્ડર ખાતે યુનિવર્સિટી ઓફ કોલોરાડો ખાતે લેબોરેટરી ફોર એટમોસ્ફેરિક એન્ડ સ્પેસ ફિઝિક્સ (LASP)ના સંશોધક અને આ અભ્યાસના મુખ્ય લેખક સેબેસ્ટિયન પિનેડાએ આ શોધનું મહત્વ સમજાવ્યું છે..

પિનેડાએ કહ્યું કે કોઈ ગ્રહનું વાતાવરણ છે કે નહીં ....અનુસંધાન પેજ નં. 6 પર

# પૂજા હેગડેએ ખુલ્લા વાળ સાથે ગ્રે બોડીકોન આઉટફિટમાં આપ્યા સુંદર પોઝ



પૂજા હેગડે સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે. અભિનેત્રીની તસવીરો શેર થતાની સાથે જ વાયરલ થઈ જાય છે. તાજેતરમાં, અભિનેત્રીએ ગ્રે રંગના બોડીકોન આઉટફિટમાં સુંદર ચિત્રોની શ્રેણી શેર કરી છે. પૂજાની તસવીરો ચાહકોને ખૂબ જ પસંદ આવી રહી છે. અભિનેત્રીનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ તેની સુંદર તસવીરોથી ભરેલું છે. જેમા તેણે સ્લીવલેસ ગ્રે ડ્રેસે પૂજાના ફિગર અને તેના કર્વ્સ બતાવ્યાં છે.

પૂજા હેગડેએ બોલિવૂડ ઉપરાંત તમિલ અને તેલુગુ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. સોશિયલ મીડિયા પર પણ પૂજાના લાખો ફેન ફોલોઈંગ છે અને મહિલાઓ ફેશન ટિપ્સ માટે તેને ફોલો કરે છે. પૂજાએ તેના ઈન્સ્ટાગ્રામ પર ઘણી તસવીરો શેર કરી છે. પૂજા ટૂંક સમયમાં જ ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન' દેખાશે. અત્યારે તે ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે.

**સોશિયલ મીડિયામાં તસ્વીરો શેર કરી જીત્યાં ફેન્સના દિલ**

પૂજા હેગડે એક ભારતીય મૉડલ અને અભિનેત્રી છે જેણે વર્ષ 2012 માં તેલુગુ ફિલ્મ મુગામૂદીથી તેની ફિલ્મ અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી.

પૂજા હેગડેનો જન્મ અને ઉછેર કર્ણાટકના મેંગલોરમાં એક મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો. પૂજા હેગડેએ વર્ષ 2009માં મિસ ઈન્ડિયા સ્પર્ધામાં ભાગ લીધો હતો, પરંતુ પ્રારંભિક રાઉન્ડમાં જ તે બહાર થઈ ગઈ હતી.

પૂજા હેગડે મિસ યુનિવર્સ ઈન્ડિયા 2010 અને મિસ ઈન્ડિયા સાઉથ 2010ની રનર અપ છે. અભ્યાસ દરમિયાન તેઓ M.M.K.માં જોડાયા. કોલેજમાં ડાન્સ અને ફેશન શોમાં ભાગ લીધો. તે એક પ્રશિક્ષિત ભરતનાટ્યમ નૃત્યાંગના છે. આશુતોષ ગોવારીકરની પત્ની સુનીતાએ તેમને એક જાહેરાતમાં જોયા બાદ ફિલ્મ મોહેંજોદરો માટે તેમના નામની ભલામણ કરી હતી.

# સિમ્પલ સાડીમાં દેખાઈ વિદ્યા બાલનની મનમોહક અદાઓ



## ઢળતી આંખોમાં ખૂબ જ લાગી રહી છે સુંદર

બોલિવૂડની એક્ટ્રેસ વિદ્યા બાલન સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ છે અને તેની ક્યૂટ સ્ટાઈલ પણ ફેન્સને પસંદ કરવામાં આવે છે. સાડીઓની શોખીન વિદ્યાએ હાલમાં જ પોતાની કેટલીક તસવીરો શેર કરી છે, જેના પર ચાહકો પ્રેમ વરસાવ્યા વગર રહી શક્યા નથી. વિદ્યાએ શેર કરેલી તસવીરોમાં તે કોટનની સાડી પહેરેલી જોવા મળી રહી છે, જે તેણે ક્લોથિંગ બ્રાન્ડ અનાવિલાની પાસેથી લીધી છે. સોફા પર બેઠેલી વિદ્યાએ તેની આકર્ષક તસવીરો ક્લિક કરી. તેણીએ પીચ પિંક કલરની સાદી સાડી પહેરી હતી, પરંતુ અભિનેત્રીની અદાએ તસ્વીરોને મનમોહક બનાવી દીધું છે.

વિદ્યાની આ સાડીમાં કિનારે રેડ કલરની બોર્ડર આપવામાં આવી હતી. તેણીએ સાડી સાથે મેચિંગ બ્લાઉઝ પહેર્યુ છે. જેના પર મરૂન કલરની ઊભી પટ્ટાઓ દેખાઈ રહી છે.

વિદ્યા બાલને પરંપરાગત રીતે સાડી પહેરી છે. તેણીના દેખાવને પૂર્ણ કરવા માટે, તેણીએ ઈયરિંગ્સ, સ્ટેટમેન્ટ રિંગ્સ પહેરી છે અને તેના વાળ ખુલ્લા રાખ્યા છે. મેક-અપ લાઈટ ફાઉન્ડેશન, બ્રાઉન લિપ શેડ, પીચ આઈશેડો, આઈલાઈનરથી ગોળાકાર છે. વિદ્યા તેની ઢળતી આંખોમાં ખૂબ જ સુંદર લાગી રહી છે.

# દિશા પટાનીએ તેના હોટ સાડી લુકથી લાખો ચાહકોને કર્યા ઘાયલ

## સેક્સી ફિગર પર આવ્યું ચાહકોનું દિલ




દિશા તેની ફેશન પર જેટલું કામ કરે છે. તે જ રીતે, તે તેના ફિગર પર કામ કરે છે અને તેને બતાવવાની એક પણ તક છોડતી નથી. અભિનેત્રીએએનએમએસીસી ઈવેન્ટમાં પણ તેના સાડી લૂક સાથે તેના ફિગરને સંપૂર્ણપણે ફ્લોન્ટ કર્યું છે. દિશા પટણી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની ખૂબ જ ફેશનેબલ અને કલાકાર અભિનેત્રી છે. દિશા પટણી તેના હોટ અને સેક્સી લુકને કારણે અવારનવાર ચર્ચામાં રહે છે. અન્ય સેલિબ્રિટીઓની જેમ દિશા પટણીએ પણ નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરની ઈવેન્ટમાં હાજરી આપી હતી. એક્ટ્રેસ દિશા પટનીએ આ ઈવેન્ટ લૂકમાં પોતાના ફિગરથી બધાનું ધ્યાન ખેંચ્યું છે. આ ઈવેન્ટ માટે દિશા પટણીએ સિલ્વરસાડી લુકમાં પીક કરી છે. અભિનેત્રીનો આ સિલ્વર સાડીમાં દેખાવ ખૂબ જ હોટ અને અદભૂત છે. દિશાએ આ સાડીના પોશાક સાથે ખૂબ જ ટૂંકા અને સેક્સી ટ્યુબ બ્લાઉઝની જોડી બનાવી છે. જેમાં અભિનેત્રી કહેર મચાવી રહી છે.

દિશા પટનીએ તેના સિલ્વર હોટ લુકમાં ફોટો અને વીડિયો બંને શેર કર્યા છે. એક્ટ્રેસના આ લુકમાં સિલ્વર સાડીનો લુક કાઢી નાખવામાં આવ્યો છે જે તેના ફિગરને જાહેર કરે છે અને પાલુને લાંબુ છોડી દેવામાં આવ્યું છે. અભિનેત્રીએ આ લુક સાથે પોતાના વાળ ખુલ્લા છોડી દીધા છે. દિશાનું ફિગર જોઈને ફેન્સ દિશાના ફિગરનું રહસ્ય પણ પૂછી રહ્યા છે. એક્ટ્રેસના વખાણ કરતા એક યુઝરે લખ્યું, "તમારી હોટનેસ દિવસેને દિવસે વધી રહી છે, તેનું રહસ્ય શું છે".

# 'રાઉડી રાઠોડ 2'માંથી અક્ષય કુમાર આઉટ? મેકર્સે સિદ્ધાર્થ મલ્હોત્રાનો કર્યો સંપર્ક

બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ફિલ્મો બોક્સ ઓફિસ પર સતત ફ્લોપ થઈ રહી છે. સાઉથની ફિલ્મોની રિમેક પણ બોક્સ ઓફિસ પર પાણીની માંગ કરતી જોવા મળે છે. આવી સ્થિતિમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી હિટ ફિલ્મોની સિક્વલ બનાવવામાં વ્યસ્ત જણાય છે. જો તાજેતરના અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો રાઉડી રાઠોડના નિર્માતાઓએ તેની સિક્વલ બનાવવાનું નક્કી કર્યું છે. રાઉડી રાઠોડ ફિલ્મમાં અક્ષય કુમાર ડબલ રોલમાં જોવા મળ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે રાઉડી રાઠોડના મેકર્સે સિક્વલ માટે અક્ષય કુમાર સાથે નહીં પરંતુ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે વાત કરી છે.





ફિલ્મ રાઉડી રાઠોડ 2 સાથે સંકળાયેલા એક સૂત્રોના જણાવ્યા પ્રમાણે નિર્માતા સબીના ખાન લાંબા સમયથી રાઉડી રાઠોડ-2 બનાવવાની યોજના બનાવી રહ્યા હતા. એવું લાગે છે કે તેનું સ્વપ્ન સાકાર થવાનું છે. સબીનાએ રાઉડી રાઠોડ 2નો વિચાર લોક કરી દીધો છે અને તે સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે વાતચીત કરી રહી છે. રાઉડી રાઠોડ 2માં સિદ્ધાર્થ મલ્હોત્રા પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે. આ દિવસોમાં સિદ્ધાર્થ મલ્હોત્રા રોહિત શેટ્ટીની વેબ સિરીઝ પૂરી કરવામાં વ્યસ્ત છે.

ફિલ્મ રાઉડી રાઠોર 2નું નિર્માણ એક મોટા બેનર અને સંજય લીલા ભણસાલી સાથે મળીને સબીના ખાન દ્વારા કરવામાં આવશે. સૂત્રના જણાવ્યા અનુસાર, 'રાઉડી રાઠોડ-2 ફિલ્મના નિર્માતા આગામી 2 મહિનામાં તેનું શૂટિંગ શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ દિવસોમાં મેકર્સ ફિલ્મના કાસ્ટિંગમાં વ્યસ્ત છે. રાઉડી રાઠોડ-2ને ડાયરેક્ટ કરવા માટે મેકર્સ ઘણા લોકો સાથે ચર્ચામાં છે. કદાચ સબીના ખાન ટૂંક સમયમાં રાઉડી રાઠોડ-2 ની જાહેરાત કરશે.

# મરૂન કલરના લહેંગા અને ગોલ્ડન ચોલીમાં મોનાલિસાનો કિલર અંદાજ



મોનાલિસાનું નવું ફોટોશૂટ સામે આવ્યું છે. જે ફોટો સામે આવ્યા છે તેમાં મોનાલિસાની દરેક સ્ટાઈલ કિલર તરીકે જોવા મળી રહી છે. ફોટોશૂટમાં મોનાલિસાએ મરૂન કલરનો લહેંગા અને ગોલ્ડન ચોલી પહેરી છે. તેણે ડાયમંડ નેકપીસ પહેરેલ છે. તેના વાળ ખુલ્લા છે અને હેવી મેકઅપ પણ કરેલો છે. ફોટોશૂટમાં મોનાલિસાએ એક કરતા વધુ પોઝ આપ્યા હતા. તેના ચાહકો તેની દરેક તેમની અદાઓ પર આકર્ષિત થઈ રહ્યા છે અને કોમેન્ટ કરી રહ્યા છે.

મોનાલિસાએ પોતાના ગ્લેમરસ ફોટાઓ સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. ફોટો શેર કરતા તેણે લખ્યું - ફેશન એ સપના જોવા અને બીજાઓને સપના બતાવવા માટે છે. મોનાલિસાનો લુક જોઈને એકે લખ્યું- તું રાજકુમારી જેવી લાગી રહી છે. બીજાએ લખ્યું - મેડમ, તમે તેને આગ લગાવી દીધી છે. એકે મોનાલિસાના વખાણ કરતા લખ્યું - હોટ ફિગર, હોટ લુક, હોટ કોન્ફિડન્સ, હોટ સેક્સી તસવીરો આ બધું જબરદસ્ત. તે જ સમયે, કેટલાક લોકોએ ફાયર અને હાર્ટ ઈમોજી પણ શેર કર્યા. મોનાલિસા સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે.

# હવે એક્શન ફિલ્મો નહીં કરી શકે આમિર ખાન




આમિર ખાનને શાહરૂખ ખાનની ફિલ્મ 'પઠાણ' સુપરહિટ થતાં જોરદાર એક્શન રોલ કરવાની તીવ્ર ઈચ્છા જાગી હતી. જેને પગલે અભિનેતાએ યશરાજ ફિલ્મસનો સંપર્ક કરી ધૂમ-4 માટે વાત કરી હતી. પરંતુ તેણે અહીં કંઈક એવું સાંભળવું પડ્યું જેના કારણે આમિર ખાનના પ્રશંસકો દુ:ખી થઈ શકે છે. આમિર ખાનને ધૂમ-4ના નિર્માતા દ્વારા કહેવામાં આવ્યું હતું કે, 'હવે તેઓ આ ફિલ્મમાં માત્ર કોઈ યંગ હિરોને જ લેવા માંગે છે. ઉંમર જોતાં આમિરને આ રોલ આપી શકાય તેમ નથી'.

યશરાજ ફિલ્મ્સ ધૂમ ફ્રેન્ચાઈઝીને આગળ તો વધારવા માગે છ પરંતુ તેમને એવું લાગે છે કે હવે અગાઉની ધૂમ સીરીઝની ફિલ્મો બાદ પ્રેક્ષકોની પેઢી બદલાઈ ચૂકી છે. આજની પેઢી આમિર નહિ પણ રણવીર કે રણબીર જેવા યંગ એકટર સાથે વધારે કનેક્ટ કરી શકે છે.

આમિરે હવે એક્શન ફિલ્મનો પોતાનો શોખ પૂરો કરવો હશે તો જાતે ફિલ્મનું નિર્માણ કરવું પડશે. યશરાજના ઈનકાર બાદ અન્ય કોઈ નિર્માતા પણ તેને કોઈ એક્શન રોલ આપે તેવી સંભાવના નથી. બોલીવૂડના યંગ એક્ટર્સ શાહીદ કપૂર અને ટાઈગર શ્રોફ પણ એક્શન ફિલ્મો તરફ વળી ગયા હોવાથી આમિર જેવા વયસ્ક નેતા આ હોડમાંથી ફેંકાઈ ગયા છે.

# સલમાન ખાને કહ્યું- OTT પર સેન્સરશિપ હોવી જોઈએ, ન્યુડિટી અને ગાળો બંધ થવી જોઈએ

સલમાન ખાન એવો સ્ટાર છે જેની ફિલ્મો સ્વચ્છ હોય છે. તેની ફિલ્મો આખો પરિવાર સાથે બેસીને જોઈ શકે છે. હાલમાં જ એક એવોર્ડ ફંક્શનમાં, સલમાને OTT પર અપાતી અશ્લીલતા, અપશબ્દો અને અશ્લીલતા વિશે વાત કરી હતી.



અભિનેતાના મતે, OTT પ્લેટફોર્મ પર અશ્લીલતા, અપશબ્દો પર પ્રતિબંધ મૂકવો જોઈએ. તેમને કાબૂમાં લેવા ખૂબ જ જરૂરી છે. પરિવાર સાથે ન જોઈ શકાય તેવા દ્રશ્યો બંધ કરવા જોઈએ.

તેણે કહ્યું કે 15-16 વર્ષનું બાળક જો જુએ તો ચાલે, પણ નાની છોકરી ભણવાના બહાને આ બધું જુએ તો કેવું લાગે? તેથી જ હું માનું છું કે કન્ટેન્ટ સ્ટ્રીમ ગમે તે હોય, તેની તપાસ થવી જોઈએ. અને આવી સામગ્રી પર સેન્સરશિપ હોવી જોઈએ.

સલમાને સવાલ ઉઠાવ્યો કે જ્યારે ફિલ્મોથી લઈને ટીવી પર સેન્સરશિપ છે તો OTT માટે કેમ નહીં? તેમણે કહ્યું કે પ્લેટફોર્મ ગમે તે હોય સ્વચ્છ સામગ્રી હંમેશા કામ કરે છે. તેણે OTT પ્લેટફોર્મ પર અશ્લીલ અને નગ્ન દ્રશ્યો કરનારા કલાકારોની પણ ઝાટકણી કાઢી. તેણે કહ્યું કે જે કલાકારોએ ઓટીટીની દુનિયામાં બધું જ કર્યું છે, જ્યારે તેઓ તેમના બિલ્ડિંગમાં પ્રવેશ કરે છે, ત્યારે તમારો ચોકીદાર તમારું કામ જોઈ રહ્યો છે. આ યોગ્ય નથી. આપણે આ બધું કરવાની જરૂર નથી. આપણે ભારતમાં રહીએ છીએ, થોડું સારું છે, પણ આ બધું બહુ થઈ ગયું છે. જોકે હવે થોડું નિયંત્રણ છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# 'પાણીદાર' સત્તાધીશોના રાજમાં પાણી વગરના ફુવારા કરે છે પોકાર....




શહેરમાં કાળઝાળ ઉનાળાની ગરમી શરૂ થઈ ગઈ છે. ચાર રસ્તે ટ્રાફિક સિગ્નલ પાસે અમુક સેકન્ડ સુધી પણ ઉભા રહેવાય તેમ નથી એવી ગરમીમાં જો જાહેર માર્ગ પર પાણીના ફુવારામાંથી પાણી ઉડતું હોય તે ખળ-ખળ વહેતું હોય ત્યારે તે કોઈના મનને ઠંડક મળી શકે આ ઉપરાંત પાણીના ફુવારાથી આસપાસનો વાતાવરણ પણ ઠંડક આપતું હોય છે. કોર્પોરેશન દ્વારા લાખો રૂપિયાના ખર્ચે ઠેર-ઠેર આઈકોનિક પાણીના ફુવારા બનાવવામાં તો આવ્યા પરંતુ પાણીના અભાવે આ ફુવારા નિર્જન સુમસામ અને સુખાભઠ લાગી રહ્યાં છે. સુભાષચોકમાં સુભાષચંદ્ર બોઝની પ્રતિમાની સાથે જ એક ફુવારો પણ જોડાયેલો છે આ ફુવારો છેલ્લા ઘણા સમયથી ભંગાર હાલતમાં છે જાણે કે આ ફુવારો માલ-સામાન મુકવાની જગ્યા હોય તેમ તેમાં બોર્ડ બેનરો મુકવામાં આવ્યા છે. જાહેર ફુવારા શહેરની શોભામાં અભિવૃદ્ધિ પર કરતા હોય છે. રાતના સમયે ફુવારા પર રંગબેરંગી લાઈટિંગનો પ્રકાશ ઝબુક-ઝબુક થતો હોય ત્યારે લોકોને ટાઢક આપે છે. ફુવારા તૈયાર છે માત્ર પાણી પુરવઠાની જરૂર છે. નાગરિકોની અભિલાષા છે કે, પાણીદાર સત્તાધીશ ફુવારામાં પાણીનો પુરવઠો ચાલુ કરે તો ઉનાળામાં તે જોઈને હાશકારો થાય....













## કોંગ્રેસ નેતા જ્યોર્જ ડાયસનો દાવો- બ્રિજ બનાવવામાં ભ્રષ્ટાચાર થયો છે તે સાચુ પડ્યું

# લોકોની જાહેર સલામતી માટે આખરે હાટકેશ્વર બ્રિજને તોડી પાડવામાં આવશે


■ સત્તાધીશોની તપાસમાં પણ આ બ્રિજ ટકી શકે તેમ નથી એવુ પુરવાર થયું

ગુજરાત | વંદન

શહેરના પૂર્વ વિસ્તારમાં ખોખરા-હાટકેશ્વર ખાતે ટ્રાફીકની સરળતા હેતુ બનાવવામાં આવેલ હાટકેશ્વર બ્રિજ ( છત્રપતિ શિવાજી બ્રિજ) હલકી ગુણવતાનું બન્યુ હોવાનું પુરવાર થતાં છેવટે આ પુલને તોડી પાડવાનો નિર્ણય લેવાયો હોવાનો દાવો કોંગ્રેસના નેતા જ્યોર્જ ડાયસે કર્યો છે.


આ બ્રિજ બનાવવામાં કટકી કાંડ થયું છે તેમ શરુઆતથી દાવો કરનાર કોંગ્રેસના સ્થાનિક નેતા જ્યોર્જ ડાયસની અનેક રજુઆતોના પગલે બ્રિજની ગુણવતા બાબતે તપાસ કર્યા બાદ કોર્પોરેશનના સત્તાધીશો સમક્ષ એવા પુરાવા આવ્યા કે જેમા પુરવાર થયુ કે આ બ્રિજ ડીઝાઈન અને ગુણવતાં પ્રમાણે બન્યુ નથી તેના પરથી ભારે વાહનો પસાર થાય તો પુલ તૂટી પડે એ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને છેવટે કોર્પોરેશનના સત્તાધીશો દ્વારા જાહેર સલામતી માટે તેને તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે અને સોમવારે આ અંગેની સત્તાવાર જાહેરાત થઈ શકે તેમ છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, 5 વર્ષની ઉંમરનો બ્રિજ એટલો નબળો પડી ગયો કે તેમાં થયેલા

...અનુસંધાન પેજ નં. 6 પર




# તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ભૂતિયા સ્કૂલોની માંગમાં વધારો

■ કારણ કે, વિદ્યાર્થીઓ શાળાએ જવાને બદલે NEET-JEEની તૈયારીમાં વધુ ધ્યાન આપે છે



ગુજરાત | વંદન

અમદાવાદમાં શિક્ષણ ક્ષેત્રે એક નવી વિચિત્ર પ્રથા જોવા મળી રહી છે. હોશિયાર વિદ્યાર્થી ફરજીયાત હાજરી હોય એવી શાળામાં જવાને બદલે બેનામી શાળામાં પ્રવેશ લઈ રહ્યાં છે કે જેથી તેઓ મેડિકલ-એન્જિનિયરિંગ ફેકલ્ટીમાં જવા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી સારી રીતે કરી શકે.શહેરની જાણીતી સ્કૂલોમાં છેલ્લા કેટલાક સમયથી સાયન્સના સ્ટૂડન્ટ્સ ઘટી રહ્યા છે. જોકે, તેનો મતલબ એવો નથી કે દસમા ધોરણ બાદ સાયન્સ લેનારા સ્ટૂડન્ટ્સની સંખ્યા ઘટી રહી છે. વિદ્યાર્થીઓમાં હવે રેગ્યુલર સ્કૂલને બદલે ભૂતિયા સ્કૂલોમાં ધોરણ 11 સાયન્સમાં એડમિશન લેવાનો ક્રેઝ વધી રહ્યો છે. આવી સ્કૂલોમાં તેમને રોજેરોજ જવાની જરૂર નથી હોતી, અને કાગળ પર તેમની ફુલ અટેન્ડન્સ પણ બતાવી દેવાય છે, જેના કારણે બોર્ડની પરીક્ષા આપવામાં પણ કોઈ સમસ્યા નથી થતી. સ્ટૂડન્ટ્સ સ્કૂલે જવાને બદલે NEET કે પછી JEEની તૈયારીમાં વધુ ધ્યાન આપે છે, અને તેના કારણે બોગસ સ્કૂલોની ડિમાન્ડ પણ વધી રહી છે.

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલી રચના સ્કૂલમાં 2022માં ધોરણ 11 અને 12 સાયન્સના ક્લાસ બંધ કરી દેવાની ફરજ પડી હતી, જેનું કારણ હતું વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા. તે જ રીતે ઉદગમ સ્કૂલમાં પણ ધોરણ 11 અને 12ના સાયન્સના વર્ગોની સંખ્યા અડધી કરી દેવાઈ છે. પહેલા સ્કૂલમાં બંને ધોરણના 4-4 ક્લાસ ચાલતા હતા, જ્યારે હવે માત્ર બે ક્લાસ ચાલે છે. સ્કૂલના ટ્રસ્ટી મનન ચોક્સીનું માનીએ તો તેમને સાયન્સના વર્ગો શરૂ કરવાની પરમિશન મળી ગઈ હતી, પરંતુ સ્ટૂડન્ટ્સની સંખ્યા ઓછી હોવાના કારણે એક સ્કૂલમાં તેમને વર્ગ ઓછા કરવા પડ્યા છે જ્યારે બીજી સ્કૂલમાં બે વર્ષથી સાયન્સના વર્ગ શરૂ જ નથી કરી શકાયા. તેમાંય ચાલુ વર્ષે તો ધોરણ 10માં પાસ થનારા 320માંથી માત્ર 152 સ્ટૂડન્ટ્સે જ 11 સાયન્સમાં


...અનુસંધાન પેજ નં. 6 પર

## લાઇફ સેવિંગ કિટ, સીસીટીવી,લાઇટીંગ તેમજ ડીજે સાઉન્ડની વ્યવસ્થા

# રિવરફ્રન્ટનું નવું આકર્ષણ: તરતી રેસ્ટોરન્ટની મોજ માણો

■ ફ્લોટિંગ રેસ્ટોરન્ટમાં એક સાથે 125થી 150 લોકો બેસી શકશે

ગુજરાત | વંદન



સાબરમતી નદીમાં ફ્લોટિંગ રેસ્ટોરન્ટને તરતી મુકવામાં આવી છે. આગામી એક મહિના સુધી અલગ-અલગ પરીક્ષણ કરવામાં આવશે. ત્યાર બાદ તમામ પરીક્ષણમાંથી પસાર થયા બાદ ફ્લોટિંગ રેસ્ટોરન્ટ શરૂઆત કરવામાં આવશે. સાબરમતી રિવરફ્રન્ટ બોર્ડ દ્વારા અનેક નવા પ્રકલ્પ મુકવામાં આવ્યા છે. તેમાં વધુ એક નવું નજરાણુ ઉમેરવામાં આવ્યું છે. જે આવનાર સમયમાં સાબરમતી રિવરફ્રન્ટની યશ કલગીમાં વધારો થશે.

લોકોને રિવરફ્રન્ટ પર આવવા અને મનોરંજન માટે એક વધુ નજરાણું ઉમેરાવવા જઈ રહ્યો છે. સાબરમતી નદીમાં ફ્લોટિંગ રેસ્ટોરન્ટને તરતી મુકવામાં આવી છે. આગામી સમયમાં તેની શરૂઆત કરવામાં આવશે. આ ફ્લોટિંગ રેસ્ટોરન્ટને બે ક્રેઈનની મદદથી પાણીમાં ઉતારવામાં આવી હતી, ત્યારે મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના પદાધિકારીઓ

...અનુસંધાન પેજ નં. 6 પર

## અગાઉ 17 એપ્રિલે હાજરી આપવાના હતા, જે પ્રવાસ રદ થયો

# PM મોદી 26મીએ ગુજરાતના પ્રવાસે, સૌરાષ્ટ્ર-તમિલ કાર્યક્રમ આપશે હાજરી

ગુજરાત | વંદન


ફાઈલ ફોટો

વડાપ્રધાન મોદી આગામી 26 એપ્રિલે ગુજરાત પ્રવાસે આવશે. જોકે અગાઉ તે 17 એપ્રિલએ આવવાના હતા પરંતુ તેમનો આ પ્રવાસ રદ થયો હતો. તેઓ ગીર સોમનાથમાં તમિલ સંગમનો પ્રારંભ કરાવવાના હતા પરંતુ હવે તેઓ 26 એપ્રિલે આ કાર્યક્રમમાં ભાગ લેશે. સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ કાર્યક્રમમાં 17 એપ્રિલે રક્ષામંત્રી રાજનાથ સિંહ હાજરી આપશે.

મોદી 17 એપ્રિલે ફોરેન ડેલિગેશન સાથે બેઠક હોવાથી તેમજ કર્ણાટક ચૂંટણીના કારણે તેમનો આ પ્રવાસ રદ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ચેન્નઈ ખાતે ગત 19મી માર્ચે આ સૌરાષ્ટ્ર તમિલ સંગમની જાહેરાત કરી તેના લોગો, થીમ સોન્ગ અને રજીસ્ટ્રેશન પોર્ટલનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલ લોન્ચ થયાના 24 કલાકમા 10 હજારથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરી આ સંગમને સારો પ્રતિસાદ આપ્યો હતો. 17 એપ્રિલે તમિલ સંગમનો કાર્યક્રમ યથાવત રહેશે અને તેમાં રાજનાથ સિંહ હાજરી

...અનુસંધાન પેજ નં. 6 પર

# નમો...નમો...નમો અગેઇન....





લોકસભાની આગામી ચૂંટણીઓ 2024માં યોજાવવાની છે હમેશા ઈલેક્શન મોડમાં રહેનાર ભાજપ દ્વારા તેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તસ્વીરમાં દેખાય છે તેમ ભારતમાતાનો નક્શો બનાવીને નમો અગેઈન 2024 એવું સુત્ર વહેતુ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં લોકસભાની 26 બેઠકો છે. 2014 અને 2019 એમ બન્ને ચૂંટણીઓ વખતે ભાજપે તમામે-તમામ બેઠકો જીતી હતી. આ વખતે પણ ભાજપે તમામ 26 બેઠકો ઓછી સરસાઈથી નહીં પણ એક-એક બેઠક પાંચ-પાંચ લાખની સરસાઈથી જીતવાનો લક્ષ્યાંક જાહેર કર્યો છે.

તસ્વીર : મૌર્ય ભાગ્યવાન

## ડમી વિદ્યાર્થીઓના નામ છૂપાવવા માટે

# યુવરાજસિંહ પર લાગ્યો પૈસા લેવાનો આરોપ, કહ્યું પાયાવિહોણી વાતો

ગુજરાત | વંદન



ભાવનગરમાં ડમીકાંડ મામલે પોલીસ છેલ્લા ત્રણ દિવસથી તપાસ કરી રહી છે. આ મામલે હવે મોટા સમાચાર મળી રહ્યા છે અને ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. યુવરાજસિહ સામે ગંભીર આરોપ લાગાડવામાં આવ્યા છે. યુવરાજસિંહ પર નામ ન લેવા માટે રુપિયા લીધાનો આરોપ લગાવવામાં આવ્યો ...અનુસંધાન પેજ નં. 6 પર

## કોંગ્રેસ પછી હવે આપ પાર્ટીનો વારો

# 6 ઉપરાંત અન્ય કોર્પોરેટરો પણ BJPમાં જોડાય તેવી શક્યતા

ગુજરાત | વંદન

આપ પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કરેલા ગંભીર આરોપોના પગલે ભાજપે કેજરીવાલને આંચકો આપવા સુરત મ્યુનિ. કોર્પોરેશનમાં આપ પાર્ટીના વધુ 6 કોર્પોરેટરને ભાજપમાં પ્રવેશ આપ્યો છે. કુલ 27 કોર્પોરેટરોમાં આપ પાર્ટીમાંથી જીત્યા હતા. કેજરીવાલ પોતાને પ્રમાણીક અને ઈમાનદાર ગણાવે છે પરન્તુ તેમના જ પક્ષના કોર્પોરેટરો કોંગ્રેસની જેમ ભાજપમાં જોડાઈ રહ્યાં છે.

સુરત આમ આદમી પાર્ટીના છ જેટલા કોર્પોરેટરો ભાજપમાં સામેલ થયા છે. ભાજપના કાર્યાલય ખાતે આમ આદમી પાર્ટીના તમામ કોર્પોરેટરો પહોંચી ગયા છે. આ અગાઉ પણ ચાર જેટલા કોર્પોરેટરો ભાજપમાં જોડાયા હતા. હવે નવા છ કોર્પોરેટરો જોડાયા છે એટલે કુલ 10 જેટલા આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો ભાજપમાં જોડાયા છે. સુરતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. સુરત આમ

...અનુસંધાન પેજ નં. 6 પર

## અમદાવાદના વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવી

# 2.69 કરોડ રૂપિયા પડવનાર ગેંગના સાગરીતો ઝડપાયા

ગુજરાત | વંદન




અમદાવાદમાં હાલમાં વીડિયો કોલ કરીને વર્ચ્યૂઅલ સેક્સની જાળમાં ફસાવીને લોકોને બદનામ કરવાની ધમકીઓ આપી તેમની પાસેથી પૈસા પડાવવાનું તેમજ પાર્ટ ટાઈમ જોબના નામે પૈસા ભરાવીન છેતરપિંડી આચરતાં મેવાતી ગેંગના સભ્યોની રાજસ્થાન અને હરિયાણાના વિસ્તારોમાં ઓપરેશન હાથ ધરીને પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ પાંચ આરોપીઓમાંથી બે આરોપીઓ એવા છે જેમણે અમદાવાદના વૃદ્ધ વેપારીને વર્ચ્યુઅલ સેક્સની જાળમાં ફસાવીને 2.69 કરોડ પડાવી લીધા હતાં.

સાઈબર ક્રાઈમની ટીમે આ પ્રકારના ગુનાઓની માહિતી મળતાં રાજસ્થાનના ભરતપુર તથા હરિયાણાના મેવાત વિસ્તારમાં ખાસ પ્રકારનું ઓપરેશન હાથ ધર્યુ હતું. આ ટીમ એક અઠવાડિયા સુધી જુદા જુદા વેશમાં ફરતી હતી અને આરોપીઓને પકડવા માટે પ્રયાસો કરતી હતી. આખરે આ ટીમે અમદાવાદમાં બનેલા ગુનાઓમાં સંડોવાયેલા પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા હતાં. જેમાં અમદાવાદના નારણપુરા વિસ્તારમાં એર કોમ્પ્રેસર ખરીદવાના બહાને 6 લાખ પડાવવાનો ગુનો, નિકોલમાં વર્કફ્રોમ હોમના નામે 9 હજાર પડાવી લેવાનો ગુનો અને વૃદ્ધ વેપારી પાસેથી વર્ચ્યુઅલ સેક્સના નામે 2.69 પડાવનાર આરોપીઓ સામેલ હતાં.

ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ રાજસ્થાનના તાહિર ખાન તથા એક કિશોર, હરિયાણામાંથી ઈરશાદખાન, રાજસ્થાનમાંથી ભવરિયા ઉર્ફે સાદિલ અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સહિત પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા હતાં. આ લોકોને પકડતાં પહેલાં ક્રાઈમ બ્રાંચે જરૂરી કેસની ટેકનિકલ ડિટેલ મંગાવીને તેની તપાસ હાથ ધરી હતી અને આ આરોપીઓ રાજસ્થાન અને હરિયાણાના હોવાનું સામે આવ્યું હતું. જેમને પકડવા માટે ક્રાઈમ બ્રાંચ અને એસઓજીના પોલીસ કર્મીઓ રાજસ્થાન અને હરિયાણા ગયાં હતાં.

# બાગેશ્વરધામના ધિરેન્દ્ર શાસ્ત્રી 25 મેના રોજ અમદાવાદ આવશે

ગુજરાત | વંદન



સનાતન ધર્મ સભા, દરબારમાં ચમત્કારો અને વિવાદાસ્પદ નિવેદનોથી ચર્ચામાં રહેનારા બાગેશ્વર ધામ સરકારના ધિરેન્દ્ર શાસ્ત્રી 25 મેના રોજ આવી રહ્યા છે. આ અંગે વિતગવાર માહિતી આપતા શિવકૃપા મિત્ર મંડળના પ્રમુખ કમલાકર સિંહે જણાવ્યું કે, "અમદાવાદમાં વટવા ખાતે 17 મેથી 25 મે, 2023 દરમિયાન શ્રી શિવમહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમના પૂર્ણાહુતિના છેલ્લા દિવસ 25 મે, 2023ના રોજ બાગેશ્વર ધામ સરકારના પીઠાધીશ્વર ધિરેન્દ્ર શાસ્ત્રી મહારાજ આવી રહ્યા છે.